# પત્ર વૈભવ

સંકલન :-
સા. શ્રી ગુપ્તિત્રયાશ્રીજી



# ગુરૂવંદના



પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ.સા.
(પૂ.બાપજી મ.સા.)



વર્ધમાન તપોનિધિ
પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજયભદ્રંકરસૂરીશ્વરજી મ.સા.

# પત્રવૈભવ

સંકલન

સા. શ્રી ગુપ્તિત્રયાશ્રીજી

મુખ્ય પ્રાપ્તિસ્થાન

**જૈનમ્ પરિવાર**

22, નાકોડા પાર્ક, સીનેપ્રાઈડ ટોકીઝની નજીક

કૃષ્ણનગર, નરોડા રોડ, અમદાવાદ-380 009

ફોન : 8980121712

**Patravaibhav**
સંકલન : **સા. શ્રી ગુપ્તિત્રયાશ્રીજી**
Jainam Parivar - Ahmedabad

**આવૃત્તિ :** પ્રથમ, ૨૦૨૦
**કિંમત : રૂ. ૬૦ = ૦૦**

**પ્રકાશક :**
**જૈનમ્ પરિવાર**
22, નાકોડા પાર્ક, સીનેપ્રાઈડ ટોકીઝની નજીક
કૃષ્ણનગર, નરોડા રોડ, અમદાવાદ-380 009
ફોન : 8980121712
E-mail : jainamparivar@gmail.com

**ટાઈપસેટિંગ :**
**ટાઈપોગ્રાફિક્સ**, અમદાવાદ.
(મો) ૯૮૭૯૦૯૦૫૭૫

**મુદ્રક :**
**યુનિક ઑફસેટ**, અમદાવાદ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | સુખ - દુઃખ | ૧ |
| ૨. | મન | ૨ |
| ૩. | વાસ્તવિકતા | ૫ |
| ૪. | સુવાક્ય | ૧૨ |
| ૫. | ઉચિત આચરણ | ૧૮ |
| ૬. | પ્રેમ | ૩૩ |
| ૭. | ધર્મ | ૩૪ |
| ૮. | કર્મ | ૩૫ |
| ૯. | સહિષ્ણુતા | ૩૭ |
| ૧૦. | પરમાત્માભક્તિ | ૩૮ |
| ૧૧. | વૈરાગ્ય | ૪૨ |
| ૧૨. | તપ | ૪૮ |
| ૧૩. | જ્ઞાન | ૪૮ |
| ૧૪. | કટાક્ષ | ૪૯ |
| ૧૫. | શ્રદ્ધા - સમર્પણ | ૪૯ |
| ૧૬. | ગુરુ સમર્પણ | ૫૨ |
| ૧૭. | પાપ - કુસંસ્કાર | ૫૬ |
| ૧૮. | સત્ત્વ | ૫૮ |
| ૧૯. | અધ્યાત્મ | ૫૯ |
| ૨૦. | આત્મચિંતન | ૬૨ |
| ૨૧. | પુણ્ય | ૭૬ |
| ૨૨. | શુભભાવના | ૭૬ |
| ૨૩. | સંબંધ | ૭૭ |
| ૨૪. | કૃતજ્ઞતા | ૭૯ |
| ૨૫. | અહંકાર | ૭૯ |
| ૨૬. | સંકલ્પ - મૈત્રીભાવ | ૭૯ |
| ૨૭. | સંવેદના | ૭૯ |
| ૨૮. | સમાધિ | ૮૧ |
| ૨૯. | આસક્તિ | ૮૨ |
| ૩૦. | જનરલ | ૮૩ |

# માઇલસ્ટોન

રસ્તામાં ભૂલા પડેલાને સાચા માર્ગે પહોંચાડવાનું કામ કરે છે માઈલસ્ટોન, સાચા રસ્તે ધીમી પડી ગયેલ ગાડીને ફરીથી સ્પીડ પકડાવી લક્ષ્યસ્થાને પહોંચાડવાનું કામ કરે છે માઈલસ્ટોન. જંગલમાં ભૂલા પડેલાને રાહ ચીંધે છે ગાઈડ, પણ ગાઈડ ક્વચિત્ મળે જ્યારે માઈલસ્ટોન સતત સાથે રહેતું  તત્ત્વ છે. દેવગુરુ ગાઈડના સ્થાને છે અને દેવગુરુના વચનો માઈલસ્ટોનના સ્થાને છે. દેંવગુરુનું સાંનિધ્ય કાયમ સાથે જ રહે તે શક્ય નથી ત્યારે માઈલસ્ટોન તુલ્ય તેમના વચનો તો હંમેશાં સાચો માર્ગ દેખાડતા જ રહે છે, પ્રભુવીર પૃથ્વી તલ પર ૭૨ વર્ષ રહ્યા જ્યારે તેમના વચનો તો ૨૧૦૦૦ વર્ષ સુધી રાહ ચીંધવાનું કાર્ય કરતા રહેશે....

રોહીણીયાની ઉન્માર્ગે ચાલતી ગાડીને સન્માર્ગ પર લાવવાનું કાર્ય સદ્‌વચનોએ જ કર્યું તો ઠંડી પડી ગયેલી મેઘકુમારની ગાડીમાં જોમ પૂરવાનું કાર્ય પણ સદ્‌વચનો એ જ કર્યું.

જીવનના પ્રત્યેક સ્તરે મૂંઝવતા અનેક પ્રશ્નોનું સમાધાન આ માઈલસ્ટોન તુલ્ય સદ્‌વચનોમાંથી મળે છે. જીવનમાં સદ્‌ગુરુ અને સદ્‌કલ્યાણ મિત્રના અભાવમાં જીવન ઉન્માર્ગે ખેંચાઈ ન જાય તે માટે સદ્‌વચનોના સંપર્કમાં સતત રહેવું જોઈએ અને સહજ રીતે સદ્‌વચનો આપણા આત્મામાં ખૂટતા ગુણોની પૂર્તિ કરી આપણને વધુ ને વધુ આગળ વધારતા જ રહે છે. ભૂલ કરો ત્યારે ગુરુ હાથ પકડીને રોકી શકે છે – ઠપકો આપી વાળી શકે છે જ્યારે આ - સદ્‌વચનોના સમાગમમાં તમે રહો તો તારે-વારે અને ઉગારે માટે સતત સદ્‌વચનોના સમાગમમાં રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

વિશેષ કરી પરમ પૂજ્ય સહસ્રકૂટ તપારાધક આચાર્યભગવંત શ્રીમદ્ વિજય **સંયમબોધિ સૂ.મ.સા.**, પૂ. મુ. **કૃપાબોધિ વિ.** તથા અન્ય ગુરુભગવંતો દ્વારા આલેખાયેલા અને માઈલસ્ટોન બની ઘણાની જીવનગાડીને સન્માર્ગે લઈ આવનારા તે સદ્‌વચનોના છુટાછવાયા મોતીઓને પૂ. બાપજી મ.સા.ના સમુદાયના સા. શ્રી **જ્યોતિરત્નાશ્રીજી** મ.સા.ના શિષ્યા સા.શ્રી **ગુપ્તિત્રયાશ્રીજી** મ.સા.એ પત્રવૈભવ તથા વાચનાવૈભવની બે માળામાં ખૂબ જ ઉલ્લાસથી ગુંથી આપ્યા છે, તેમની આ શ્રુતભક્તિને વંદના.

અંતે સૌ કોઈ આ સદ્‌વચનોના મોતીઓને માત્ર જોવાની કે સ્પર્શવાની જગ્યાએ તેને મસ્તક પર, કંઠ પર કે હૃદય પર કાયમ માટે સ્થાપિત કરી જીવનને શણગારનારા બને તે જ મંગલ અભ્યર્થના.

જૈનમ્ પરિવાર
ટ્રસ્ટીગણના
પ્રણામ !

## (સુખ-દુઃખ)

◆ કેટલીક વ્યક્તિઓ જ્યાં જાય ત્યાં એકલી જ જતી હોય છે, જ્યારે કેટલીક વ્યક્તિઓ જ્યાં જાય ત્યાં સપરિવાર જ જતી હોય છે. આપત્તિ બીજા નંબરની વ્યક્તિ છે, પણ જેમ મહેમાન અને સ્વપ્ન લાંબા ટકતા નથી તેમ આપત્તિ પણ લાંબો સમય ટકતી નથી. તેથી તેને ધીરતા, સહનશીલતા, સમતા, સમાધિ દ્વારા ભોગવવી જોઈએ.

◆ કોઈપણ ધર્મ સાધના, સુખ આપે જ એવી ગેરંટી નથી હોતી, પરંતુ આત્મામાં ગુણ તો પેદા કરે જ... દુઃખ જાય કે ન જાય, દોષને તો રવાના કરે જ. આમ, ધર્મની સફળતા કે નિષ્ફળતા આત્માના દોષ કેટલા ઘટ્યા તેના પર આધાર રાખે છે. આપણે સૌએ નહીં ધારેલા પાપો કર્યા છે અને તેનાથી બંધાયેલા અતિચીકણા કર્મો તો હજી ઉદયમાં આવવાના ઊભા છે. જેટલો સમય સુખની અનુભૂતિ થાય, તેટલો સમય આપણી હાલત પેરોલ પર છુટેલા કેદી જેવી છે. એ ભલે મુક્તિનો, સુખનો આનંદ માણતો હોય, પણ મનમાં સમજે કે મુદત પૂરી થયે જેલમાં એ જ ચક્કી પિસવાની છે. એમ સુખ પાછળ દુઃખ આવવાનું જ હોય છે.

◆ સ્વજનોએ કરેલો (દેખાતો) અન્યાય એ કર્મસત્તાના ચોપડે ન્યાય જ હોય. બીજું, વસ્તુ સાચવવી મહત્ત્વની કે વ્યક્તિ સાચવવી તે મહત્વની ? ભાગલામાં થતો ઝઘડો કદાચ વસ્તુ અપાવી દેશે, વ્યક્તિઓથી કાયમ માટે દૂર કરી દેશે. આ નુકસાન વધુ ભયંકર છે. પુણ્યના બળ પર જેને શ્રદ્ધા છે તે આવા ક્ષુલ્લક ઝઘડામાં કદીય ન પડે.

◆ બીજને મળતું સતત પાણી એને સડાવી નાખે.

પાણીની ગેરહાજરીમાં સતત તડકો બાળી નાખે.

એમ જીવને મળતું એકલું સુખ-સ્વાર્થી, સુખશીલ, નબળો બનાવે, એકલું દુઃખ સંઘર્ષશીલ, શંકાશીલ અને દીન બનાવે માટે બંનેનો સંયોગ થોડું સુખ, થોડું દુઃખ બંને જોઈએ.

- સુખ મેળવીને અને ભોગવીને પાપી બનવું કે દુઃખ સહીને નિર્મળ બનવું - આ બે વિકલ્પમાં તમને કયો વિકલ્પ કલ્યાણકારી લાગે છે ? સુખ મળે એ પુણ્યોદય પણ સુખ ભોગવવાની ઈચ્છા થાય એ પાપોદય. દુઃખ આવે એ પાપોદય. પણ દુઃખને સમતાભાવે સહન કરી લેવાની ઈચ્છા અને સહન કરવું એ પુણ્યબંધ અને કર્મનિર્જરા કરાવે. આવો પ્રભુશાસનનો સિદ્ધાંત સતત નજર સામે રાખી પ્રસન્નતાપૂર્વક જીવવાની ઝિંદાદિલી કેળવશો તો જિંદગીની અને મનની દિશા ફરશે અને જીવવાની મજા આવશે.

## (મન)

- કોઈપણ સિદ્ધિ કસોટીમાં પસાર થયા વગર, સાધના કર્યા વગર મળતી નથી અને એ કસોટી વખતે હૃદયમાં શ્રદ્ધા, મનમાં સમાધિ સ્વસ્થતા અને જીવનમાં પુરુષાર્થ હોય તો ગમે તેવી કસોટીને પાર કરી શકીએ છીએ.
- રોગ શરીરમાં પેદા થાય ત્યાં સુધી એ ભયજનક નથી બનતો, પરંતુ એ રોગ મનમાં ઘુસી જાય ત્યારે જ એ ભયજનક બને છે.
- મનની શક્તિથી જીવ સંસાર સર્જી શકે છે, મનની શક્તિથી જીવ મોક્ષમાં પણ જઈ શકે છે.
- ગમે તેવી પરિસ્થિતિ (આર્થિક, સામાજિક, કૌટુંબિક, વ્યવહારિક) વચ્ચે પણ મનમાં દુર્ભાવ પેદા ન થવા દેવો... કર્મનો બોજ ભારેખમ ઉભો કર્યો છે તેને દૂર કરવામાં કષ્ટ તો આવવાનું જ છે, પરંતુ એ કષ્ટ દુઃખ ન બની જાય એમ કરવાની તાકાત આપણા જ હાથમાં છે. મનને સ્વસ્થ, સ્વચ્છ અને સરળ બનાવવું, જેનું મન સરળ એનું જીવન સરળ.
- પ્રતિકૂળ પરિસ્થિતિને મન પર લેવાથી કોઈ જ ફેર પડતો નથી. પરંતુ સંક્લેશ કરવાથી વાતાવરણ, મન અને આત્મા જ બગડવાના. દુનિયાનો નિયમ છે કે રડતાને બે પાટુ વધારે મારવા, જ્યારે હસતા રહેનારને સમય આવ્યે યોગ્ય રીતે જવાબ આપી દેનારને જ દુનિયા માન આપે છે.
- ભય, ચિંતા, સંક્લેશ અને અવિશ્વાસ તમારી અંદરની શક્તિને ખતમ

કરી દે છે. માટે પ્રસન્ન, નિશ્ચિંત, નિર્ભય અને આત્મવિશ્વાસુ બનો. મનની શક્તિ ખીલશે તો ઓછા સમયમાં વધુ પરિણામ મેળવી શકાશે. આપણા વ્યવહારની નાની શી ખામી અન્યના હૃદયને ઠેસ પહોંચાડતી હોય તો તે બદલી દેવી જેથી સ્વ-પરને પ્રસન્નતા મળી રહે. કોઈના પર અતિ-આધારિત ન બનવું કે અતડાં પણ ન બનવું પરંતુ મધ્યમકક્ષાનો વ્યવહાર કરવો, એટલે કે વધારે વળગવાનું પણ નહીં કે ઔચિત્ય ચૂકવાનું પણ નહીં. દરેક વ્યક્તિ છદ્મસ્થ છે એટલે માનવસહજ નબળાઈઓ રહેવાની જ. એને બહુમાનપૂર્વક સ્વીકારવી જોઈએ. બીજા પર આધારિત રહેતું મન અનેક નબળાઈઓનો ભોગ બની જતું હોય છે. માલીકીભાવ, સ્નેહરાગ અથવા કામરાગ, સંક્લેશમયતા... આદિ દોષો ઊભા થઈ જાય છે. જેના પર આધારિત હોવ એ તમારી ઈચ્છા મુજબ ન વર્તી શકે કે તમને જોઈતો સાથ ન આપી શકે એટલે એકલવાયાપણું, ઘેરી ઉદાસીનતા, બેચેની, જીવન પ્રત્યે નિરસતા, અતિ ખરાબ વિચારો, ડિપ્રેશન આદિ આવી જાય છે. તો શું આપણું જીવન, આપણો સમય એટલો બધો સસ્તો છે કે સાવ નિરર્થક ભૂમિમાં ફેંકી દેવી ? સાધના માટે મળેલો સમય સંક્લેશમાં વેડફી નાંખવાનો ?

◆ મનઃસ્થિતિને મજબૂત બનાવવા એક વિશિષ્ટ લક્ષ્ય મગજમાં ફીટ કરી દો. તેના આધારે જીવનને ચલાવો. પછી જોજો, વચ્ચે આવતા સંયોગો હેરાન કરવામાં લાચાર બની જશે, આપણા જીવનનું મુખ્ય બળ બહારના સંબંધો નથી, અંદરની મજબૂતાઈ છે. એ વાતને સ્વીકારી લો તો રાગ-દ્વેષ ઘટી જશે.

◆ દીકરો અભણ પાકે, મુંગો-લૂલો-અંધો પાકે તો માને દુઃખ છે. પણ સ્વીકાર આવે પછી તેજ દીકરામાંથી કેટલા ગુણો (+ પોઈંટ) શોધે, સ્વીકારમાં હતાશા - નિરાશા - દીનતા છે જ નહીં. આપણે આપણા નબળા પુણ્યનો સ્વીકાર કર્યો નથી માટે જ હતાશા ઘેરી વળે છે, એકલવાયાપણુ લાગે છે, આપણું કોઈ નથી તેવું લાગે છે. આપણી પરિસ્થિતિ - દુઃખ કોઈકની સાથે શેર કરવાની ઈચ્છા થાય છે સ્વીકાર આવે તો આમાનું કશું જ ન આવે. બલ્કે હવે આગળ વધવા શું કરવું તેની જ મથામણ હોય. રોડપતિ

બની ચૂકેલ કરોડપતિ રડ્યા કરે, બળ્યા કરે તો ઊંચો ન આવે. મહેનત કરે તો કરોડપતિ પાછો બની શકે. માટે દુઃખોની ફરિયાદ, પુન્યની નબળાઈ, એકલપણાની ફરિયાદ, પોતાની જાતને વધારાનો માની નિંદા - મમત્વભાવ વધારવાની મૂર્ખતાની જગ્યાએ પુણ્ય વધારવાની મહેનત - સાધના વધારવાની ભાવના - સપનામાં મનને પરોવવું જોઈએ.

◆ શરીરની અશાતા અને મનની અસ્વસ્થતા બંનેમાં મનની અસ્વસ્થતા વધુ જોખમી છે. શરીર પરાધીન છે, મન સ્વાધીન છે તેથી મનની સ્વસ્થતાને સાચી સમજણ દ્વારા જાળવી શકાય છે. માટે અશાતાની ઉદયની અસરને સ્વસ્થતા દ્વારા ઓછી કરી શકાય તો જીવન પ્રસન્નતાદાયક બની રહે.

◆ કર્મના ઉદયો એનું કામ કરે જવાના... પગમાં કાંટો ન વાગે તે માટે આખી પૃથ્વીને ચામડે ન મઢાય. પરંતુ પગને જ ચામડાથી સુરક્ષીત કરી લેવાય. ભીંજાવુ ન હોય તો વરસાદને બંધ ન કરાવી શકાય, છત્રી કે રેઈનકોટ ઓઢીને જાતને ભીંજાતા બચાવી લેવાય. તેમ કર્મના ઉદયને અટકાવવા કે બદલાવવાના chances નહિંવત છે ત્યારે આપણે વિચારોની શુદ્ધિ અને સમ્યગ્ દિશા દ્વારા આપણા આત્માને સુરક્ષિત બનાવી દેવો જોઈએ. કર્મના ઉદયમાં પરિવર્તન શક્ય નથી પરંતુ કર્મના બંધમાં અશુભની અટકાયત અને શુભની વૃદ્ધિ કરતા રહેવાય, જે મનના સંકલેશને ટાળવાથી અને પ્રસન્નતાને વધારવાથી શક્ય બને.

◆ ઉત્તમ વિચાર, સાર્થક વિચાર અને સબળ વિચાર જ પ્રસન્નતાનું કારણ બની શકે છે. આપણે આપણા વિચારોને તપાસતા રહીએ કે ત્રણે કસોટીમાંથી પાસ થઈ શકે તેવા વિચારો કેટલા ? મુખ્યત્વે નિર્બળ વિચારધારાની ભૂમિકામાંથી બહાર આવી જવું. મને કાંઈ આવડતું નથી, મારો વિકાસ નથી, મારું ભવિષ્ય શું, મારું કોઈ નથી... આવા વિચારો અટકાવી દેવા. જો તમારી દૃષ્ટિએ વાસ્તવિકતા આ જ હોય તો પણ શું ?

◆ જે જગ્યાએ ઘા પડ્યો હોય ત્યાં વારંવાર હાથ ફેરવવાથી, જે દાંત પડી ગયો હોય ત્યાં વારંવાર જીભ ફેરવવાથી ફાયદો ખરો ? તેમ તમારી નબળાઈઓને વારંવાર મમળાવવાથી શું ફાયદો થશે ? તેના બદલે

ગૌરવપૂર્વક જે ક્ષેત્રમાં આગળ વધવું શક્ય છે ત્યાં જ વિશેષ ભાર આપી આગળ વધવાનું. એક વિષયમાં વધુમાં વધુ ઊંડા ઊતરવાથી પણ ઘણો લાભ થાય. શક્ય બને તો સંયોગોને જોઈ તે વિષય પણ જાતે જ નક્કી કરો, વડીલોની મહોર મરાવો અને દિલ દઈને મચી પડો.

- સમર્થ / શક્તિશાળીની સાથે સંબંધ બંધાય તે સારું છે પરંતુ ઔચિત્ય - વિવેક જાળવીને. આપણા હિતને ગૌણ કરીને માત્ર વિકાસલક્ષી સંબંધ જાળવવામાં ક્યાંક ગંભીર દુષ્પરિણામ ન આવી જાય તે વિચારવું. વિવેકપૂર્વક કેળવેલો સંબંધ ગુણોપાર્જન કરાવે છે, જ્યારે વિવેકહીન સંબંધ તે તે વ્યક્તિના દોષો આપણામાં સંક્રમાવી દેશે. જાગૃતિ, સાવધાની રાખવી. પુણ્યકર્મના ઉદયમાં મજબૂતાઈનો અનુભવ કરવો અને પાપકર્મના ઉદયમાં દીનતાનો અનુભવ કરવો એ અજ્ઞાનની ભૂમિકા છે. ગમે તે ભૂમિકામાં સ્વસ્થ રહેવું તે વૈરાગ્યની ભૂમિકા છે. આવો વૈરાગ્ય જીવનમાં દૃઢ બનાવી અધ્યાત્મની ઉત્તમોઉત્તમ ભૂમિકાને વરી જિનશાસનના આદર્શ બનવું.

- **મન અને મોહ** જ્યાં સુધી ભેગા હોય છે ત્યાં સુધી સર્વત્ર રાજકારણ રહેવાનું. એ રાજકારણનો કોઠો ભેદવાની કળા શીખી લેવાની. આપણે **રાજકારણ રમવું નહીં**, પણ રમવાની, ઉકેલવાની અને ભેદવાની **કળા તો શીખી જ રાખવી.** તેના માટે મગજ સ્વસ્થ, સૂક્ષ્મ, વિચારક, પરસ્વભાવનું જાણકાર, ચકોર અને શીઘ્ર વિચારક જોઈએ.

## (વાસ્તવિકતા)

- કરેલા કર્મો અમને કે તમને, કોઈને છોડતા નથી, તો બીજી હકીકત છે કે જે પાપ કર્યા હોય તેનાથી વધારે કષ્ટ આપવાની કોઈની તાકાત નથી. આ દુઃખોનો ક્યાંક તો અંત નિશ્ચિત હોય છે જ અને તે પણ સમાધિથી ભોગવીએ તો ટૂંકમાં જ.

- સૂર્યનો પ્રકાશ-ગરમી ખાબોચિયાને સુકવી શકે, સાગરને નહીં, આપણી શ્રદ્ધા, આપણું સત્વ, આપણી સહનશક્તિ અને આપણી આરાધના સાગર જેવા વિરાટ અને અનંત બની જાય તો દુનિયાની કોઈ તાકાત

આપણને દુઃખી ન કરી શકે, અરિહંત બનવાની આ જ શરત છે, અનંત શ્રદ્ધા, અનંત વ્યથા (દોષની) અને અનંત સાધના. દરેક વસ્તુને પોતાની મર્યાદા હોય છે, સુખને પણ અને દુઃખને પણ માત્ર આપણને ખબર નથી કે મર્યાદા ક્યાં સુધીની છે માટે આપણે અકળાઈએ છીએ. બાકી એ પણ પસાર થઈ જવાનું નિશ્ચિત છે.

◆ દેવું ભરપાઈ કરવા કાળી મજૂરી કરનારો માણસ દેવું ચૂકવાતાં થાકી જવા છતાં પ્રસન્ન હોય છે તેમ કર્મનું દેવું ચૂકવવા માટે વેઠવું પડતું કષ્ટ, સહન કરવી પડતી મુશ્કેલીઓ વચ્ચે પણ મન સ્વસ્થ રહેવું જોઈએ. કર્મના અનંત દેવામાંથી જેટલું ઓછું થાય તેટલી કમાણી જ છે.

◆ પરિસ્થિતિને ફેરવવાનું દરેક વખતે શક્ય નથી હોતું, તેથી પુરુષાર્થ કરવો આપણા હાથમાં છે, કદાચ જરૂરી છે પરંતુ ચિંતા કરવી એ જરૂરી નથી પણ મૂર્ખામી છે.

◆ ખુદ જે પરમાત્માએ શુદ્ધ થવા દુઃખો સહન કર્યા, એ જ પરમાત્મા આપણા દુઃખ ઓછા કરે કે ન કરે, પરંતુ એ દુઃખમાં લડવાની તાકાત તો આપે જ.

◆ કષ્ટો આજે આવ્યા છે, એનો મતલબ કે એના બીજ ભૂતકાળમાં વાવ્યા છે. અણસમજમાં કર્મ બાંધ્યા ભલે પરંતુ ભોગવતી વખતે સમજણની અવસ્થા મળી છે તો એને પણ હસતાં ભોગવી લઈએ તેમાં જ આપણી જીત છે.

◆ ૧ કરોડ ૮૦ લાખના મોતનું કારણ કોણિક-ચેડાનું યુદ્ધ, બબ્બે સાધુઓને નજર સામે બાળી નાખવાનો ગોશાળાનો પ્રસંગ આદિને પરમાત્માએ મધ્યસ્થભાવે માત્ર નિહાળ્યો જ હતો ને ? અંતે તો ભવિતવ્યતા બલીયસી એ દરેકે સ્વીકારવું જ પડતું હોય છે.

◆ વર્તમાનકાળની એક વિચિત્રતા છે કે કોઈપણ વ્યક્તિનો વિકાસ એકાંગી થતો હોય છે એટલે કે અમુક ક્ષેત્રમાં ખૂબ આગળ તો બાકીના ક્ષેત્રમાં મીંડું.

◆ અનિચ્છાએ પણ સંસારમાં અનેકવિધ શારીરિક-માનસિક કષ્ટો સતત

સહન કરવાનું થાય છે અને છતાં સંકલેશ-સંઘર્ષ અને કર્મબંધ ચાલુ રહે છે, તેના બદલે જો દિશા જ ફેરવાઈ જાય અને ઈચ્છાપૂર્વક કષ્ટોને વધાવી લઈ ઉત્તમગુરુ પાસે આરાધનામાં લાગી જવાય તો જિંદગી સફળ થઈ જાય.

◆ જેની સાથે અતિસ્નેહ કે વેરની ગાંઠ હોય તેઓ જુદા જુદા સ્વરૂપે બીજા ભવે મળી શકે.

◆ સફળતા અત્યંત સંદિગ્ધ હોય ત્યારે સંસારના પરિબળો વચ્ચે સંઘર્ષો કરીને શક્તિ વેડફવા કરતાં એ પણ આત્મકલ્યાણ માટે સહન કરવું અને સંઘર્ષ કરવો એમાં જ સમજદારી છે માટે સાત્વિકતા અને શ્રદ્ધાસંપન્નતાને કસોટીએ ચડાવી આત્મકલ્યાણના પંથે આગળ વધવું.

◆ બાળકના જન્મ પહેલા પ્રસૂતિની વેદના ભોગવવી જ પડે છે, ઇંટને ભઠ્ઠાનો તાપ, સોનાને અગ્નિનો દાહ સહન કરવો જ પડે છે તેમ વિરાટ કદમ ભરતા પહેલા માનસિક સંઘર્ષની ભૂમિકા પર આવવું જ પડે છે.

◆ આપણી પાસે જેટલી સમજણ છે એટલી જ સમજણ દરેક પાસે હોવી જ જોઈએ આવો આગ્રહ ન રાખી શકાય. સમજણના અનેક angles માંથી અલગ અલગ વ્યક્તિઓના angle અલગ અલગ હોઈ શકે છે અને તેથી તે પોતાની રીતે સાચી જ પ્રવૃત્તિ કરતા હોય છે. દરેક પાસે પોતાના reasons હોય છે. માટે આપણને યોગ્ય લાગતી પ્રવૃત્તિ કોઈ ન કરે કે અયોગ્ય લાગતી પ્રવૃત્તિ કોઈ કરે તો મનને સ્વસ્થ રાખવાની કળા શીખી લેવી જોઈએ.

◆ નાપાસ થવાના ડરે પરીક્ષા આપતા કોઈ અટકતું નથી, છૂટાછેડાના ડરે લગ્ન કરતા કોઈ પાછીપાની કરતું નથી તો 'નહીં ફાવે' નો ડર દીક્ષાજીવન માટે જ કેમ સતાવે છે ?

◆ કોઈ પણ સ્ત્રી લગ્ન પહેલા પારકા ઘરમાં કેમ ફાવશેની મૂંઝવણમાં હોય છે પણ ધીરે-ધીરે લાગણીશીલતા - મિલનસારપણું - સહાયક વૃત્તિ આદિથી કુટુંબ સાથે ભળી જાય છે તેમ દીક્ષા પહેલા મૂંઝવતી બધી મૂંઝવણો પરસ્પરની સહાય તથા ગુરુની કૃપાથી ઊકલી જાય છે." આપ ભલા તો જગ ભલા."

- સંસારમાં રહીને આરાધના કે ભક્તિ કરવાના દિવસો લાવવા બહુ કઠણ છે.
- સંસારમાં રહીને ગમે તેટલો ધર્મ કે ભક્તિ કરીએ તો પણ એ રાખના ઢગલામાં પડતા ઘી બરોબર છે કારણ કે સતત ચાલતા રહેતા પાપો, હિંસાઓ, ચિંતાઓ, સંકલેશના ઢગ વચ્ચે ધર્મ કેટલો અને કેવો હોય ? directly પાપો બંધ કરો તો પણ અનુમતિના, અવિરતિના, અનિવાર્ય જવાબદારી અને વ્યવહારના પાપો તો ઉભા જ છે. તેમાંથી તો કોઈ છટકી શકતું નથી.
- પોતાની ઉગ્ર સાધના દ્વારા આવનારા કર્મોદયોને ફેરવી શકાય છે અથવા ટાળી પણ શકાય છે.
- દીકરો પરિવારને સુખી કરવાના આશયથી કમાણી કરવા પરદેશ જાય તો તેને ત્યાગ કરવો નથી કહેવાતો તેમ તમને સહુને પણ આત્મકલ્યાણમાં જોડવાના આશયથી હાલ પ્રવજ્યાના માર્ગે આવી (જઈ) રહેલો સ્વજન ત્યાગ કરે છે તેમ ન કહેવાય.
- સંસારના તમામ વળગણો સુતરના તાતણાના બંધન જેવા હોય છે. નજર સામે હોય ત્યાં સુધી વિશેષ મમત્વ રહે, બાકી વિરહનો સમય વધે તેમ ટેવાઈ જવાય.
- ઉત્તમ આત્માઓ માત્ર આત્માની જ ચિંતા કરે, વિષયસુખની સતત વિચારણા કરે તે મધ્યમ, ધનની વિચારણા કરે તે અધમ અને પરની ચિંતા કરે તે અધમાધમ...
- વિજાતીય સાથેના દરેક સંબંધો લપસણા હોય છે. ક્યારે આકર્ષણ પેદા થાય અને મન ખેંચાઈ જાય તે કહેવાય નહીં. માત્ર અંતરથી શુદ્ધ હોઈએ એટલું જ નહીં, લોકવ્યવહારમાં પણ શુદ્ધ દેખાવું જરૂરી છે.
- કોઈપણ ક્ષેત્રે સક્ષમતા સાબિત કરવા માટે વચનની નહીં, ગુસ્સાની નહીં, કાર્યની જરૂર પડે છે. આડા-અવળા પરસ્પરના સંબંધો અંગેના સતત વિચારોથી મન નબળું પડે છે, મનની શિથિલતાથી શરીર શિથિલ બને છે, અને તેથી કાર્ય કરવામાં વધુ સમય જવાથી વધુ સમયમાં ઓછા કામ થાય છે અને તેથી પહોંચી ન વળવાની ગ્રંથિ બંધાય છે, મન નિર્મળ બને છે તો કાર્યઝડપ અને ચોકસાઈ વધે અને ઘણા બધા ક્ષેત્રોમાં પહોંચી વળાશે.

◆ અનંતા દોષોથી, કુસંસ્કારોથી, કર્મોથી ભરેલા આપણને કોઈને નબળા-હલકા-ઉતરતા-અધમ ગણવાનો અધિકાર શું ? એમના વિચિત્ર કર્મોના કારણે શિથિલતાનું સેવન કરવા છતાં વૈરાગ્ય-ગુણોમાં આપણાથી ચડિયાતા નહીં હોય એની ખાત્રી શું ? વળી, બીજાના જે દોષોની નિંદા કરતા હોઈએ પ્રાયઃદોષ તે પોતાનામાં આવ્યા વિના નથી રહેતો. કોઈ પણ સાધુની બાહ્ય અભ્યંતર વિકટ પરિસ્થિતિ અને સંયોગોનો આપણને ખ્યાલ નથી હોતો એટલે અન્યના જીવનમાં બાહ્ય રીતે દેખાતો શિથિલાચાર વિપરીત સંયોગોનું પણ પરિણામ હોઈ શકે.

◆ ડૂબતા માણસને તો જ તારી શકાય, જો એની બચવાની ઇચ્છા હોય અને કમ સે કમ હાથ પકડનારને સાથ આપવા તૈયાર હોય.

◆ ૪ કલાક પણ કાદવિયા ઘરમાં રહી ખરડાયા વગર રહી શકવું જો શક્ય નથી, પેટ્રોલ-ચિનગારી સાથે અને છતાં આગ ન લાગે એ સંભવિત નથી તો કુસંસ્કારોથી ભરેલો આત્મા કુનિમિત્તોની વચ્ચે રહે અને છતાં અશુદ્ધ ન બને તે પણ અસંભવ જેવું લાગે છે. સાપની નજીક જવાનું જોખમ કોઈ લેતું નથી જ્યારે સંસારમાં પાપોની વચ્ચે રહેવાનું જોખમ લેવાની બધા જ વાત કરે છે તે વિચિત્ર લાગે છે.

◆ સાધુ બનનાર તમામ પહેલેથી એકદમ સ્વસ્થ અને શુદ્ધ જ હોય છે, એવું નથી, અને એવું જ હોય તો પછી સાધના શું કરવાની ?

◆ સુરક્ષાની કાળજી અને નિર્બળતાનો ભય બે જુદા છે, કાળજી દરેક જગ્યાએ જોઈએ, પણ ભય તો ક્યાંય ન ચાલે.

◆ અનિત્ય-અશરણ-બોધિદુર્લભ-પ્રમોદ ભાવનાનું ચિંતન આત્મસાત કરવા પ્રયત્ન કરીએ તો મોહના તોફાનો ઓછા થાય છે.

◆ આયુષ્ય પૂરા થતા દેહ છૂટી જાય છે, પણ દેહભાવ છુટતો નથી. **દેહાસક્તિ** ક્રમશઃ પાતળી કરવા માટે ભગવંતની ભક્તિ અને આત્માની શરણાગતિ અનિવાર્ય છે.

- દરેક વ્યક્તિ એ પોસ્ટ-મેનના સ્થાને છે, ઘટના જણાવે છે, ઘટનાનું નિર્માણ કરતા નથી. આપણે આપણી પૂર્વભવમાં લખેલી ટપાલ આ ભવમાં વાંચીએ છીએ, જે બીજા વંચાવે છે.
- મહત્ત્વહીન વસ્તુને મહત્ત્વ આપીએ એટલે મહાન ચીજથી વિખૂટા પડી જઈએ છીએ.
- પ્રત્યેક ખુલાસા પછી ય મનમાં ઉભી થયેલી પ્રતિભા આંશિક રીતે ખંડિત થતી જ હોય છે.
- અન્યના આગળ જવાથી આપણા આત્માને ફાયદો છે કારણ કે તેના આશીર્વાદ મળે છે પણ ખરો ફાયદો ત્યારે થાય છે જ્યારે તેની અનુમોદના થાય અને તેનાથી જ આપણા અંતરાય તુટે છે.
- ભિખારીને જે કંઈ મળે છે તે ભીખમાં જ મળેલ હોય છે. કોઈ શ્રીમંતની ઉદારતાથી જ મળેલ છે. એટલે કે એની જોડે જે છે તે બધું બીજાનું જ છે. તેવી જ રીતે દેહાસક્તિ, વિચારો, વિષયો, ઈચ્છા, અભિમાન, વાસના, કષાય, આશાતનાથી ભરપૂર આપણને ક્યારેક જે શુભભાવ આવે છે તે દેવ-ગુરુની કૃપાથી મળેલ છે, આવે છે આથી તેનું અભિમાન ન હોય. બીજાની કૃપાથી મળેલ વસ્તુનું અભિમાન શી રીતે કરાય ?
- જે વસ્તુની કિંમત હોય તેમાં સારા-ખરાબ ભેદ પાડી શકાય. ધૂળની કંઈ કિંમત નથી, આથી તેના ભેદ જ ન પડાય, તેમ સંસારની પણ કંઈ કિંમત નથી. આથી તે સારો-ખરાબ તેવા ભેદ પાડી જ ન શકાય કારણ સંસાર ધૂળની જેમ અસાર છે.
- જે તત્વ પર, પદાર્થ પર આપણો અધિકાર ન હોય તે તત્વ આપણા કહ્યામાં રહે તે વિચારણા જ ખોટી છે. શરીર, મન, ઈન્દ્રિયો આદિ આપણા કહ્યામાં નથી તો અન્ય વ્યક્તિઓ આપણા કહ્યામાં ક્યાંથી રહે ? આથી અપેક્ષા, અધિકારભાવ ન રખાય.
- સાચું સુખ (૧) જે સ્વાધીન હોય (૨) કાયમી હોય (૩) ભેળસેળ રહિત હોય, જગતના કોઈ પણ પદાર્થો કે પુદ્ગલ સુખ ન આપી શકે, સુખ માત્ર આત્મામાં જ છે.

◆ જીવનમાં બે સત્ય છે : (૧) વિદ્યમાન સત્ય (૨) આત્મકલ્યાણકારી સત્ય જે દેખાય છે તે વિદ્યમાન સત્ય અને જે આત્માને કલ્યાણકારી હોય તે આત્મકલ્યાણકારી સત્ય.

◆ હવાથી બુઝાય માટે દીપકને સુરક્ષાની જરૂર છે. પણ જ્વાળામુખીને રક્ષણની જરૂર નથી, આપણા ભાવ દીપક જેવા હોય ત્યાં સુધી સુરક્ષા, વાડ, કંટ્રોલ રાખવાની જરૂર છે.

◆ એક સંસારની વ્યવસ્થિતતા માટે પણ બધું સહન કરી શકાતું હોય તો આત્મકલ્યાણ માટે એવું સહન કરવાની તૈયારી કેમ ન રખાય ?

◆ લાગણીશીલતાને creative touch આપવો જેથી તે તમારી મૂડી બનશે. વર્ષો જૂની 'જોઈ જોઈને રડી લેવાની' વૃત્તિ એ લાગણીશીલતા નથી, દીનતા છે. લાગણીને share કરી, સામી વ્યક્તિને તેનો અનુભવ થવા દો. આપણામાં રહેલી લાગણીમાં રહેલી સમજશક્તિનો તેને અનુભવ થવા દો. આજનો કાળ માત્ર લાગણીને મહત્ત્વ નથી આપતો, પણ તેના માધ્યમથી થતા વિકાસને મહત્ત્વ આપે છે. તમારી લાગણી વિકાસનો Road map બનશે તેવો વિશ્વાસ જતાવો તો દુનિયાની કોઈ વ્યક્તિ તમારી લાગણીનો અનાદર નહીં કરી શકે.

◆ કોઈની પણ નબળાઈને મનમાં ન લેવી, નિંદા ન કરવી, દોષો બતાવવા નહીં. અનુમોદનાપૂર્વક જ વાતો કરવી. તેનાથી પરિસ્થિતિમાં સમતા, સમાધિ અનુભવાશે. ભયગ્રંથિ કાઢી આત્મવિશ્વાસ પેદા કરવો, વ્યવહારિક અને માનસિક ઘણી બધી શક્તિઓ સાનુકૂળતાઓ આપણને મળી છે તેનો ઉપયોગની શ્રદ્ધા જન્માવવાની છે. તે શક્તિઓ પોતાનો પરચો બતાવશે જ. નબળા - આત્મઘાતક વિચારો મગજમાંથી કાઢી નાંખો અને જાત પર શ્રદ્ધા રાખે, તમારા માર્ગદર્શક પર શ્રદ્ધા રાખી ઉત્સાહને છલકાવતા જાઓ.

◆ આપણામાં સમજશક્તિ છે, સર્જનશક્તિ છે, રમૂજશક્તિ છે, સ્નેહશક્તિ, સહનશક્તિ, સેવાની વૃત્તિ છે માત્ર બધી શક્તિઓ પરની શ્રદ્ધા નથી તેથી તે શક્તિઓ પોતાનું પરિણામ દેખાડતી નથી. માટે નિર્ભય બની અસ્તિત્વને વજનદાર બનાવો. સમજદારને ઈશારો કાફી, તેજીને ટકોરો

માટે અનંતા તીર્થંકર ભગવંતોએ જે વેષમાં, જે માર્ગમાં ઘણી સંભાવના જોઈ છે, જેને કુલ માર્કસ આપ્યા છે એવું સંયમજીવન પામ્યા છીએ તો પ્રભુની એ કરુણા, શ્રદ્ધાને સાર્થક કરીએ અને સિંહ જેવી જીવનથી સાધનાના ક્ષેત્રે હિમાલય શી ઉત્તુંગતા, નિર્મળતા અને શીતળતાના સ્વામી બનવાનો પૂર્ણ પુરુષાર્થ કરીએ.

◆ બુદ્ધિશાળી વ્યક્તિ જ્યારે દુશ્મનની સામે સંઘર્ષમાં આવે ત્યારે તેનું એક જ કાર્ય હોય. દુશ્મનની સામે લડતા રહેવું. ઝૂકવામાં, હારવામાં, નિરાશ થવામાં એક જ પરિણામ આવવાનું છે – પરાજય, પીછેહઠ અને છેવટે વિનાશ. યુદ્ધ બંધ ન થાય, આપણો વિજય ન થાય ત્યાં સુધી આપણાથી પીછેહઠ કેમ કરાય ? ઘણીવાર આપણને પ્રશ્ન થાય કે ક્યાં સુધી આ બધુ સહન કરવું ? જવાબ એક જ છે – આપણા કર્મોનો નાશ ન થાય અને આત્માનો વિજય ન થાય ત્યાં સુધી.

## (સુવાક્ય)

◆ દેવ ગુરુની કૃપા ક્યારેય અહિત થવા નથી દેતી.

◆ ધર્મના પ્રભાવે ખૂબ ખૂબ મુસીબતોમાંથી બચી જવાય છે અને સૌથી વધુ તો મનની પ્રસન્નતા જળવાઈ રહે છે.

◆ આટલું યાદ રાખવું This will also Pass away.

◆ સગાવહાલા, સંપત્તિ, મિત્રો વગેરે બધા નિષ્ફળ જઈ શકે, દગો દઈ શકે પણ દેવ ગુરુની ભક્તિ અને આરાધના કદાપિ નિષ્ફળ જતી જ નથી.

◆ દરેક આત્મા પોતાનું પુણ્ય, પાત્રતા લઈને આવે છે માટે કોઈની ચિંતા વધારે પડતી ન કરતા સમતાભાવમાં રહેવાનો પ્રયત્ન કરવો.

◆ દેવ-ગુરુ-ધર્મનો સાથ ક્યારેય નથી છુટતો. આ અનંતા તીર્થંકર પરમાત્માનું વચન છે.

◆ જેટલું જીવન આરાધનામય તેટલી ગુરુકૃપા મળતી રહે એ વાતમાં કોઈ સંશય નથી.

◆ પરમાત્માની કરુણા નાયગ્રા ધોધની જેમ સતત વરસી રહી છે, એવો દઢ વિશ્વાસ અને શ્રદ્ધા બેસવી જોઈએ.

- એક વસ્તુ સમજવાનું ઉંડાણ કેળવવું જરૂરી છે કે પરમાત્મા હંમેશા કૃપા જ કરે એમ નહીં, પરમાત્મા જે કરે તે કૃપા જ હોય.
- મૃતાત્મા પાછળ થતા શોક, સંક્લેશ અને અસમાધિ તેમને પણ કર્મબંધ કરાવે.
- આઘાત આપઘાત (વિરાધના) તરફ લઈ જાય તો એ મૂર્ખામી છે, આઘાત આરાધના તરફ લઈ જાય એ જ સાચી તત્ત્વદષ્ટિ છે.
- આપણે શ્રદ્ધા, સત્ત્વ, સમર્પણભાવનો વિકાસ સાધી આવનારી પળને સુધારી લેવી જોઈએ.
- જિંદગીમાં નજરોથી દેખાતું સત્ય ક્યારેક આભાસિક હોઈ શકે છે અને તેથી જ સત્ય હંમેશા કહી દેવા જેવું હોતું નથી. આપણા આત્માને હિતકારી એ જ સત્ય. આ વ્યાખ્યા હૈયે કોતરી રાખવી.
- જેનું કોઈ નથી એનો સાથ પરમાત્મા ક્યારેય છોડતા નથી.
- પ્રભુ આજ્ઞાનું જેટલા અંશે પાલન થાય, તેટલા અંશે અસમાધિ દૂર થાય જ, આનંદ મળે જ.
- નિયતિવશ કેટલીક પરિસ્થિતિનું નિયંત્રણ આપણા હાથમાં ન રહે ત્યારે દુઃખતા હૃદયે તે-તે પરિસ્થિતિ જોઈ રહ્યા વિના છુટકો નથી.
- આવા વિષમકાળમાં દેવ-ગુરુ-ધર્મ મળ્યા એ જ આશ્ચર્ય છે તો વધુમાં વધુ આરાધના કરી લેવી.
- દુનિયા મને સમજે એ જરૂરી પણ નથી અને શક્ય પણ નથી પરંતુ હું જ દુનિયાને સમજું અને વર્તણૂંક સુધારું એ જરૂરી છે, શક્ય છે.
- પ્રવૃત્તિ સુધારે તે અનુષ્ઠાન, વૃત્તિ સુધારે તે ધર્મ, આત્માને સ્વરૂપસ્થ કરે તે અધ્યાત્મ.
- તમારા રાગને પ્રેમમાં Convert કરવાનો પ્રયત્ન કરજો, રાગ તમને હેરાન કરશે, પ્રેમ સમાધાનની કળા શીખવશે.
- ક્યારેક અંદરનો અહં તૂટે પછી નિઃસ્પૃહ બુદ્ધિથી એજ પ્રવૃત્તિ થાય તો પણ ઉપકારક બને.
- 'વેદના, ઝંખના અને પ્રાર્થના... આ સંબંધ જાળવી રાખવાના બહુ મહત્ત્વના કારણો છે...'

- ''સતત તમારા જીવનમાં (રાગ નહીં પણ) પ્રેમ, (પુરુષાર્થ નહીં પણ) પરાક્રમ અને (પ્રવૃત્તિ જ નહીં પણ) પરિણતિ વધતી રહેવી જોઈએ.''
- પરાણે કોઈનું હિત કરવાનું પરિણામ પ્રાયઃ સારું આવતું નથી, તમે કોળિયો મોઢામાં મૂકી શકો, પેટમાં તો ન ઉતારી શકો ને ?
- તીવ્ર ભાવનાવાળા માટે હિમાલય પણ નાનો છે અને બાકીના માટે કાંકરો પણ ભારે હોય છે.
- જે વાત આપણા હાથમાં ન હોય તેના માટે જો... તો... કેમ કરીને વિચારાય.
- ''રાગ છોડી વૈરાગ્યમાં અને વૈરાગ્ય છોડી વીતરાગતામાં આવવું...''
- દુનિયામાં પૈસાની નહીં, પુણ્યની કિંમત છે.
- મજબૂત શ્રદ્ધા એ સફળતાનું પહેલું પગથિયું છે.
- શાસનનો ક્રમ છે : પ્રેમ - પાત્રતા - પુરુષાર્થ - પ્રાપ્તિ (સફળતા)
- દેવ-ગુરુની કૃપાનો રથ જીવનમાર્ગની પ્રગતિ માટે મળ્યો હોય તોય પોતાની ચિંતાનું પોટલું માથે જ રાખવાની બિનજરૂરી મજૂરી શું કામ કરવી ?
- દરેકના સ્વભાવની અમુક મર્યાદા હોય છે અને તેનો સ્વીકાર એ જ શાંતિથી જીવવાનો સીધો માર્ગ છે.
- આરાધનાના ક્ષેત્રમાં જો મક્કમતાપૂર્વક આગળ વધાય તો એનો સ્વાદ અનેરો હોય છે, આનંદ અનોખો હોય છે.
- સાંયોગિક પરિસ્થિતિ અને આત્મિક પરિસ્થિતિ બંનેને ધ્યાનમાં રાખીને જ આગળ વધાય.
- આપણા તરફથી સમર્પણ અને સહનશીલતા કેળવાય તો ઉત્તમ ગુરુની કૃપા મળે જ અને સાધનાનો માર્ગ સરળ બને જ.
- યાત્રાનો અર્થ છે – ''या त्रायते भवभ्रमणात्'' જે સંસારના ચક્કર કાપવાથી, દુર્ગતિ અને દુઃખોની રિબામણોથી બચાવે તે યાત્રા...

◆ મર્યાદાનો ભંગ કરી મેળવાતો લાભ નુકસાનરૂપ જ બને છે.

◆ સૂર્યની હાજરીમાં પાણી ઊડી જ જાય ને ? તેમ અશુભ નિમિત્ત, વાતાવરણ વચ્ચે શુભભાવ કેટલો ટકે ?

◆ વારંવાર સંઘર્ષ કરતાં ક્યારેક પ્રેમથી કરેલ ટકોર વધારે અસર કરે.

◆ આત્મકલ્યાણ માટે જ મળેલા આ ભવમાં બાકીની તમામ જવાબદારીઓ ગૌણ છે.

◆ આદર્શની વાતોથી આનંદ આવે, સમસ્યા ન ઉકલે.

◆ સ્વાર્થપુષ્ટિ અને કર્મપુષ્ટિની રમતની જ જ્યાં બોલબાલા છે એવા સંસારમાં વધુ ખૂંચવાને બદલે આત્મકલ્યાણના માર્ગે આગળ વધવું જોઈએ.

◆ કર્મસંયોગોને લીધે આવી પડેલી આપત્તિઓને હસતાં રમતાં ઝીલી પડકાર ફેંકીને જીવીએ તો સંક્લેશો નહીં જાગે.

◆ પરમાત્મા જેવો ધણી માથે હોય એ દીનતા-ભય અનુભવે જ નહીં.

◆ ''પરસ્પર સાચવી - સંભાળી લેવા તે જ સંયમજીવન છે.''

◆ સમય નબળો, પણ મુહૂર્ત ઉત્કૃષ્ટ તો જોખમ ટળે અને પરિણામ સારું મળે.

◆ જિનશાસનમાં ક્યાંય પૂર્ણવિરામ, અલ્પવિરામ કે આરામ હોતો નથી, સર્વત્ર આશ્ચર્યવિરામ જ હોય.

◆ જિનશાસન માટેના સમર્પણભાવથી તમામ સમસ્યાઓ દૂર થાય છે.

◆ શેરબજારના ઇન્ડેક્ષની જેમ રાજીપો-નારાજીમય જ આખો સંસાર છે. કહીં ખુશી કહીં ગમ, કભી સુખ-કભી દુઃખ.

◆ દીકરો દુઃખમાં અને મા સુખમાં એ જેમ ન બની શકે, તેમ સુપુત્ર માટે પણ 'દીકરો સુખમાં અને મા દુઃખમાં' એ તો કલંક બની જાય...

◆ ''સંસારની પ્રત્યેક ક્ષણ એટલે કતલખાનાની ક્ષણ, દાવાનળ-જ્વાળામુખી-ધરતીકંપોની ક્ષણ.''

◆ હૃદય ઠાલવીને હૃદય ભરી લેવાની કળા શીખી લેવી.

◆ ''સમર્પણભાવ, સેવાભાવ, સાધકભાવ અને શુદ્ધિભાવના ક્રમે સિદ્ધિગતિને જીવ પામે છે.

- મનના વલણોને બદલશો તો ચારિત્ર જીવન ભલે કષ્ટકારક હોય પણ પ્રસન્નતાકારક તો જરૂર લાગશે.
- આપણે શાસનમાં અને શાસન આપણામાં સમાવું જોઈએ.
- નિર્દોષ ચર્યા, તપ વગેરે સાથે જીવનમાં ત્યાગને પણ સારી રીતે વણવો.
- ગુરુનું ગૌરવ વધારવામાં બધાએ પોતાની ફરજ અદા કરવામાં ચૂકવું નહિ.
- મનમાં જામ થઈ ગયેલી ગાંઠોને ઓગાળવાની તાકાત પ્રેમમાં છે જ - આ સત્યમાં શ્રદ્ધા રાખી આગળ વધવું.
- ખુદના પ્રસંગમાં મૌન રહેવું એ જ સમયોચિત અને વિવેકપૂર્ણ ગણાય. એક ખુલાસો દસ પ્રશ્નો ઉભા કરી શકે છે.
- ઔચિત્ય એટલે વધુમાં વધુ લાભ અને ઓછામાં ઓછું નુકસાન થાય એવી પ્રવૃત્તિ અથવા જેની ઉપર પાછળથી પશ્ચાત્તાપ કરવો ન પડે તેવી પ્રવૃત્તિ.
- નિરર્થક કે નુકસાનકારક પ્રવૃત્તિ ન કરે તો સાચો સમ્યગ્દૃષ્ટિ સામો દુર્જન થાય, એની સામે આપણે પણ દુર્જનતા કરીએ તો બેમાં ફરક શું ?
- સ્ત્રીમાત્રને હંમેશા સલામતીની અને સ્નેહની તીવ્ર આકાંક્ષા હોય છે.
- જ્યાં આવેશ હોય, આગ્રહ હોય અથવા અનાદર હોય ત્યાં જ વાણી કઠોર બને...
- દુનિયાને ઓળખવાના પ્રયત્નમાં જાતને ભૂલી ગયા છીએ તેનાથી ઘણી મોકાણ ઊભી થઈ છે.
- પ્રભુના વેષધારી બનવા જઈ રહેલ પ્રત્યે દરેકની અપેક્ષાઓ ઘણી હોય છે.
- પુરુષ તો શંકર જેવો હોય, સ્વયં ઝેર પીને દુનિયાને અમૃતનું દાન કરે, કડવા પ્રસંગોના ઘૂંટડા ગળી દુનિયાને સાચવી લે...
- સમાધાન કરતાં મૂલશોધન ક્યાંક બહુ જ મહત્ત્વનું બની જતું હોય છે.
- જે વાદળ ઘેરાય છે, તે વાદળ વિખેરાય પણ છે. જે આપત્તિ આવે છે, તે ક્યારેક દૂર પણ થાય છે જ...

- વાસ્તવિકતાનો પાકો અંદાજ ભલભલા પૂર્વગ્રહોને ઓગાળી નાખવા સમર્થ બનતો હોય છે.
- આવશ્યકતાના કારણે લેટ-ગો કરીએ, તે હજી સમજાય, માત્ર મોહના કારણે ગુમાવવું યોગ્ય નથી.
- અંતરને સ્વચ્છ બનાવવા જ સાધુતા છે.
- ભયમાંથી આક્રોશ-આવેશ-હતાશા-ચિંતા-ઈર્ષ્યા આદિનો જન્મ થાય છે.
- સાચો ધર્મી અન્યના સ્વભાવ પર આક્ષેપ કરવાને બદલે પોતાના સ્વભાવને જ ફેરવી નાખે.
- જાતની મુલાકાત જાતની શુદ્ધિ માટે કરવાની હોય છે.
- સતત પરિવર્તનશીલ તત્ત્વની નોંધ લેવાનું મન બંધ કરશે ત્યારે અપરિવર્તનશીલ ધ્રુવ એવા ચૈતન્ય તત્ત્વની નોંધ લેવાની શરૂ થશે.
- **આત્માનો સ્વભાવ ઉપયોગ છે.** જોવું અને જાણવું (દર્શન-જ્ઞાન) જોયા-જાણ્યા પછી **આઘાત-પ્રત્યાઘાત આપવો** એ **આત્માનો સ્વભાવ નથી.**
- કોઈને આરોપીના પાંજરામાં ગોઠવવાને બદલે પોતાની જાત કાયમ આરોપીના પાંજરામાં ગોઠવાય.
- કોઈ પણનો મારા પ્રત્યેનો વ્યવહાર એ ભૂતકાળનો પડઘો છે.
- અરીસાને પથ્થર મારવાથી ચહેરો સુધરી નથી જતો.
- જ્યાં સુધી સંસારમાં છે ત્યાં સુધી વ્યવહારથી સાવ પરાંમુખ ન બનાય.
- પરાણે શિષ્ય બનાય પણ ગુરુ ન બનાય.
- એક વખત નિર્ણય લીધા પછી સ્થિર થઈ જવું એ જ વિકાસની પહેલી શરત છે.
- ગાય-ભેંસના દૂધનું પરીક્ષણ હોય, 'મા'ના દૂધનો લેબોરેટરી ટેસ્ટ ન હોય.
- પદાર્થો ક્યારેય આપણી પાછળ નથી પડ્યા પણ આપણે પદાર્થોની પાછળ પડ્યા છે.
- થાક શરીરને લાગે છે પણ કંટાળો મનને હોય છે.
- પાપનો રસ કર્મબંધ, ધર્મનો રસ પુન્યબંધ.

◆ શરીર ભલે સંસારને સોંપો, મન તો પ્રભુને જ સોંપાય.

◆ દુનિયાના તમામ સંબંધોમાં ધર્મસંબંધ સૌથી વફાદાર, નિકટ અને ગાઢ હોય છે. એ કોઈના તોડ્યા તૂટે નહીં. આત્મકલ્યાણના નાતે બંધાયેલો સંબંધ ક્યારેય મોળો નહીં જ પડે એ ખાત્રી રાખશો.

◆ તમને ગુરુ આદેશ કરી શકે ? ઉપદેશ આપી શકે ? કે માત્ર સંદેશ જ આપી શકે.

◆ માત્ર નિદાન ન ચાલે, ઉપચાર પણ જોઈએ.

◆ દુનિયાના તમામ સંબંધોમાં ધર્મસંબંધ સૌથી વફાદાર, નિકટ અને ગાઢ હોય છે. એ કોઈના તોડ્યા તૂટે નહીં. આત્મકલ્યાણના નાતે બંધાયેલો સંબંધ ક્યારેય મોળો નહીં જ પડે એ ખાત્રી રાખશો.

## (ઉચિત આચરણ)

◆ બિનઅધિકાર ચેષ્ટા કરનારો ગુનેગાર ગણાય છે, વિના પુણ્યે ચેષ્ટા કરનારો માર ખાય છે.માટે આપણો અધિકાર, આપણું પુણ્ય, સામી વ્યક્તિની પાત્રતા વગેરે જોઈને કામ કરવું, બંબાવાળાની જેમ બધે ધસી ન જવું.

◆ સામી વ્યક્તિની જગ્યાએ હું હોઉં, અને આવું વર્તન મારી સાથે થાય તો મને કેવી રીતે અસર થાય, તે વિચારીએ તો સામેવાળાની સાથે કેવું વર્તન કરવું તેનો ખ્યાલ આવે છે.

◆ રોજ ૨-૫ મિનિટ પણ જગતના સર્વ જીવોનું કલ્યાણ થાઓ. સહુ સુખી થાઓ, સહુ પાપમુક્ત, દોષમુક્ત અને કુસંસ્કાર મુક્ત બનો, સહુ ધર્મી અને ગુણી બનો. જિનશાસન જયવંતુ બનો, અનેકોના હાથે શાસનની અનેકવિધ પ્રભાવના થાય. હું એ તમામ આરાધનાઓની અનુમોદના કરું છું. આ ભાવના ભાવવાથી અંદરનો ખાલીપો અને ઈર્ષ્યા આદિ દોષો ધીમે-ધીમે ઘટશે.

◆ હીરો માટીમાંથી જ પેદા થાય છે, મોતી કાદવમાંથી જ પેદા થાય છે, તેમ વેદનામાંથી, વ્યથામાંથી, ઉપાધિમાંથી જ સમાધિ પેદા કરવાની હોય

છે. સડી ગયેલો પદાર્થ ગંધાય તેમ સડી ગયેલું શરીર અસીમ વ્યથા-વેદના પેદા કરી શકે છે અને તેની વચ્ચે જ સમાધિ જાળવવાની છે.

- ૩૨ પુત્રોના એક સાથે મોતના સમાચાર સુલસાને વધુ આરાધના તરફ લઈ ગયા. લક્ષ્મણના મોતે રામચંદ્રજીને ચારિત્રમાર્ગે વાળ્યા, લગ્નની ચોરીમાં વિધવા બનેલ સ્ત્રી કેવળજ્ઞાનને વરી. આમ, આઘાત આરાધના તરફ લઈ જાય તો સાચી તત્ત્વદૃષ્ટિ છે. આમ, નિકટના સ્વજનના મોત સમયે મનની સ્વસ્થતા કેળવી વધુ પુણ્યપાર્જન કરાવે, છેવટે મોતનું જ મોત કરી આપે એવી આરાધના કરવી જોઈએ.
- સતત અરિહંત પરમાત્માનું સ્મરણ, પરમેષ્ઠીનું સ્મરણ દિલમાં રાખવું, જીવન વ્યવહારમાં વધુને વધુ જયણા પાળવાનો પ્રયત્ન કરવો અને જરૂરિયાત સિવાયના શોખના અને સગવડના પાપોનો ત્યાગ કરવો. આટલું તો કરવું જ. તેનાથી પાપકર્મો ઢીલા પડે છે, નાશ પામે છે, પુણ્ય વધે, પુણ્ય મજબૂત થાય છે અને ક્રમશઃ સદ્ગતિ અને પરંપરાએ સિદ્ધિગતિ સુધી પહોંચાડે છે.
- સાથિયા-કાઉસગ્ગ-ખમાસમણ આદિ આરાધના તો માધ્યમ છે, પરંતુ આ આરાધના દ્વારા વીસ્થાનકના વીશેવીશ તત્વો પર પ્રચંડ બહુમાન-આદર-જગાવવો જોઈએ. જગતના બધા જ જીવો પ્રત્યે પ્રેમ, આપણી જાત પ્રત્યે મૃદુતા, સહિષ્ણુતા, ચિત્તની સરળતા-ગંભીરતા આદિ ગુણોનો વિકાસ ખૂબ જ જરૂર છે.
- જીવનના સંગ્રામમાં લડતાં-લડતાં કોઈના પ્રત્યે દુર્ભાવ ન આવી જાય તેનો ખાસ ખ્યાલ રાખવો. કોઈપણ પરિસ્થિતિમાં આપણો જ વાંક શોધતા શીખી જઈએ તો મન તો કલુષિત ન જ બને... સામેવાળા પાસે ચિનગારી છે, પરંતુ આપણી પાસે પેટ્રોલનો કેરબો છે ત્યારે આગ લાગે છે ને, આપણી પાસે પાણીનો કુવો હોત તો ? માટે મનની સમાધિ અને શાંતિ જાળવી રાખવા દરેક જગ્યાએ સ્વદોષદર્શન અને સ્વકર્મદર્શન કરતા શીખવું.
- 'વ્યક્તિને તમારી નિકટ લાવવા - વાત્સલ્ય આપવું, માગ્યા વિનાની સલાહ આપવાનું બંધ થવું જોઈએ. અપેક્ષા અને આગ્રહ બંધ થવા

જોઈએ. એની Black side પૂછવાને બદલે સામેથી કહે તેવું વાતાવરણ પેદા કરવાનો આગ્રહ રાખવો જોઈએ. મિલન (વચ્ચેનો) સમયગાળો લાંબો હોવો જોઈએ એટલે કે તમારે તેને મળવાનું ક્યારેક avoid કરવું. અતિપરિચય અવજ્ઞામાં પરિણમે છે તે શાસ્ત્રવચન યાદ હશે.

- શુદ્ધબુદ્ધિથી કરેલું કાર્ય ક્યારેય આપણા માટે મારક બનતું નથી કે દુર્ગતિમાં લઈ જતું નથી. માટે ભૂલમાંથી બોધપાઠ લઈ લેવો પરંતુ upset ન થવું. વળી દરેક પરિણામ માટે જવાબદારી માથે લઈ લેવાની કોઈ જરૂર નથી. દરેક પરિણામ માટે માત્ર આપણી જ જવાબદારી હોતી નથી, ક્યારેક સામૂહિક જવાબદારી પણ હોય છે.

- "આત્મનિરીક્ષણ થવું જોઈએ, પરંતુ એટલી હદે નહીં કે મનમાં લઘુતાગ્રંથિ બંધાવી દે. અનંતા દોષોથી ભરેલા તો સહુ છીએ, પરંતુ એક-એક દોષ પકડીને લડતા જઈશું, સાથે દેવ-ગુરુનો અનુગ્રહ મેળવતા જઈશું તો કામ અશક્ય તો નથી જ. આથી દોષ સામે લડવું, દોષ ન જાય તેમ લાગે તો દેવ-ગુરુ પાસે રડવું, પરંતુ દોષ છે તેની રટણા કરી મનને નબળું ન પાડવું."

- વારંવાર એકની એક વાત ક્યારેય ન કરવી, વધુમાં વધુ બે વાર કહેવું, ત્રીજી વાર ક્યારેય નહીં, તો આપણા વચનની કિંમત ટકે અને સામેવાળાના મનમાં દુર્ભાવ ન થાય.

- પરસ્પરના સહારે જીવવાનું છે ત્યારે એકબીજાને સતત સહાયતા કરવી, સ્નેહ આપવો અને જરૂર પડે તો થોડું સહન કરી લેવું. આ ત્રણ મુદ્દા દ્વારા સુંદર વાતાવરણ ખડું કરી શકાય.

- તપની આરાધનાથી ય અપ્રમત્તભાવની આરાધના વધુ ચડિયાતી છે. તપ પણ શરીરને સ્ફૂર્તિમય બનાવી આરાધનામાં જોડવા માટે છે. માટે આવશ્યક ક્રિયામાં રોજિંદા આરાધનાના યોગોમાં ખામી ન આવવી જોઈએ.

- સ્વાર્થ, અહંકાર, જવાબદારીમાંથી છટકબારી, ચોરી પર શિરજોરી, આડા આવવું, આદિ દોષોથી ભરેલો સમસ્ત સંસાર છે. આવા સંસારમાં દુઃખી

થઈને જીવવું, તેના કરતાં દુઃખો હસતા મોઢે સહન કરીને આત્મકલ્યાણ સાધવું શું ખોટું ? અનંતાનંતકાળે મળતી સજ્જનતા, સરળતા, સહૃદયતા અને ધાર્મિકતાને સંસારના વમળોમાં ફસાઈને અનંતકાળ માટે ગુમાવી ન બેસાય. ઉપરોક્ત ગુણો થોડા ઘણા અંશે દેવ-ગુરુ કૃપાથી ખીલ્યા હોય ત્યારે તેને સાચવવા, વિકસાવવા અને અંતઃકરણમાં પરિણત કરવા એ જ કર્તવ્ય છે.

- પાપને પાપરૂપ માન્યા પછી પહેલા કે છેલ્લા એ પાપોને જીવનમાં સ્થાન આપવાની જરૂર નથી.
- કોઈ પણ સાધના પ્રથમ સ્વકલ્યાણ માટે હોય છે અને પછી અન્ય કલ્યાણ માટે પોતાની અંદર રહેલા ઈર્ષ્યા, ક્રોધ, અહં, સ્વાર્થ, સંકુચિત બુદ્ધિ, સ્વોત્કર્ષ પ્રધાનતા – આવા અનંત દોષોને કાઢવા માટે મૈત્રીભાવના પહેલા ભાવવી જોઈએ. તો જ અન્યને આશીર્વાદ આપવાની યોગ્યતા પ્રગટે અને અપેક્ષાએ જોઈએ તો આપણામાંથી દોષ નીકળે, આપણું જીવન અને વ્યવહાર સુધરે, આપણા તરફથી હેરાનગતિ ન થાય એ બીજા માટે આશીર્વાદરૂપ જ છેને... આમ, સ્વકલ્યાણમાં અન્યકલ્યાણ આવી જ જાય છે. ફક્ત ક્યારેક તાત્કાલિક જરૂરિયાતરૂપે પરની પ્રધાનતાએ તેના કલ્યાણની વિચારણા કરવી પડે તો મૈત્રીને જ માધ્યમ બનાવીને તેના કલ્યાણની ભાવના કરી શકાય, બાકી તો સ્વના દોષોના નાશમાં સર્વનું કલ્યાણ આવી જ જાય છે.
- છેલ્લા ૫૦ વર્ષની દૃષ્ટિથી જોઈએ તો વર્તમાનકાળ સૌથી ઉતરતામાં ઉતરતો કાળ લાગે. લગભગ મનના વિચારો સ્વાર્થમય, વાસનામય લાલસામય હોય છે. અર્થ-કામ સિવાય કશું જાણે દેખાતું જ નથી. આ બધાના કારણે સતત આર્તધ્યાનની આગ સિવાય બીજું કશું હોતું નથી. જીવન જાણે ઉકળતો ચરૂ બનીને અંદરનું સત્વ, ગુણો, પુણ્ય બધું બાળી નાખે છે. આવી સ્થિતિમાં પરમાત્માનું શાસન પ્રભુનો માર્ગ જ આપણને સન્માર્ગમાં સ્થિર કરી બચાવી શકે છે.

આત્મશુદ્ધિ અને પ્રસન્નતાવૃદ્ધિમાં જ જીવનની સફળતા છે આ સત્યને સતત નજર સામે રાખવું. આ બંને માટે મનના ઘણા બાવા-જાળાઓને સાફ કરવા પડે છે અને તે સાધના માત્ર સંસારમુક્ત બનીને

જ થઈ શકે છે. પાપનિમિત્તો અને પાપવ્યવહારોની વચ્ચે રહી શુદ્ધિ કેળવી શકાય એ પ્રાયઃ શક્ય જ નથી તેથી શક્ય તેટલા જલદી પાપમુક્ત બની સંપૂર્ણપણે આરાધનામાં લાગી જવાનું છે.

- સાધનાનું માર્ગદર્શન આપતા પહેલાં અંતરમાં ભરપૂર કરુણાભાવ રાખવો, તેના કલ્યાણની સતત ભાવના કરવી જેથી આપણા જ્ઞાનની કચાશને કારણે અપાયેલું માર્ગદર્શન ક્યાંય અનર્થકારી ન નિવડે... શુભભાવના જ્ઞાનની કચાશની પૂર્તિ કરી આપે છે.
- શ્રાવકો માટે આપણે સંયમ લીધો નથી, તેથી સંયમ સાધીને થાય તે પરોપકાર કરવો, પરંતુ પરોપકારના નામે સંયમ ગૌણ બનાવીને પરોપકારના માર્ગે ન જવું. આની કાળજી રાખવી.
- કષાયોનો કબજો એટલો બળવાન હોય છે કે જલદી છૂટવા મુશ્કેલ હોય છે. દૃઢ પ્રણિધાન અને ભાવના દ્વારા જ તેની સામે લડત આપી શકાય. આપણે જે ક્ષેત્રમાં છીએ કે આગળ વધવા માંગીએ છીએ એ ક્ષેત્રમાં આપણાથી અનેક ગણા ચડિયાતા મહાપુરુષો અંગે અને સ્વની નબળાઈ વિચારતા અહં આદિ પર કંટ્રોલ આવી શકે.
- જીવન માત્ર સંબંધોના આટાપાટામાં ગુમાવી ન બેસાય એ નજર સામે રાખવું. કરોળિયો જાળ બાંધે-પણ પોતે ન ફસાય, કોશેટો પોતાની જાળમાં પોતે જ ફસાય તેમ આસક્ત સંબંધ સંસારમાં રખડાવે, અનાસક્ત પ્રેમ એક બીજાને ઊંચે લઈ જનાર બને છે તે વાસ્તવિકતા નજર સામે રાખવી.
- કોઈ પણ વ્યક્તિ સાથે સંબંધ શા માટે બાંધવો ? એ નક્કી કરવું જોઈએ. સંસારમાં ઉભા થતા અનેક-વિધ સંબંધોની જાળમાં ફસાયેલા આપણે ફરી એકવાર એ જાળને ક્યાં વધુ ગૂંચવવી ?... શું આપણે એ વ્યક્તિ પાસેથી સુખ મેળવવા માંગીએ છીએ કે એ વ્યક્તિને સુખી કરવા માંગીએ છીએ ? જો હા, તો પોતે સુખી બનવા કે સામેનાને સુખી બનાવવાનો એક જ રસ્તો છે – અપેક્ષાત્યાગ...
- દીક્ષા-ચારિત્ર-પ્રવજ્યા... આ બધાનો અર્થ શું ? વેશ પરિવર્તન, વર્તન પરિવર્તન એ જ ? દીક્ષાની આધારશિલા છે જિનશાસનને સમર્પિત, અને

શાસનના વર્તમાન વાહક ગુરુદેવને સમર્પિતતા આત્માનું હિત જેમ જોવાનું છે તેમ શાસનનું હિત પણ જોવાનું છે. ક્યારેક શાસનના હિત ખાતર આત્મહિત ગૌણ કરવું પડે તો કરી લેવું પણ શાસનહિત ક્યારેય ન જોખમાવા દેવાય. ગુરુ ગમે તે પ્રવૃત્તિ સોંપે તેમાં પોતાનો સ્વાર્થ વિશેષ ન હોય, કેમકે પોતાનું કશું જ રાખ્યું નથી.

◆ મોહ આપણને કેવો ભૂલાવામાં નાખે છે ? સારું કરવા મળ્યું, વિશિષ્ટ શક્તિશાળીનો નિકટનો પરિચય થયો, ધર્મમાં આગળ વધ્યા તેનું અભિમાન થાય છે, તેમાં તે-તે તત્વનું અભિમાન છે કે 'હું' નું અભિમાન છે ? શાસન કેવું મહાન કે શાસનને પામેલો હું કેવો મહાન ? શક્તિશાળી પુણ્યાત્માઓ કેવા મહાન ? કે તેનો પરિચય પામનાર હું મહાન ? ભઈલા ! બધે વચ્ચે આ 'હું' નડે છે. તે નીકળી જાય તો આ અભિમાન પણ કંઈક અંશે વિકાસનું પગથિયું બની શકે. ક્યાંય આપણી જાતને ઇનવોલ્વ કરવાનો આગ્રહ નહીં આવે. સહજતાથી આપણું ઇન્વોલ્વમેન્ટ આવે તે જુદું, પણ આપણો આગ્રહ ન હોય ત્યારે સાચું શાસનનું પ્રશસ્ત માન છે તેમ જાણવું.

◆ સહુ સુખી થાઓ, સહુ ધર્મી થાઓ, સહુ નિરોગી થાઓ, સહુ દુઃખમુક્ત, પાપમુક્ત, દોષમુક્ત અને સંસારમુક્ત થાઓ. સહુનું કલ્યાણ થાઓ— આવી ભાવનામાં અહં-અપેક્ષા વગર પણ પ્રેમ પોષાય ને ''મારાથી થાઓ'' ત્યાં અહં-અપેક્ષા આવે, પરંતુ માત્ર થાઓ... આમાં કયાં અહં અપેક્ષા આવે ?

◆ નદી વહેતી જાય, પછી તેનાથી કોઈની તરસ છિપાય, મેલ ઉતરે, ઉકળાટ શમે, થાક ઉતરે પણ એને કોઈ લેવાદેવા નહીં, તેમ મારું જીવન વહેતું જાય અને સ્વાભાવિક કામ થતું હોય તો થવા દેવું પણ પોતાના દ્વારા કરવાનો આગ્રહ ન રાખવો તો અનાસક્ત પ્રેમ આવી શકશે.

◆ કલ્યાણમિત્રતા માત્ર આરાધના-વિરાધના ગુણ-દોષ સુધી સીમિત રાખવી. સામેનાની ઇચ્છા હોય તો જ અંગત જીવનમાં માથું મારવું, બાકી નહીં અને એ પણ જરૂર પૂરતું જ. અનાદિ કાળના કુસંસ્કાર ના કારણે બીજાના જીવનમાં હસ્તક્ષેપ કરવો, તેને સલાહ આપી, અહં પોષવો, ધીમે-ધીમે સ્નેહરાગ અને કામરાગરૂપી ચોરટાઓ માટે આત્માના દરવાજા ખુલ્લા

મૂકી દેવા અને અંતે તે-તે વિચારણા એવી પકડરૂપ બની જવી કે સતત એ જ વિચારણા, એ જ ધ્યાન... આ ક્રમે અંદરનો રાગ પોષાતો જાય છે.

- રાગ સાથે અનંતકાળનો સંબંધ છે જ્યારે પ્રેમ અને ભક્તિ સાથે તો થોડાક જ સમયની પહેચાન છે, એટલે મન રાગ તરફ જ ખેંચાય એ સ્વાભાવિક છે. સતી અને વેશ્યા, સજ્જન અને લબાડ, બુદ્ધિવાન અને મૂર્ખ સાથે ન રહી શકે તેવી જ રીતે રાગ અને ભક્તિ સાથે રહી ન શકે. જીવનમાં રાગ પોષાતો જાય એટલે ભક્તિ નબળી પડે... નક્કર પગલું એક જ છે કે રાગને અવગણીને પણ સંબંધ ઘટાડવા, અંગત બાબતોમાં હસ્તક્ષેપ ઘટાડવો. અનિવાર્ય સિવાય સલાહ ન આપવી અને મનમાં તેની પક્કડ ન થાય તે માટે પરમાત્માને પ્રાર્થના કરવી આ જ બધા દ્વારા કાંઈક આગળ વધી શકાય. ઈચ્છાઓ પરનું નિયંત્રણ જ્ઞાનપૂર્વક હશે એટલે દબાવાથી ઉછાળો મારે એવી શરૂઆતની અનુભૂતિ પણ છેલ્લે નામશેષ થઈ જશે.
- અનાસક્ત પ્રેમ એટલે દરેક આત્માની જેમ તેનું પણ કલ્યાણ થાય, સંસારથી મુક્ત થાય તેવી ભાવનામાત્ર-લાગણી. સ્નેહ-અપેક્ષાથી ખરડાયેલાં કોઈ સંબંધમાં આ ન હોય.
- પારકે ભાણે મોટો લાડવો દેખવાની કે ઘરની આગ છોડીને પારકાની આગ બૂઝાવવાની મૂર્ખામીનો ભોગ આખું જગત બન્યું છે પણ વિશુદ્ધ ધર્મી જીવો એનો ભોગ ક્યારેય ન બને.
- કોઈ પણ શુભ કાર્ય વખતે આપણે ઉપકાર કરીએ છીએ, એવી બુદ્ધિ નહીં, પરંતુ મારા જેવા અપાત્રને પણ સાચવી રહ્યા છે, તેવો ભાવ રાખીએ તો અહોભાવ આવશે, અધિકાર ભાવ નહીં.
- પોલીસમાં ફરિયાદ કરવી છે ને ચોરને સપોર્ટ આપતા જવો છે, ફાયર ફાઈટરને ફરિયાદ કરવી છે ને આગમાં પેટ્રોલ નાખતા જવું છે, આ કેમ ચાલે ?
- શાસનમાં એક મર્યાદા છે કે કેટલાક પાપોને પ્રાયશ્ચિત્ત સ્વરૂપે કે ગર્હાના સ્વરૂપે પણ વારંવાર યાદ કરવા ઉચિત નથી. તે રીતે કરવાથી પણ અંદરના આકર્ષણના કારણે સંસ્કાર મજબૂત થાય છે, એટલે એક વખત

ગીતાર્થ ગુરુભગવંત પાસે આલોચના લીધા પછી તે પાપો ભૂલી જવાના...

- ક્યારેક વધુ પડતી સાવધાની નિર્બળતામાં પરિણમી જતી હોય છે તેમ હું ખૂબ પાપી, અધમ, દુષ્ટ... આવી વિચારણા અમુક હદ સુધી ઉપકારક બને, પરંતુ ક્યારેક નિર્ભયતાને બદલે સતત દીનતા જ લાવે તો તે નકામી, માટે અતિશય આત્મગર્હામાં ન જતા પોઝિટિવ પ્રયત્નો કરવા...

- અહંકાર, ઈર્ષ્યાભાવ, સ્પર્ધાભાવ, કઠોરતા, ક્રૂરતા, સ્વાર્થમયતા વિગેરે આ બધા જ ભાવો વાસનામાંથી જન્મે છે. એક વખત તે ઘટે પછી બધું જ ઓછું થાય. શિવમસ્તુ સર્વજગતઃ અને ખામેમિ સવ્વ જીવે ભાવના રોજ ૧ મિનિટ વહેલી સવારે કરવાથી પ્રાયઃ આ બધા ભાવો નબળા પડશે. પરાણે પણ આ બધી ભાવનાઓ તથા આરાધનાઓ કર્યા કરવાથી સંસ્કારો નબળા પડે જ છે, ધર્મઆરાધનાની કે સંસ્કારો સામે લડવાની શરૂઆત હંમેશા પરાણે જ કરવી પડતી હોય છે.

- કોઈ લઈ જાય અને મન ગંદકી તરફ ચાલ્યું જાય એ તો માખીનું પોત કહેવાય. આપણે તો ભ્રમર જેવા બનવાનું છે. સુગંધ સિવાય ફાવે જ નહીં. લોકો વગર ન ચાલે કે સદ્ગુણ, દેવ-ગુરુ-ધર્મ, મોક્ષમાર્ગ, આત્મકલ્યાણ વગર ન ચાલે ? કોને છોડવા કે પકડવાની ઈચ્છા, તૈયારી અને પુરુષાર્થ ? અઘરું લાગે તો પણ આટલું નક્કી કરવું કે સારું ન મળે તો કાંઈ નહીં, પણ ગંદકી વચ્ચે નથી જ રહેવું.

- કપડામાં થયેલ ચીરાને જલદી ન સાંધીએ તો લાંબું થાય તેમ આત્મામાં ઘુસી ગયેલા દોષોનો જલદી નાશ ન કરીએ તો દોષો પહોળા થાય માટે દોષોની પાછળ માત્ર રડવાનું બંધ કરી, લડવાનું ચાલુ કરવું, આચારશુદ્ધિ અને વ્યવહારશુદ્ધિ જાળવો તો પ્રાયઃ વિચારશુદ્ધિ આવ્યા વિના નહીં રહે.
- દીન વ્યક્તિ દોષો સામે ઝઝૂમીને વિજય મેળવવા પ્રયત્ન કરતો હોય છે. માત્ર દોષોને યાદ કરી જાતને અધમ માની લેવામાં ઉત્થાન તો નથી.
- જે સ્થાન સામગ્રી કે પ્રવૃત્તિથી દોષો પુષ્ટ થયા હોય તેનાથી વિપરીત સ્થાન, સામગ્રી કે પ્રવૃત્તિથી જ તે દોષો નાબુદ થઈ શકે. તે મુજબનો પુરુષાર્થ ફોરવવો તો જ આત્મકલ્યાણ થઈ શકે.

- કોઈ પણ પરિણામની પ્રાપ્તિ માટે દઢ-સંકલ્પ, પ્રબળ પુરુષાર્થ, માર્ગને વળગી રહેવાની સાત્વિકતા, પરિણામ ન આવે ત્યાં સુધી નિરાશ ન થતાં સતત આગળ વધતા રહેવાનો ઉત્સાહ આદિ જરૂરી છે.
- ધ્યાનમાં મન ભટકે તો આત્માને ટકોર કરવી કે ''હે આત્મન્ તારું સંભાળ.''
- વિષય એ કષાયનું અને વિષય-કષાય એ સંસારનું મૂળ છે. આથી સૌપ્રથમ વિષયો પર અને પછી કષાયો પર કાબુ મેળવવો.
- સામે ચાલી અધિકારભાવથી ક્યારેય કોઈના જીવનમાં હસ્તક્ષેપ ન કરવો કારણ કે તેના કર્મના ઉદયે તેને ભોગવવાનું છે તો તેને ભોગવવા દેવું નહીંતર અનિચ્છા (સામેવાળાની) હોવાથી આપણા કષાયો વધે છે અને સંસાર વધે છે.
- **મનની શરણાગતિ, મનનો સંઘર્ષ, મન પર વિજય :**

આપણે ડગલેને પગલે મનના શરણે ગયેલા છે. મનને જે ગમ્યું, જે સારું લાગ્યું ત કર્યું છે, જરૂરી નથી કે જે સત્ય છે તે જ મનને ગમે છે. લગભગ ઊલટું જ બને છે. આપણે મનને શરણે જ ગયા છે. મનની આજ શરણાગતિએ આપણને દુર્ગતિમાં રખડાવ્યા છે. મનને શરણે ન જવા આપણે મનની સાથે સંઘર્ષ કરવો છે. અંદરથી મનને સતત સમજાવતાં રહેવું જોઈએ કે આ સત્ય નથી, ભૂતકાળના ભવોમાં તે ભૂલો કરી છે, માટે તને ગમે છે પણ વાસ્તવમાં એ સત્ય નથી. કોઈ પણ પાપ, પુન્ય, સાચું ખોટું ન કરતાં ગુરુ ભગવંત શું કહે છે, અને તેમની આજ્ઞાને જ પાળવાની. મન ન માને તો સંઘર્ષ કરવો, ભૂતકાળમાં ક્યારેય આવું નથી કર્યું. સાધના નથી કરી માટે આજે મનને મારવું તો પડશે જ. માટે ભલે અંદરથી વિચાર પર કાબુ ન આવે પણ મન સાથે સતત સંઘર્ષ કરતા જ રહેવો.

પૈસો નથી માટે ધંધો કરવાનો છે, તેમ દોષમુક્તિ નથી માટે ભક્તિ કરવાની છે. ગુણો નથી માટે સાધના કરવાની છે, આત્મલક્ષિતા નથી માટે જ ચારિત્ર મેળવવાનું છે. મનની ઇચ્છા નથી આથી જ ગુરુને સમર્પણ કરવાનું છે. આથી જિંદગીમાં 'નેગેટિવ થીંકીંગ' ન કરવું.

- શાસન વફાદારી એ અગત્યની ચીજ છે. પ્રાણ જાય પણ વ્રત, વફાદારી, કદાપિ ન છોડાય.

- પંદર માણસોને ઉઘરાણી ચૂકવવાની જેની બાકી છે તે પાંચ માણસોની ઉઘરાણી ચૂકવવાની બાકી રાખનાર માણસને સલાહ ન આપી શકે તેમ અનંત દોષોથી ભરપૂર આપણે થોડા ઘણા દોષોયુક્ત ગુરુદેવને સલાહ કેવી રીતે આપી શકીએ ? કે તેમને દોષિત માની શકીએ ? સંપૂર્ણ દોષનાશ પછી અભિમાન ન હોય પણ દોષનાશ થતા જે ગુણ ઉત્પન્ન થાય તેનો આનંદ હોય છે.
- રોજ સાથે રહેલા સાધુઓની આરાધનાની અનુમોદના કરવી (દરેકને યાદ કરીને) આથી મનદુઃખ ન થાય અને ગુરુકુળવાસની આશાતના પણ ન થાય, જો ગુરુકુળવાસની આશાતના કરો તો સમુદાયમાં રહેવા માટેના અંતરાય બંધાય છે, આથી આપણને કોઈ સંગ્રહે જ નહીં.
- ગૌતમસ્વામીજીના જીવનમાં સૌ પ્રથમ પ્રભુના રૂપનું આકર્ષણ થયું. (સમ્યક્દર્શન), પછી સંશય પ્રભુએ દૂર કર્યો (સમ્યક્જ્ઞાન) અને પછી વ્રત (સમ્યક્ચારિત્ર) આવેલું.
- ભગવાન આપણા માટે રક્ષક છે, તેમની કરુણાથી જ આપણે ટક્યા છે, તેવી જ રીતે આપણે પણ છકાયના જીવોના રક્ષક છે. તેમનું રક્ષણ આપણી જ જવાબદારી છે.
- આંધળો માણસ દેખતા માણસને સલાહ ન આપે, સાધુ કેવળીને સલાહ ન આપે તેમ શિષ્ય ગુરુને સલાહ ન આપી શકે.
- દીક્ષા લેનારે સંયમ પાળવા માટે નીચેની ચીજો ધ્યાનમાં લેવી.

(૧) ગુરુને પૂછીને કરવું. ગુરુની ઈચ્છાનુસાર વર્તવું. ગુરુથી કોઈ વાત છુપાવવી નહીં. આ ત્રણ વાતથી વિષય અને કષાયોના આવેગો આવેશો ઘટે છે, અટકે છે, જીવ આડો-અવળો જતો નથી.

(૨) જીવનમાં મુખ્ય ગુણ જ્ઞાન છે, તે આપણા પ્રત્યેક વાણી, વર્તન અને વિચારને સુધારે, અંકુશમાં રાખે દોષરહિત બનાવે, માટે જ્ઞાન, અધ્યયન, જ્ઞાન ઉપસ્થિતિ, ચિંતન, ભાવન વગેરે કરવાથી આત્મા આચાર અને પવિત્ર વિચારોમાં આગળ વધે છે. માટે બીજા યોગોને ગૌણ કરીને કે શક્યતા મુજબ બીજું કાર્ય ઓછું કરી પ્રમાદ ઘટાડી અભ્યાસમાં

વિશેષ લક્ષ આપવું અને વિષય કષાયની વૃદ્ધિ વગેરે ન થાય તેની કાળજી રાખી વિષય-કષાય ઘટે તે રીતે પ્રયત્ન કરવા.

(૩) સંયમ પાળવા માટે, ભણવા-ભણાવવા, વિચરવા માટે ગુરુકુળ એટલે સહવર્તિઓ ઘણા ઉપયોગી છે, માટે સહવર્તિ જોડે સહાયકતા-ભક્તિ-સેવા-પ્રેરણા-પ્રોત્સાહન, પ્રેમભાવ-વાત્સલ્ય-ઉદારતા-ગંભીરતા-પ્રસન્નતા વગેરે પૂર્વકના ધર્મ વ્યવહાર વધારવા જેથી આ પ્રણિધાનથી પણ દર્શનમોહનીય-ચારિત્રમોહનીયના ક્ષયોપશમ થાય છે.

આ ત્રણ ઉપાયોથી જીવને ગુરુ તરફની બધી અનુકૂળતા મળે છે. સહવર્તિ તરફથી પણ સાનુકૂળ વાતાવરણ સર્જાય છે અને બીજી આડી અવળી પ્રવૃત્તિ છોડવાથી આંતરિક બાહ્ય બંને રીતે સંયમને અનુકૂળ વાતાવરણ સર્જાય છે. આના કારણે વિષય કષાયના આવેશો સાહજિક મંદ પડે છે. આત્મબળ જાગે છે, સત્વ પ્રગટ થવાથી આરાધનામાં જોમ આવે છે, ઉલ્લાસ આવે છે, જેથી જિંદગીમાં ક્યાંય ઉદાસપણું કે હતાશા આવતી નથી. આ ત્રણ વાતમાં કે ત્રણમાંની એક વાતમાં ગરબડ કરનારાને પરિસ્થિતિ વિષમ બને. કષાય-વિષયના આવેશને પરવશ બને, ન બોલવાનું બોલે, ન કરવાનું કરે, ન વિચારવાનું વિચારીને અકળામણ વધતી જાય તેમ પરિણામ બગડતા જાય અને આંતરિક અને બાહ્યથી જીવ નીચે ઉતરતો જાય. માટે દીક્ષા લેનારે ત્રણ વાતો જીવનમાં સર્વાંગી રીતે આત્મસાત્ કરવી.

◆ સ્ત્રી પતિ સારો હોય તો પિત્તળ સ્વભાવના સાસુ-સસરા આદિને સહન કરી જ લે છે, તેમ ગુરુ સાથે ફાવતું હોય તો બાકીનાને સહન કરવાની તૈયારી રાખવી જ પડે.

◆ દરેકની વિચારસરણી જુદી-જુદી હોય છે. કોઈ પણ પરિસ્થિતિ કે બાબતને અલગ-અલગ રીતે મુલવવામાં આવતી હોય છે અને તે મુજબ કાર્ય કરાતું હોય છે. આપણને જેનો અભિગમ અને કાર્યપદ્ધતિ મળે તેની સાથે જોડાઈ જવાનું.

◆ તમારી આસપાસ બનતી તમામ ઘટનાઓમાં તમારું જોડાણ - Involvement ઘટાડી નાખો. બધી ઘટના સાથે તમારી જાતને સાંકળી ન લો.

સંક્લેશ-સંઘર્ષ બીજા વચ્ચે થાય અને મન આપણુ બેચેન બની જાય તો કેમ ચાલે ? યોગ્ય સમયે યોગ્ય રીતે અલીપ્તતા અને આત્મીયતા રાખવાની કળા શીખી લઈએ તો ઘણા પ્રશ્નો આપોઆપ સુલઝાઈ જશે.

- મન બોલવા કે લખવાથી બદલાતુ નથી. મન બદલાય છે સત્સંગ, સદ્‌વાંચન અને સદ્‌ચિંતનથી. સ્વાધ્યાય કે ભક્તિમાં ખોવાઈ જવાથી મન સુધરી શકે. વિકટ - વિષમ અને ખરાબ પરિસ્થિતિમાં મનને સાનુકૂળ કરવાનું પરાક્રમ કરવાનું છે. મનને શુભ નિમિત્તો બળજબરીથી આપવા પડે. વિષમ પરિસ્થિતિ આપણા ખરાબ કર્મોથી જ નિમિત્ત થાય છે તેમ આપણા ખરાબ વર્તનથી પણ નિર્મિત થાય છે. અહંકાર, ગેરમાન્યતા, આસક્તિ વગેરે આપણા ખરાબ વર્તનમાં જ જાય. માટે નકામા વિચારો, વર્તનને ભોગે સાધના સંયમ જીવનને નિષ્ફળ ન કરાય. વિષમ પરિસ્થિતિમાં સહન કરવું, જતું કરવું, સામે ન પડી સંક્લેશમાં ફસાવવું નહીં. સંસારમાં ઘણાનું ઘણુ સાંભળી પ્રેમ અને સ્વમાન ગુમાવી રહીએ છીએ તો સાધના જીવનમાં કેમ નહીં ? પોતાના સ્વપ્ના તૂટતા બેચેન ન જ બનાય. મનને બરાબર સાનુકૂળ રીતે ઘડવું જોઈએ.
- ક્યાંક ઊંડે ઊંડે કષાયો, અહંકાર, અપેક્ષા વગેરેમાં જ વિપાકોદય આપણને ભાન ભૂલાવે છે. ફરિયાદી બની ન્યાયની નહીં પણ દર્દી બની ડૉક્ટરની તલાશ કરી મનને ઘડવા-સુધારવાના પૂરા પ્રયત્ન કરવા જોઈએ.
- હંમેશા એક વાતનો ખ્યાલ હોવો જરૂરી છે કે કદરૂપા શરીર પર ચડતા સુંદર ઘરેણા હજી શોભે છે પરંતુ રૂપાળા શરીર પર ચડતા મેલના, કંદકીના થર તો મોઢું મચકોડાવે. તેમ પાપી જીવન જીવનારા આત્માઓ આરાધના શરૂ કરે તે અનુમોદના પાત્ર બને, પરંતુ સમજણ, સત્ત્વ, સહિષ્ણુતા અને સાહસભર્યું સુંદર જીવન જીવનારો અચાનક યુ-ટર્ન લઈ વિષય - કષાયના કાદવમાં આળોટવા માંડે તો તે આઘાતજનક જ બની રહે. આકાશમાં ઊંચે ચડતી / ઊડતી પતંગ આવકારપાત્ર બને છે અને કપાયેલી પતંગ શિકારપાત્ર બની રહે છે. ઉપર ઊડવું, ઉપર ટકવું અને ઉપર વધવું એમાં જ આત્માની સમજણની કસોટી છે.

◆ પશ્ચિમમાં લોંગફેલો નામનો મોટો લેખક થઈ ગયો. કૉલેજમાં ભણવું, ખર્ચ કાઢવો, ટ્યૂશન કરવાં, જાતે ઘરનું કામકાજ કરવું... આ બધાના કારણે એની પાસે સમયની ઘણી ખેંચ રહેતી પણ... આ માણસને સમયની કિંમત સમજાતી હતી. તેથી પ્રત્યેક પળનો વ્યવસ્થિત ઉપયોગ કરવા સિવાય બીજો ઉપાય નથી. કુદરતે કમ સે કમ સમયની બાબતે સામ્યવાદ અપનાવ્યો છે. કરોડપતિ અને રોડપતિ બધાને દિવસ-રાત ૨૪ કલાકનો આપ્યો છે. ભેદભાવ નથી રાખ્યો. લોંગફેલોએ પોતાની દિનચર્યાનું બારિકાઈથી નિરીક્ષણ કર્યું તો ખબર પડી કે કોફી બનાવતા ૧૦ મિનિટ થાય છે. આ સમયે નવું લખાણ ન ફાવે પણ જૂનું લેખન - અનુવાદન કરી શકાય. એમ માનીને પુસ્તક સામે રાખીને ૧૦ મિનિટમાં થાય તેટલો અનુવાદ કરતા અડધું પાનુ લખ્યું. આમ રોજ લખતાં Infern નામના જાણીતા પુસ્તકનો અંગ્રેજી અનુવાદ લખી દીધો.

◆ જેને ક્ષણની કિંમત સમજાઈ નથી તે હાંસી, મજાક, ફાલતુ વાંચનમાં સમય વેડફે છે જે સમય વેડફે એની પાસે વિદ્યા ક્યાંથી ? જ્ઞાન ક્યાંથી ? જે માણસને પૈસાની કણકણની ગણતરી છે, હિસાબ છે, કરકસર છે એ માણસ ધનવાન બની શકે. ઉડાઉ માણસ પાસે પૈસા ટકે નહીં એટલે હંમેશા નાણાં ભીડમાં જ રહેવાનો. માટે નિરીક્ષણ કરવું જોઈએ કે એવી ઘણી ક્ષણો છે જેમાં ખાસ કશું આપણે કરતા નથી હોતા ! ગમે તેમ સમય પસાર કરતા હોઈએ છીએ. સમયને માત્ર પાસ કરવાવાળો જિંદગીની પરીક્ષામાં નાપાસ થાય છે. માટે જે ક્ષણો મળે તે બધી પ્રભુ નામ સ્મરણમાં ગોઠવી દેવાથી સેંકડો નવકાર ગણવાનો લાભ મળશે.

◆ શક્તિનો ભંડાર - દેવ - ગુરુ અને કર્મસત્તાએ આપણામાં મૂક્યો છે. તેને સાર્થક કરવો કે વ્યર્થ જવા દેવો તે તમારે વિચારવાનું છે. સંકલ્પ કરો, શ્રદ્ધાળુ બનો, શૌર્યને ખીલવો અને નિશ્ચિત માર્ગ પર કદમ કદમ આગળ વધારતા જાઓ. સફળતા તમારા ચરણ ચૂમવાની જ છે. નબળા પડો કે શક્તિ નિરર્થક. ઉપરથી અનંતકાળ માટે શક્તિ જ ન મળે તેવી ભૂમિકા પેદા થઈ જાય.

"ઓ પ્રભુ તારા ચરણકમલમાં આ જીવન કુરબાન છે."

- આ પ્રસિદ્ધ સ્તવન પંક્તિને જીવનનું ચાલકબળ બનાવો. આપણા સુખ દુઃખની પરવા ન કરતા સમગ્ર જીવન પ્રભુના ચરણે સોંપી દેવાનું છે. રક્તના બુંદ બુંદ, આયુષ્યની ક્ષણ-ક્ષણ, શક્તિનો પ્રત્યેક અંશ જિનશાસન માટે વાપરી કાઢવાનો છે.
- કોઈપણ ઉત્તમ તત્ત્વ (દેવ-ગુરુ) સાથે આપણો સંબંધ આપણા નબળા સંયોગોને સ્વીકારી તેમાં વધુમાં વધુ કર્મ-નિર્જરા-પુણ્યોપાર્જન કેવી રીતે થાય તે માટે જરૂરી માર્ગદર્શન લેવાનો છે કે માત્ર આપણી હતાશા - નિરાશા - દીનતાની ફરિયાદ કરવા દ્વારા આપણા મનના ઊભરાને ઠાલવી સ્વસ્થ બનવા પૂરતો ? બીજા પ્રકારનો સંબંધ જરૂરી છે, ઉપકારી છે પણ અંતિમ ભૂમિકા નથી. એક માત્ર station છે. ખૂટી જતા પેટ્રોલને પૂરવાના સ્થાન તુલ્ય છે. લક્ષ્ય તો પહેલા પ્રકારનો સંબંધ જોઈએ. મોટાભાગના જીવો ધર્મમાં જોડાઈ દેવ-ગુરુ સાથે બીજા પ્રકારના સંબંધમાં જ અટકી જાય છે. આગળ વધી શકતા નથી. આપણે કયા પ્રકારમાં છીએ, શું હાલત છે એ આપણે જાતે જ વિચારવાનું છે.
- દરિયો જેમ નદી માટે કચરો ઠાલવાનું સ્થાન છે, તો તે જ રીતે તેમાં ભળી જઈ તેની વિરાટતાને પામવાનું સ્થાન પણ છે... તેમ દેવ-ગુરુ જેમ સંવેદના **ઠાલવવાનું** સ્થાન છે તે જ રીતે તેમનો અનુગ્રહ મેળવી સાધનાનું સત્ત્વ, મનને દુર્ધ્યાનથી બચાવવા જરૂરી ચિંતન - ગુણો વગેરે **પામવાનું** પણ સ્થાન છે.
- દેવ-ગુરુ સાથે પણ **ઠાલવવા - પામવા** માટે બન્ને પ્રકારનો સંબંધ જોઈએ. આપણને માત્ર ને માત્ર રસ ઠાલવવામાં જ છે, પામવામાં નથી. પામવાની ઈચ્છાથી આવનાર તર્યા વગર રહેતો નથી. ઇંદ્રભૂતિ, મેઘકુમાર, અર્જુનમાળી, રોહીણીયો વગેરે...
- માત્ર ઠાલવવા આવનારને પરમાત્મા પણ ઉગારી શકતા નથી તો ગુરુ તો કેવી રીતે ઉગારશે ? નિખાલસભાવે આપણી જાત તપાસી ઠાલવવામાંથી પામવાની ભૂમિકામાં જઈએ તેવી શુભાભિલાષા.
- સમાધિ - પ્રસન્નતા - બહુમાન વગેરે આત્મસાધનાના પ્રાણ છે. તેની વૃદ્ધિ અને સ્થિરતા માટે સ્વાધ્યાય મુખ્ય છે, પ્રવચનશ્રવણ, કલ્યાણમિત્રનો

સંગ, પુસ્તક વાંચન, પરમાત્માભક્તિ વગેરે સતત ચાલુ રાખવી. જેનાથી આપણને Tonic મળે. તેનાથી સમાધિ ટકાવવાની. પરિસ્થિતિ કોઈપણ હોય તે બદલાવાની નથી માટે અપેક્ષા છોડી સ્વસ્થ કેમ બનવું તે વિચારવું, વાંચવું, તેવું બોલવું જે તમને પ્રસન્ન બનાવે. કર્મો પર્વત જેવા છે તેથી તેની સામે માથુ ઝીંકવાનો મતલબ નથી. જેના ઉદયથી કોઈપણ તરફથી જોઈએ તેવું વર્તન ન મળે તો તેમાં વાંક તેમનો નહીં પણ કર્મોનો. મારે કોઈ ફરિયાદ, હતાશાવૃત્તિ, ભાગવાની વૃત્તિ કરવી નહીં. જાતને વધુને વધુ સમજાવવી કે કોઈ દુશ્મન નથી માત્ર નિમિત્ત જ છે. દ્વેષભાવ ગૌણ કરીને.

◆ **યાદ આવે અભયકુમાર ૩ વિશિષ્ટ ગુણોના માલિક હતા.**

(૧) બીજાના દુઃખમાં દુખી — દાતા

(૨) બીજાના સુખને / વિકાસને જોઈ સુખી - માતા

(૩) પોતાના વિકાસને જોઈ દુઃખી થનારા જીવો પ્રત્યે ઉદાસીન - રાધાવેધ સાધવા તત્પર બનલો યોદ્ધા.

ઉપરોક્ત ૩ ચીજો ખૂબ વાગોળજો.

(૧) બીજાની મુશ્કેલીમાં તરત મદદ કરવા ઉપડી જાય તેવા હાથ

(૨) બીજાનો વિકાસ દેખી પ્રસન્નતા મેળવતું હૃદય અને

(૩) આપણા વિકાસમાં કાંકરીચાળો કરનારની ચેષ્ટા જોઈને disturb ન થતું powerful mind. આટલું અવશ્ય મળે તેવું પ્રભુ પાસે માંગવું.

◆ **સંબંધ ત્રણ પ્રકારના છે : (૧) વાસનાકેન્દ્રિત સંબંધ :**

જેની સાથેના સંબંધમાં વાસના એટલે કે કામવૃત્તિ અથવા સ્વાર્થવૃત્તિ કેન્દ્રમાં હોય તે. સ્ત્રીને જીવન જીવવા સતત આધારની જરૂર પડતી હોય છે. તેથી પોતાની સલામતી, સગવડ, શોખ અને શારીરિક જરૂરિયાતોને પૂર્ણ કરવા જે સંબંધ બંધાય તે વાસનાકેન્દ્રિત. માત્ર સ્વાર્થપ્રધાન આ સંબંધ હોવાથી તેમાં સંઘર્ષો અને સંકલેશોના જન્મની સંભાવના છે.

**(૨) વ્યવહારકેન્દ્રિત સંબંધ :** સંસારના વ્યવહારોને કેન્દ્રમાં રાખીને નિભાવાતો સંબંધ. વાસનાની મુખ્યતા ન હોય પરંતુ સતત મન વ્યવહારોને

મુખ્યતા આપી વિચારતું હોય, સતત અન્ય સાથેના સંબંધો સાચવવાની ચિંતા હોય અને તેમાં ખામી આવે એટલે કષાયો ઉત્તેજિત થાય. આમ સંસારનું જ પોષણ થયા કરે. પરસ્પરના વ્યવહારમાં અપેક્ષાનું ગણિત આમાં ચાલતું હોય છે. પોતાના નબળા પુણ્યના કારણે અપેક્ષિત પ્રતિભાવ ન મળે ત્યારે મન દુઃખી દુઃખી થઈ જાય.

(૩) **વિકાસકેન્દ્રિત સંબંધ :** સંબંધના કેન્દ્રમાં જાતનું ઉત્થાન કેન્દ્રમાં હોય. વિકાસ અનેક સ્તરે હોય છે. ભૌતિક, બૌદ્ધિક, શારીરિક. પરંતુ એક વિચાર એ આવે કે વિકાસ કહેવો કોને ? વિકાસની વ્યાખ્યા શું ? **જેનાથી સુખની પ્રાપ્તિ થાય, શાંતિ સુદૃઢ થાય અને સદ્‌ગુણોની વૃદ્ધિ થાય તે વિકાસ.** સુખની પ્રાપ્તિ કહી છે, સામગ્રીની નહીં, શાંતિને સુદૃઢ કરવાનું કહ્યું છે.—મનોરંજનને નહીં. સદ્‌ગુણોમાં તો ગેરસમજણ થવાની સંભાવના ઓછી છે. છતાં આત્મકલ્યાણમાં સહાયક બને તેવા સદ્‌ગુણોની વૃદ્ધિ કહી છે, અન્ય નહીં, ઘરાક સાથે રખાતી ક્ષમા, બળવાન પાસે રખાતી નમ્રતા, આઈ.ટી. ઑફિસર પાસે રખાતી ઉદારતા એ ગુણસ્વરૂપ નથી, દોષસ્વરૂપ છે તે પણ સાવધાનીપૂર્વક ઓળખી લેવું. સુખ શાંતિ-સદ્‌ગુણ કોની સાથેના સંબંધથી મળે ? **પુણ્યની વૃદ્ધિથી શાતાનું સુખ, સત્વની વૃદ્ધિથી સમાધિનું સુખ મળે. કષાયના હ્રાસ અને વિષયાભિલાષની નિવૃત્તિથી શાંતિ મળે, મોહનીયકર્મના ક્ષયોપક્ષમ અને દેવ-ગુરુકૃપાથી સદ્‌ગુણ મળે.** તો આ બધું કોની સાથેના સંબંધથી મળે ? તે વિચારવું અને તે સંબંધોને મુખ્યતા આપી જીવન ઘડતર કરવું. જીવન અણમોલ રતન જેવું મળ્યું છે, ત્યારે સંસારના ઉકરડામાં રગદોળાઈ ન જવાય અને હારી ન જવાય તેનું ખાસ ધ્યાન રાખવું.

## (પ્રેમ)

- કોઈ પણ વ્યક્તિની નબળાઈ કાઢવા માટે જે તે વ્યક્તિના પુરુષાર્થ સાથે સામેની વ્યક્તિનો પ્રેમ અને માર્ગદર્શન પણ જરૂરી બને છે.
- જાણવા છતાં પાપથી મુક્ત ન થવાય, જાણવા છતાં ધર્મઆરાધનામાં જોડાવવાનું મન ન થાય. આનું એક કારણ તે ક્રિયા અને તે બતાવનાર પરમાત્મા પર હજુ પ્રેમ જાગ્યો નથી. પ્રેમ હોય ત્યાં અનિચ્છાએ પણ

પ્રિયતમને ખુશ કરવા તે-તે ક્રિયા કરાય પછી ધીમે ધીમે ખુદને ગમતી થઈ જાય છે.

◆ પ્રભુ પર પ્રેમ જગાવવા પ્રભુના ઉપકારોનું સ્મરણ, પ્રભુની પ્રકૃષ્ટ સાધનાનું સ્મરણ, ખુદનું આંતરનિરીક્ષણ, પરમાત્મા સાથે વાતચીત, ફરિયાદ પ્રાર્થના આદિ પરાણે પણ શરૂ કરવાથી ધીમે ધીમે પ્રભુ પર પ્રેમ જાગતો થશે.

◆ 'ભય બિન પ્રીત નાંહી.'' સંસાર અને સંસારના વ્યવહાર પરનો કાતિલ ભય પેદા થાય, અને એમાંથી બચાવનાર એકમાત્ર શરણભૂત દેવ-ગુરુ લાગે તો પણ પ્રેમ જાગી શકે. પાપસ્થાન, પાપપ્રવૃત્તિ, પાપસંસ્કાર આદિ પર જબરદસ્ત ભય પેદા થાય તો પ્રભુ પર પ્રેમ જાગ્યા વિના નહીં રહે.

◆ જ્યાં અહંકાર હોય ત્યાં લાગણી રાગ બને છે, જ્યાં સરળતા હોય ત્યાં લાગણી પ્રેમ બને છે. જ્યાં માંગણી છે, સ્વાર્થ છે, કદાગ્રહ છે, માલિકીભાવ છે, ત્યાં રાગ છે, જ્યાં બલિદાન છે, નિસ્પૃહતા છે, સરળતા છે, સખ્યભાવ કે સેવકભાવ ભાવ છે ત્યાં પ્રેમ છે.

## (ધર્મ)

◆ આત્મનિરીક્ષણ માત્ર નેગેટિવ પોઈન્ટનું જ ન કરવું. આ ઉંમરે અને આ કાળમાં તમારી પાસે જે સમજણ અને શ્રદ્ધા છે તે કેટલા લોકોમાં હશે ? શું તે દેવ-ગુરુની કૃપા વગર મળ્યા છે ? શું સમજણના સ્તરે ફેરફાર નથી ? શું પાપમય મનનો સંઘર્ષ, આત્મનિરીક્ષણ અને દેવ ગુરુ બહુમાન નથી વધ્યા ? જે વેદના(દોષની) થાય છે તે પણ ધર્મનું જ ફળ છે.

◆ ધર્મ એ કોટિંગ વિનાની દવા જેવો છે, તાત્કાલિક મોઢું થૂ... થૂ... કરાવે એવો કડવો (કદાચ), લાંબા ગાળે જબરદસ્ત આત્મિક સુખની પ્રાપ્તિ કરાવનાર માટે પરાણે પણ ધર્મની આરાધના કરીએ તો કમ સે કમ અંદરનું સત્વ ખીલવવાની શક્તિ તો જરૂર મળે.

◆ ભાવ વગર દવા લેવાય તો પણ દવાની અસર થાય જ છે તેમ ક્યારેક

વિશિષ્ટ સંયોગોમાં ભાવ વગર ધર્મ કરાય તો પણ તેની અસર તેનું ફળ આવે જ.

◆ બાહ્ય નિમિત્તો પર અકળામણ કાઢવાની જગ્યાએ પૂર્વભવમાં અવળચંડાઈ કરી અંતરાયો બાંધનાર જાત પર જ અકળામણ કાઢવી, અને કર્મસત્તાને પરાણે ઝૂકવું પડે એવો સત્વનો વિકાસ કરવો, જેથી વહેલી તકે આત્મકલ્યાણનો માર્ગ પ્રાપ્ત થાય છે. તપની સાથે જપ, પ્રાર્થના, આત્મશુદ્ધિ પણ જરૂરી છે તેથી તેને પણ આત્મસાત્ કરવા.

◆ દુનિયાના તમામ સંબંધો કરતા ધર્મસંબંધ સૌથી વફાદાર, નિકટ અને ગાઢ હોય છે. એ કોઈના તોડ્યા તૂટે નહીં. આત્મકલ્યાણના નાતે બંધાયેલા સંબંધ ક્યારેય મોળા ન જ પડે એની ખાત્રી રાખવી.

## (કર્મ)

◆ જીવનમાં આવનારી પ્રત્યેક પરિસ્થિતિનું મૂળ ભૂતકાળમાં પડ્યું હોય છે. આપણી જ ભુલો, દુષ્કર્મો અને દુર્વૃત્તિઓથી બંધાયેલા પાપો ઉદયમાં આવતા અણધારી પરિસ્થિતિ પેદા કરે છે.

◆ લેણદાર જ્યારે લેણું લેવા આવે ત્યારે આપી જ દેવું પડે છે, તેમ કર્મસત્તા તેનો હિસાબ ચૂકતે કરવા આવે ત્યારે હિસાબ ચૂકતે/સરભર કરી જ આપવો પડતો હોય છે.

◆ તમે કહેશો કે નજર સામે મોત, અકસ્માત, ભૂકંપ, દુઃખ વગેરે અનુભવ્યું છે એટલે વધારે લાગે, પરંતુ પ્રશ્ન એ છે કે ડરવાથી શું વળશે ? કર્મ અવળા હશે તો ગમે તેટલી સાવધાની વચ્ચે પણ કાંઈ નહીં વળે, અને પુણ્ય પ્રબળ હશે તો લાખ મુશ્કેલીઓ વચ્ચે પણ એની મેળે રસ્તો નીકળી જાય, માટે મજબૂત બની દેવ-ગુરુ-ધર્મનો વિશ્વાસ કેળવી જીવનમાં આગળ વધતા રહેશો.

◆ પુરુષાર્થ કરીએ, પણ ચિંતા કરવાથી શું વળે ? ફક્ત લોહી ઉકાળા કે બીજું કાંઈ ? તમારાથી શક્ય સારામાં સારા પુરુષાર્થ કરો, સહન કરીને પણ સંબંધો સાચવો, પરંતુ કર્મઅવળા હોવાથી પરિણામ અવળું મળે તો

સ્વીકારીને આગળ ચાલવું, પરંતુ હતાશ થવાથી રહી સહી શક્તિ અને બુદ્ધિ નાશ પામે છે.

- બાહ્ય નિમિત્તો પર અકળામણ કાઢવાની જગ્યાએ પૂર્વભવમાં અવળચંડાઈ કરી અંતરાયો બાંધનાર જાત પર જ અકળામણ કાઢવી, અને કર્મસત્તાને પરાણે ઝૂકવું પડે એવો સત્વનો વિકાસ કરવો, જેથી વહેલી તકે આત્મકલ્યાણનો માર્ગ પ્રાપ્ત થાય છે. તપની સાથે જપ, પ્રાર્થના, આત્મશુદ્ધિ પણ જરૂરી છે તેથી તેને પણ આત્મસાત્ કરવા. (કર્મ / ધર્મ)

- ક્યારેક કર્માધીન હાર આવી પડે તો સ્વીકારવાની તૈયારી પણ રાખવી પડે પરંતુ તિરસ્કાર-દ્વેષમયભાવો એ અંદરની ગંદકીના સૂચક છે. કર્મનું વિજ્ઞાન વિચારીએ તો નિમિત્તભૂત વ્યક્તિ પર દ્વેષ નહીં થાય, આપણા કર્મો અને આપણી અવળચંડાઈ કારણ લાગશે.

- કોઈ પણ જાતનો કર્મનો ઉદય જવા માટે આવે છે, રહેવા માટે કશું આવતું નથી.

- કર્મવિજ્ઞાનનું સતત ચિંતન, મનન, રટણ કરતા જ રહેવું, કોઈ પણ પ્રવૃત્તિ બને છે તેની પાછળ ફક્ત કર્મસત્તા જ રહેલી છે. આઠ કર્મો પૂર્વ ભવોમાં બાંધ્યા છે, રાંચીમાચીને બાંધ્યા છે આથી તે અત્યારે ઉદયમાં આવ્યા છે અને જો તેમાં અસમાધિ કરી તો ફરી તે બંધાઈ અને પછીના ભવમાં હેરાન કરશે. મેં ગયા જન્મમાં પ્રભુની આશાતના કરી છે, ગુરુની આશાતના કરી છે, માટે એ વિચારો આવે છે, જે થાય છે, જે મળે છે તેમાં કર્મસત્તાનો જ હાથ હોય છે. આથી દુઃખ કરવા જેવું નથી.

- જગતનો નિયમ છે તમે જેવું કામ કરો તેવું જ વેતન મળે છે. વાવો તેવું લણો.

- સંસારયાત્રા સંયોગાધીન અને કર્માધીન હોય છે, પ્રત્યેક ક્ષણે આપણી ઇચ્છાથી પ્રતિકૂળ કે સાનુકૂળ પણ વિચિત્રપણે વર્તીને કર્મસત્તા આપણને સતત યાદ કરાવે છે – I am the king. તમારા જીવનનો સત્તાધીશ હું છું. આવા સંસારમાં સુખના સ્વપ્ના જોવા એ પણ મૂર્ખામી છે. તમારી એક ગુલામ, રમકડાં કે કઠપૂતળી કરતા વધારે હેસિયત ન હોય ત્યાં સુખની કલ્પના ય કેવી ? વાસ્તવિકતા જાણી હોય અને અપેક્ષાઓ ઘટાડી

હોય તો ભવિષ્યમાં દુઃખી ન થવાય. જેમ કર્મસત્તા એ King છે તેમ આપણે Just slave or toy છીએ આટલું યાદ રાખવું.

◆ સંસારયાત્રા સંયોગાધીન અને કર્માધીન હોય છે, પ્રત્યેક ક્ષણે આપણી ઈચ્છાથી પ્રતિકૂળ કે સાનુકૂળ પણ વિચિત્રપણે વર્તીને કર્મસત્તા આપણને સતત યાદ કરાવે છે – I am the king. તમારા જીવનનો સત્તાધીશ હું છું. આવા સંસારમાં સુખના સ્વપ્ના જોવા એ પણ મૂર્ખામી છે. તમારી એક ગુલામ, રમકડાં કે કઠપૂતળી કરતા વધારે હેસિયત ન હોય ત્યાં સુખની કલ્પના ય કેવી ? વાસ્તવિકતા જાણી હોય અને અપેક્ષાઓ ઘટાડી હોય તો ભવિષ્યમાં દુઃખી ન થવાય. જેમ કર્મસત્તા એ King છે તેમ આપણે Just slave or toy છીએ આટલું યાદ રાખવું.

## (સહિષ્ણુતા)

◆ યુદ્ધભૂમિમાં માલિક ખાતર કે મા ભોમ ખાતર લડવા આવેલ યોદ્ધો મોત સુધીની તૈયારી રાખી બધા કષ્ટ સહન કરી લે છે તો કર્મનિર્જરા ખાતર સામેથી આવી ગયેલ કષ્ટોને સહન કરવા આપણે કેમ તત્પર ન બનીએ ?

◆ જે કષ્ટો આપણને નરકની વેદનાથી બચાવે છે, જે સહનશીલતા અનંતકાળની દુર્ગતિમાં જતા બચાવે છે, જે વેદના પરમાત્માએ સામે ચડીને વેઠેલા ઘોર ઉપસર્ગો અને પરિહોની માત્ર સેમ્પલ જવી છે એવી વેદનાઓ સમતા, સમાધિ અને સાત્વિકતાથી સહન ન કરી શકાય ?

◆ મેલા કપડાને ધોકાના જેટલા ફટકા પડે તેટલું કપડું ચોખ્ખું જ બને, કર્મસત્તાના ફટકા પડે એમ આપણે ઉજ્જવળ બનવાનો પ્રયત્ન કરવાનો. આવા સમયને ભવિષ્યની આશા, કર્મનિજરાનો લાભ અને પ્રભુશાસનની ઉપાસના દ્વારા પસાર કરી દેશો તો ખૂબ - ખૂબ લાભ થશે.

◆ આપણી ઈચ્છા મુજબની પરિસ્થિતિઓ નિર્માણ થાય એવું પુણ્ય દર વખતે દરેકને મળતું નથી. પરિસ્થિતિ પ્રતિકૂળ હોય પણ આપણું સત્વ એને ઓવરટેક કરવાનું હોય તો જ કોઈ વિશિષ્ટ કાર્ય બની શકે.

◆ ''समाधानम् समाधि ।'' જેને મનનું સમાધાન કરતાં આવડે છે. તેનું નામ સમાધિ છે.

◆ બુદ્ધિશાળી વ્યક્તિ જ્યારે દુશ્મનની સામે સંઘર્ષમાં આવે ત્યારે તેનું એક જ કાર્ય હોય – દુશ્મનની સામે લડતા રહેવું. ઝૂકવામાં, હારવામાં, નિરાશ થવામાં એક જ પરિણામ આવવાનું છે એ પરાજય, પીછેહઠ અને છેવટે વિનાશ. યુદ્ધ બંધ ન થાય, આપણો (આત્માનો) વિજય ન થાય ત્યાં સુધી પીછેહઠ કેવી રીતે કરાય ? ઘણીવાર આપણને પ્રશ્ન થાય કે ક્યાં સુધી બધુ સહન કરવું ? જવાબ એક જ છે કે આપણા કર્મોનો નાશ ન થાય અને આત્માનો વિજય ન થાય ત્યાં સુધી.

## (પરમાત્મા ભક્તિ)

◆ આપણા સહુ માટે એક આશ્વાસન એ છે કે આ પરિસ્થિતિમાંય આપણું સદ્‌ભાગ્ય જાગતું છે કે અરિહંત પરમાત્માની કૃપા સતત આપણી સાથે છે જેમની ભક્તિ કર્મને કાપી નાખવા સમર્થ છે. અરિહંત પરમાત્માની ભક્તિ (૧) કર્મકૃતિને સુધારે - અશુભમાંથી શુભમાં મળે. (૨) સ્વભાવ પ્રકૃતિને સુધારે - ખરાબમાંથી સારો બનાવે. (૩) કુદરત પ્રકૃતિને સુધારે - અનુકૂળ બનાવી દે.

માટે મન મુકીને પરમાત્મા પ્રત્યે બહુમાન-અહોભાવ પ્રેમ-ભક્તિ-શ્રદ્ધા-સમપર્ણભાવ વિકસાવતા જશો તો જરૂર સમાધિ, સદ્‌બુદ્ધિ અને પરંપરાએ સદ્‌ગતિ-સિદ્ધિગતિ પ્રાપ્ત થશે. પરમાત્મા પર અને પુણ્ય પર શ્રદ્ધા રાખી મનમાંથી ચિંતા કાઢી નાખી અને મનને પ્રસન્ન, પ્રફુલ્લિત, શ્રદ્ધાન્વિત બનાવવું.

◆ કેન્સરની જાલિમ વેદનામાં રિબાતા રામકૃષ્ણ પરમહંસને કોઈક ભક્તે કહ્યું - 'તમે પરમહંસ છો, મનને આજ્ઞા કરશો તો પણ ગાંઠ ઓગળી જશે ત્યારે રામકૃષ્ણે કહ્યું – મા કાલીની ભક્તિમાં મન એવું ઓગળી ગયું છે કે કેન્સરની ગાંઠ પર લઈ જવા માટે મારી પાસે મન બચ્યું નથી.

◆ પ્રભુભક્તિમાં એવા ખોવાઈ જાવ કે જેથી શરીર-મન બંનેને ભૂલી જઈ આત્મા-પરમાત્મા એક થઈ જાય. તેનાથી ખૂબ બળ, પ્રચંડ પુણ્ય, વિશિષ્ટ

આત્મશુદ્ધિ અને પરમાત્માની કૃપા મળશે.

- પરમાત્મા તો માઈલસ્ટોન જેવા છે, એ માર્ગ બતાવે. હાથ પકડીને ક્યારેય ન ચલાવે... આપણે જ પરમાત્માનો અનાદર કર્યો, અવગણના કરી, મશ્કરી કરી, એમણે બતાવેલા માર્ગના ચિંથરા ઉડાડ્યા, સ્વચ્છંદતા પોષી, એમના દુશ્મનોને મિત્ર બનાવ્યા. આ પાપો, આ કુપ્રવૃત્તિઓ, આ અવળચંડાઈ એનું પરિણામ શું હોઈ શકે એની કલ્પના આવે છે કર્મસત્તાનું ગણિત, વર્તન બહુ કઠોર હોય છે, તેની સામે વર્તમાન પરિસ્થિતિજન્ય ખૂબ જ હળવા દુઃખો છે, એ પણ પરમાત્માની અનંત કૃપા છે.

- હૃદયમાં જન્મેલો કે જનમતો વિશુદ્ધ **પ્રેમ** ધીમે-ધીમે વિશિષ્ટ **પાત્રતા** જન્માવે છે. શ્રેણિક કે શ્રીકૃષ્ણના જીવનમાં જન્મેલા પ્રેમે જ પાત્રતા પેદા કરાવી અને ત્રીજા ભવમાં **પુરુષાર્થ** અને **પ્રાપ્તિ** સુધી પહોંચાડ્યાં. શરૂઆતના બે પર મહેનત થાય તો આગળના બે સહજતાથી મળે અને શરૂઆત માટે સ્તવન, સ્તુતિ આદિના ઊંડાણપૂર્વકના અવગાહન દ્વારા પરમાત્માનો વિશિષ્ટ પરિચય કેળવાય, ભાવસભરતા આવે તો પરિણામ મળી શકે.

- સાધનામાર્ગની વફાદારી અને વિશુદ્ધ પાલન માટે નેમિનાથ પરમાત્માની ભક્તિ વધારવી, જાપ-પ્રાર્થના-પ્રણિધાન કરી શકાય.

- લાખ રૂ.ના ચેકથી ટી.વી., ફ્રિજ જેવી બે ચાર સામગ્રી પણ મેળવી શકાય, માથે ચડેલું દેવું ઉતારી શકાય, ઘર, દુકાન જેવી જરૂરિયાતો મેળવી શકાય અને મોટામાં મોટો સોદો પણ કરી શકાય. લાખ રૂ.ને આંકડાથી-સામગ્રીથી ઓળખવા જુદી ચીજ છે, લાખ રૂ.ને તેની વાસ્તવિક તાકાતથી ઓળખવા જુદી ચીજ છે. ૧૦૦ રૂ.ને નાનું બાળક પણ જાણે છે, ભિખારી પણ જાણે છે અને વેપારી પણ જાણે છે. પરંતુ દરેકની ઓળખ પોતાની પાત્રતા પ્રમાણે હોય છે, તે તત્વની વાસ્તવિકતા મુજબ નહીં, તમે સહુએ પ્રભુને દુઃખનાશક સમાધિકારક તરીકે જોયા છે - દોષનાશક, કુસંસ્કારનાશક, સંસારનાશક તરીકે નથી જોયા તો પ્રભુને ઓળખ્યા કઈ

રીતે કહેવાય ? ઘર આગળના ખાડા પૂરવા કે કચરો સાફ કરવા વડાપ્રધાનને ફરિયાદ ન કરાય, તેમ સાંસારિક દુઃખ વખતે પરમાત્માને યાદ કરવા અને બાકીના સમયે લેવાદેવા નહીં તે પરમાત્માની અવહેલના, અવમૂલ્યન નહીં ?

- સૂતરના દોરામાં ફૂલ ગૂંથાય તેને હાર કહેવાય છે, આચારના દોરામાં ભાવ, સંસ્કાર અને પરિણતિ ગૂંથાય તે જીવનરૂપી હાર પરમાત્માને ધરવાનો છે. પૂજા = સમર્પણ... તન, મન, વચન, ધન, જીવન– આ સહુને સમર્પિત કરવાનું બળ મળે અને વહેલામાં વહેલી તકે પરમાત્મામાં વિલીન કરી દઈએ એ ભાવ જગાવવાનો છે.

- પ્રભુને પ્રાર્થના કરવી કે અપાત્ર દેખાતા પણ અનંતાને તાર્યા છે તો પ્રભુ ! મારી અપાત્રતાને તારવામાં કાં આડી લાવે ? સિદ્ધગિરિ છે, તમામની ઈચ્છાને સિદ્ધ કરી આપે, તો પ્રભુ મારી પણ સાધનાને સિદ્ધિ સુધી પહોંચાડી આપોને ?

- બને એટલું ચિંતન, મનન કરવું જેથી દોષો ઘટી શકે. રોજ પ્રભુ પાસે ગદ્ય પ્રાર્થના કરવી, ગુણાનુવાદ ગાવા, ફરીયાદ કરવી વગેરે...

- **ભગવાનના દર્શનની અનુભૂતિ શું ?**

  પીંજરામાં બંધ પક્ષીને જે અનુભૂતિ વિરાટ ગગનમાં ઉડતા પક્ષીને જોઈને થાય તે અનુભૂતિ ભગવાનના પ્રથમ દર્શને ભક્તને થાય છે. બંધ પક્ષી જે વેદના અનુભવે છે ચાહે તેનો માલિક તેને ખાવાનું, પીવાનું સારામાં સારું આપે, કારણ કે તે પીંજરામાં છે અને ઉડતા પક્ષીને કદાચ ખાવા-પીવા ન મળે, કદાચ કોઈ મોટું પક્ષી, શીકારી મારી નાખે તેનો ભય હોય છતાં પણ તે ખુશ છે કારણ કે તે મુક્ત છે. તેવી જ રીતે સંસારરૂપી જેલમાં રહેલા આપણને સર્વકર્મથી, સર્વબંધનથી મુક્ત એવા પરમાત્માને જોઈ વેદનાની અનુભૂતિ થવી જોઈએ.

- આપણને વાસ્તવિકમાં દેવ-ગુરુ-ધર્મની તાકત સ્વરૂપનો પરિચય જ નથી, આપણા ક્ષુલ્લક માન, અપમાન, ઈચ્છા ખાતર આપણે પરમાત્માને ઠુકરાવ્યા છે.

- જેમ મા અને મેળામાં બાળકની પસંદગી મા હોય છે. ગમે તેટલી ગમતી વસ્તુ હોય અને સામે મા હોય તો બાળક મા ને જ પસંદ કરે છે તેમ ભક્ત તમામ પદાર્થો અને પરમાત્મા વચ્ચે પરમાત્માને જ પસંદ કરે છે. આપણે પણ ગુરુને-પરમાત્માને મા ને સ્થાને અને સંસારને મેળાના સ્થાને રાખવાનો છે.

- આપણી હાલત ભિખારી જેવી છે. જે મળ્યું છે તે દેવ-ગુરુની કૃપાના બળે મળ્યું છે, હૃદય પણ દેવ-ગુરુની કૃપાથી કામ કરે છે નહીં કે મારી આવડતથી. મારી પાસેની તમામ વસ્તુ, તમામ પદાર્થો દેવ-ગુરુની કૃપાના બળે મળી છે અને વ્યવસ્થિત કામ કરે છે, આમાં મારી કોઈ આવડત નથી તો પછી અભિમાન શેનું ? જ્યારે-જ્યારે દેવ-ગુરુની કૃપા ગ્રહણ કરવામાં આવે છે ત્યારે જ શુભભાવો, પરિણતિ આવે છે બાકી કર્મસત્તા જ આત્મા પર ચડેલી હોય છે. આથી જે શુભભાવો આવે છે તે બધુ દેવ-ગુરુની કૃપા થકી છે. જો મારા બળે મેં શુભભાવો મેળવ્યા છે તો આટલા વખત સુધી કેમ ન આવ્યા ? અને આવ્યા પછી જતા કેમ રહ્યા છે ? સ્થૂલીભદ્રજીએ જો બાવડાના બળે નિર્વિકારિતા મેળવી હોય તો આટલા વર્ષો વેશ્ય ના ત્યાં કેમ રહ્યા ? દેવ-ગુરુની કૃપા મેળવવાથી જ શુભભાવો આવે છે, ટકે છે. સૂરજના કિરણ પડે તો જ દેખી શકાય, તેમ દેવ-ગુરુની કૃપાના પરિણામે જ શુભભાવો આવે છે. આથી આપણને આવતા તમામ શુભભાવો પર અધિકાર દેવ-ગુરુનો છે.

- જો પરમાત્માનો વાસ્તવિક પરિચય હશે તો તેમના પ્રત્યે પ્રેમ જાગશે, પ્રેમ પછી શ્રદ્ધા પછી સમર્પણ અને પછી સિદ્ધિ. જો સંસાર, દુઃખો અને દુર્ગતિનો ભય હોય તો પ્રભુ પ્રત્યે પ્રેમ જાગે જ.

- પરમાત્માનો, પરમાત્માના સ્વરૂપનો વાસ્તવિક પરિચય પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા, પ્રેમ, ભક્તિમાં વધારો કરે અને આથી જ કુસંસ્કારો તૂટે છે.

- પ્રભુ દરેક ક્ષેત્રમાં સર્વોત્કૃષ્ટ છે, પુન્યની દૃષ્ટિએ પરિવારના સુખની દૃષ્ટિએ, સંપત્તિની દૃષ્ટિએ, રૂપની દૃષ્ટિએ, કિર્તીની દૃષ્ટિએ સ્વામીત્વની દૃષ્ટિએ, વાણીની દૃષ્ટિએ કે પછી આત્મગુણના વૈભવની દૃષ્ટિએ. દુનિયાનું કોઈ પણ ક્ષેત્ર હોય પણ સર્વોત્કૃષ્ટ અરિહંત પરમાત્મા જ હોય.

◆ પરમાત્મા ! તમારી પાસે સુંદર રૂપ, પરિવાર, હજારો-કરોડો દેવતા સેવામાં છે, ચોમેર આપની પ્રશંસા થાય છે, લોકો પૂજે છે છતાં તમે તેમાં લેપાતા નથી કે ઉપસર્ગો-પરિસહો આવે તોય ઉદ્વિગ્ન થતા નથી તો પરમાત્મા આપની પાસે કયું સુખ છે ? તે સુખ શાથી છે ? મને સમજાતું નથી. આપની પાસે ઉત્કૃષ્ટ સામગ્રી છે તે સાચું પણ તેનો ઉપયોગ ન હોય તો સુખ શાથી ? છતાં આપ સૌથી સુખી છો તેવું સ્પષ્ટપણે આપના મુખ પરથી લાગે છે.

◆ ભક્ત અને ભગવાનના સંબંધમાં જેમ ભક્ત ભગવાનને મળવાની રાહ જોતો હોય છે તેના કરતા વધુ ભગવાન ભક્તની રાહ જુએ છે, ભક્તને લેવા ભગવાન દોડે છે, ભક્તને ભેટી રડે પણ છે, ભક્તને લાવી પોતાના સિંહાસને (તેમના પદ પર-પરમાત્મપદ પર જ) આરુઢ કરે છે અને જાતે ભક્તના પગ ધુએ છે, આ છે ભગવાનનો ભક્ત પ્રત્યેનો પ્રેમ. ઉદા. સુદામા-શ્રીકૃષ્ણ. (હિંદુ માન્યતા)

## (વૈરાગ્ય)

◆ ઝંઝાવાતો સામે પણ ઝઝૂમવાની તાકાત ધરાવતો વડલો ઉધઈ સામે લાચાર બની જાય છે. તેમ બાહ્ય મુસીબતો સામે અણનમ રહી શકનાર દેહ અંદરના રોગના કીડાઓથી તૂટી પડે છે.

◆ અજર-અમર રહેવા સર્જાયેલા આત્માની આ તે કેવી પરાધીનતા અને ગુલામી છે કે ગમે તે સમયે, અને ગમે તે સ્વરૂપે ગમે તેવા પ્રતિકારો વચ્ચેથી પણ મૃત્યુ જીવને ઉઠાવી લે છે. જેમાં ખુદ તીર્થંકર ભગવંતો પણ લાચાર હોય છે.

◆ ભૂકંપના આંચકા, અફવાઓના ધમાકાથી ત્રસ્ત રહ્યા હશો. જીવન કેટલું અનિશ્ચિત અને પરાધીન છે, ગમે તેટલા ધનસંપત્તિવાળા પણ કેટલા પરાધીન અને લાચાર એનો અંદાજ ખૂબ કરુણ રહ્યો હશે, આ બધામાં પણ દેવ ગુરુની કૃપાએ આપણને ઉની આંચ પણ ન આવવા દીધી. સતત દેવ-ગુરુની કૃપા સાથે છે જ આનો અંદાજ આવે છે.

- અનિવાર્ય અનિષ્ટરૂપે નિરર્થક પણ અભ્યાસ સાંસારિક જીવનની અનુકૂળતા ખાતર કરી લેવો પડતો હોય છે, એક સાંસારિક જીવન ઘણા બધા ભોગ, ઘણી બધી સહનશીલતા અને સાથે-સાથે ઘણા બધા પાપો માંગી લે છે, સુખનું નામ નહીં અને વેદનાનો પાર નહીં, અંદરની મૂડીનું ઠેકાણું નહીં અને બહારની ઝાકમઝાળનો પાર નહીં, જગતની સાથે જાતને પણ સતત છેતર્યા કરવાની એનું જ નામ સંસાર.

- અવારનવાર કર્મવિજ્ઞાનનું ચિંતન કરવાનો પ્રયત્ન કરતા રહેવો, તેનાથી તે તે પ્રવૃત્તિ વખતે સાવધ બનાય અને માનસિક પણ સમાધિ જળવાય. આઠે કર્મના સ્વભાવ, ફળ અને જીવની બેહાલીમાં તેનો ભાગ આ બધું ઉંડાણથી વિચારવાથી તથા કેવી પ્રવૃત્તિથી કેવા કર્મ બંધાય તેનું ચિંતન રાખવાથી અદ્‌ભૂત પરિણામ આવે છે જે અનુભવથી જ ખ્યાલ આવે.

- રાગ અને દ્વેષ એક જ સૈન્યના સૈનિકો છે. મોહરાજા અવારનવાર બંનેનો ઉપયોગ કરે છે. તેથી બંને જીવ માટે પતનનું કારણ બને છે. રોજ જે ઘરે રોટલી મળે ત્યાં કૂતરો પૂંછડી પટપટાવતો આવે, પરંતુ કો'ક વાર લાકડી પડે તો ક્ષણવાર ભસે, ગુસ્સે થાય, ફરી રોટલી દેખાતા પૂંછડી પટપટાવતો આવે. જ્યાં સુધી રોટલીની આશા ઊભી રહે છે ત્યાં સુધી પૂંછડી પટપટાવવાનું ચાલુ રહે છે. વચ્ચે લાકડીઓ વારંવાર પડે તો'ય ક્ષણિક દ્વેષ આવે પછી ફરી બંદા એના એ... આમ, આશા-અપેક્ષા ખતમ થાય ત્યાં રાગ-દ્વેષ મોળા પડે.

- ઉંદર ક્યારેય બિલાડીના મોઢામાં સામે ચાલીને જતો નથી, ગાય ક્યારેય સિંહના કે સાપ ક્યારેય નોળિયાના મોઢામાં જતો નથી તો સાંસારિક જીવન દ્વારા સામે ચાલીને કર્મસત્તાના છટકામાં સપડાવા કેમ તૈયાર થઈએ છીએ ?

- જિનશાસન માને છે કે માતાની કુક્ષિમાંથી બહાર આવવું એ તો વ્યાવહારિક જન્મ છે પરંતુ અનાદિકાલીન દોષો, કુસંસ્કારો, મિથ્યામાન્યતાઓમાંથી બહાર આવવું અને જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ સર્વજ્ઞભાષિત માર્ગને સ્વીકારવો તે જ સાચો જન્મ છે. માટે જ સાધુજીવન સ્વીકારરૂપ દીક્ષાને નવો જન્મ કહ્યો છે.

◆ ખુદ પરમાત્માએ કર્મક્ષય માટે કષ્ટો ઝીલ્યા અને પ્રભુએ કષ્ટો સહન કરવા એ જ કર્મનિર્જરાનો માર્ગ માન્યો છે એટલે પ્રભુના સેવકને, પ્રભુના આશ્રિતને કષ્ટ ન આવે એમ નહીં, પરંતુ કષ્ટમાં અસમાધિ કે સંક્લેશ ન આવે કારણ કે તેને પણ કર્મનિર્જરાનું જ સાધન માને. માટે પ્રભુને જ પ્રિયતમ માનો, તેમની સાથે જ નાતો જોડો.

◆ મનના થોડા ગૂંચવાડા અને ગોટાળાઓ ખાતર આખી જિંદગીને પાપોથી કલુષિત-કાબરચીતરી શું કામ બનાવવી ? દીકરાના ભવિષ્ય ખાતર મા જો સહન કરી લેવા તૈયાર હોય તો ખુદ પોતાના આત્મા ખાતર કેમ સહન ન કરવું ? અહીં સહન કરવાનું કેટલું અને કેટલા સમય માટે ? અને ભાવિના કેટલા વિરાટ કાલ માટે સદ્ગતિ અને સુખોનું રિઝર્વેશન ? બહુ જ સારો સોદો છે આ તો.

◆ આજે માણસ ઢોરને બચાવવા ય કતલખાને પગ મૂકતા ડરે છે તો ઢોર બનીને એ જ કતલખાનામાં કપાવા જવું પડે એવા પાપ શા માટે કરે ? નરકના વર્ણનો સાંભળતા ધ્રૂજી ઉઠીએ અને સંસારના અનર્ગળ પાપો (જે કરવા જ પડે છે) કરીને એ જ નરકનું રિઝર્વેશન કરાવીએ ? ના-ના એવી મૂર્ખામી તો કેમ કરાય ? જ્યાં જીવનના આચારો-વિચારોના કે સુખ-સગવડના ઠેકાણાં નથી, મનનો અને મોહનો કોઈ ભરોસો નથી, ઇચ્છા છતાં ય અનર્ગળ પાપો અટકાવવાનો કોઈ રસ્તો નથી એવા સંસારમાં ધર્મ કેવો અને કેટલો ?

◆ આપણે સહુ કર્મસત્તાના હાથની કઠપૂતળી છીએ, આપણું ધાર્યું કાચી સેકંડમાં ઉલટસુલટ થઈ શકે. તેથી પ્રસંગ આવ્યે જ વિચારણા કરવી તે ઉચિત છે.

◆ દીક્ષાર્થી તરીકે સ્વભાવ ધીર-ગંભીર-ખુમારીસભર અને પ્રવૃત્તિ જયણાસભર બની રહેવી જોઈએ.

◆ સતત એક વાતને ધ્યાનમાં રાખવાની જરૂર છે કે : We are in Danger Zone.' સંસારમાં રહેલો પ્રત્યેક આત્મા પળેપળ જોખમમાં છે, કર્મના હુમલાઓ, કુસંસ્કારોના હુમલાઓ, રોગ-શોક-આપત્તિ, ઘડપણ-મૃત્યુના

બાહ્ય હુમલાઓ તો ચાલુ છે. સંક્લેશ, અસમાધિ, દુર્ભાવના અભ્યંતર હુમલાઓ પણ આવ્યા જ કરે છે અને આત્માની તમામ સંપત્તિનો (ગુણોનો) નાશ કરીને જતા રહે છે. આત્મસમૃદ્ધિ જ આપણા માટે મહત્ત્વની છે. તે જ આપણી મૂડી છે તો તેને સાચવી લેવી એ જ આપણું કર્તવ્ય છે.

- વૈરાગીને તમામ પદાર્થો કચરા જેવા લાગે.

- જે સ્વસ્થ બને છે તે જ સ્વચ્છ બની શકે છે. શુદ્ધિનું લક્ષ્ય હોય તેને વિવેકબુદ્ધિ ટકાવવી અત્યાવશ્યક છે અને સ્વસ્થતા અને નિર્ભયતા હોય ત્યાં જ વિવેકબુદ્ધિ ટકી શકે છે.

- લાભ-નુકસાન, સુખ-દુઃખ, પોતાનું-પારકું આ બધાની સાચી વ્યાખ્યા મગજમાં બેસશે તો જ અભિગમ બદલાશે. જે વ્યાખ્યા પશુ-પંખીની છે તે જ આપણી ? આપણા સુખ-દુઃખ, હર્ષ-શોક, ઇચ્છા-તિરસ્કાર શેના આધાર પર ? તે પણ અનંતજ્ઞાની પરમાત્માના અણિશુદ્ધ શાસનની પ્રાપ્તિ બાદ ? છતી આંખે આંધળા થવાની પીડા શાને ભોગવવી ?

- પાપ પ્રત્યે, દુર્ગતિ પ્રત્યે, દોષો પ્રત્યે જો ભય પેદા કરી શકીએ તો બધા સંબંધોમાંનું અનિચ્છનીય તત્વ ઘટાડી શકીએ. ક્ષણવારના રાગ પછી અપ્રાપ્તિની વેદના છે તેની જગ્યાએ તેના વિપાકો અને નુકસાનોની વિચારણાથી ભય પેદા કરી શકાય તો રાગને તૂટવું જ પડે.

- દીપક બુઝાતા પહેલા વધારે તેજ આપે છે, રોગ જતા પહેલા વધારે વેદના આપે છે તેમ વાસના જતા પહેલા ભયંકર વિચારોત્તેજક બની જાય અને તેથી આપણે મૂંઝાઈ જઈએ એવું પણ બની શકે, માટે કોઈ પણ સ્થિતિમાં વૈરાગ્યને પુષ્ટ કરી સ્વસ્થ રહેવું તે જ સ્વસ્થતાનો, નિર્મલતાનો સચોટ ઉપાય છે તેમ લાગે છે.

- સાધનાનું પ્રથમ સ્ટેપ છે : સંસારનો રાગ તોડો ને તોડો જ... તે માટે પરમાત્માના રૂપ, ઐશ્વર્ય, લક્ષ્મી, ધર્મ આદિમાંથી કોઈ પણ તત્વને પકડી બહુમાન વધારાય. ભલે ત્યાં એકવાર અટકી જવાય પણ સંસારનો રાગ

તૂટે તે જ મહત્ત્વનું છે. ત્યારબાદ તે પ્રેમ-ગુણો પર, ઉપકાર પર, સાધના પર લાવી વ્યાપ વધારવો.

◆ સંબંધોની મુસાફરીમાં ભલે ચડાવ-ઉતાર આવી જાય, પણ પરસ્પરનો સ્નેહ-સદ્ભાવ કે અહોભાવ અકબંધ હોય તો વાંધો ન આવે અને આને માટે વૈરાગ્યને વિકસિત કરવાનો પ્રયત્ન કરવો, જેમ અગ્નિ તમામ કચરાને બાળી નાખે છે તેમ પેદા થયેલો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય તમામ દોષોને બાળી નાખવા સમર્થ હોય છે. વૈરાગ્યસભર વાણીનું શ્રવણ, વાંચન, ચિંતન અને લેખન આ બધામાં ઉપયોગી બની શકે.

◆ ડુબતો માણસ લાકડું છોડી સ્થિર પથ્થર જેવી વસ્તુ પર જતો રહ્યો, પણ વાસ્તવમાં તે વ્હેલ માછલી હતી અને તે મરી ગયો. બસ સંસાર એ વહેલ માછલી જેવો છે, આપણા સ્વજનો, ઓફિસ, ઘર, પત્ની વગેરે માછલી જેવા છે અને દેવ-ગુરુ-ધર્મ એ લાકડાના સ્થાને છે. આપણે આપણા સ્વજનો આદિ પર ભરોસો મૂકી દેવ-ગુરુરૂપી લાકડાને છોડી દીધું છે. બીજા સાધર્મિક માટે તમે જીવો એમાં હજી પુન્ય બંધાય, પણ સ્વજનો માટે જીવો, પાપ કરો તેનાથી પાપ જ બંધાવાનું કારણ કે સાધર્મિક માટે જીવવામાં તમારો સ્વાર્થ નહીં પણ ભક્તિ કારણ છે અને સ્વજનો માટે જીવવામાં તમે તમારો સ્વાર્થ, આસક્તિને મુખ્ય રાખી છે. વાસ્તવમાં તેમના પ્રત્યેનો મૈત્રીભાવ જીવનમાં છે જ નહીં.

◆ સંસારમાં છો ત્યાં સુધી હિંસા કરવી જ પડે છે, અને જેટલા જીવોને મારો છો તેને તમારા પ્રત્યે દ્વેષ થાય છે, અને તેને અસમાધિ થાય છે, આથી તે દુર્ગતિમાં જાય છે, તેમાં આપણે નિમિત્ત બનીએ છીએ. આથી તેટલા બધા દુઃખો આપણે સહન કરવા જ પડે છે.

◆ **નદીના** માર્ગમાં જોખમ ઘણું અને કષ્ટ પણ ઘણું... પથરા, પર્વત, રણ આદિથી જોખમ ઘણું. પરંતુ જ્યારે તે સમુદ્રને મળી જાય ત્યારે તે નિશ્ચિત બની જાય. કારણ કે સદાકાળ માટે અક્ષય બની જાય. સૂકાઈ જવાની હવે ચિંતા જ નહીં.

◆ **સરોવરના** જીવનમાં થોડું ઘણું જોખમ ખરું. તળાવની પાળ તૂટે, કાંપ ભરાય, સૂરજની ગરમીથી સૂકાઈ જવાય. પરંતુ કષ્ટનું નામનિશાન નહીં. ન કોઈ જગ્યાએ વહેવાનું, લડવાનું કે મળવાનું. વરસાદથી ભરાયા કે એક જગ્યાએ પડ્યા રહેવાનું પણ અંતે-ગંધાઈ જાય કે સૂકાઈ જાય. વહેલું-મોડું નષ્ટ થવાનું જ.

◆ **ખાબોચિયું** જોખમ પણ નહીં કે કષ્ટ પણ નહીં,પરંતુ કિંમત કાંઈ નહીં, દુનિયાના તિરસ્કારપાત્ર બનવાનું, છેવટે ટૂંકી જિંદગીમાં ખલાસ થઈ જવાનું.

◆ આપણી જિંદગીનું પણ આવું જ છે. નિર્ણય આપણે કરવાનો છે કે કેવી જિંદગી જીવવી. નદીનો મકસદ છે સાગરને મળવાનો તેમ તેની જિંદગીનું એકમાત્ર લક્ષ્ય પરમાત્માને મળવાનું અને તેમાં ભળી જવાનું છે. તેની જિંદગી નદી જેવી છે. હા, આ માર્ગમાં જોખમ અને કષ્ટ પણ ઘણા છે. પરંતુ જ્યાં લક્ષ્ય વિરાટ હોય ત્યાં તમામ જોખમ અને તમામ કષ્ટ નગણ્ય બની જાય છે. ઑલિમ્પિકના ગોલ્ડમેડલ માટે ખેલાડીઓ કેટલા કષ્ટ ઉઠાવે છે, ગિનિસબુકમાં નામ માટે કેવા કેવા ગતકડા લોકો કાઢે છે તો આ તો સ્વભાવ પ્રાપ્તિ અને પરમપદ પ્રાપ્તિની વાત છે. સહેલાઈથી ન જ મળે, પરંતુ મળે ત્યારે ન્યાલ કરી દે. **નદી જેવું જીવન છે સાધુનું.** નિર્મળ અને સ્વચ્છ, વહેતું અને લક્ષ્ય તરફ જ સરકતું. કોઈ તેનો લાભ ઉઠાવે કે ગેરલાભ, કોઈ સહાય કરે કે દુશ્મનાવટ તેને કાંઈ જ લેવા-દેવા નહીં. તેનું એક માત્ર લક્ષ્ય પ્રભુ મિલનનું, પરમની પ્રાપ્તિનું અને પરમમાં વિલયનું. અહોહો ! શું મસ્તી અને શું ખુમારી ? શું સમાધિ અને શું પ્રસન્નતા ? હા, આદર્શમાં સારી લાગતી વાતો વ્યવહારમાં કઠણ જરૂર લાગે. પરંતુ અશક્ય તો નથી જ. જીવનને લક્ષ્ય મુજબ વહેતું કરી દો, પહેલેથી કષ્ટઅને જોખમ માટે તૈયાર રહો, તો સમાધિ પણ અકબંધ અને સફળતા પણ નિશ્ચિત.

◆ **સંસારી સમકિતીનું જીવન સરોવર જેવું છે.** કષ્ટ નહીં જોખમ ઘણું. મળેલ સમ્યક્ત્વ ચિંતામણીને નષ્ટ કરવા ઘણા નિમિત્તો અને સંકટો આવે,

તેની સામે ટકવા દેવ-ગુરુની કૃપાનું તેટલું પીઠબળ ન હોય તેથી બચવું મુશ્કેલ. આમ સંસારી પાસે સુખ પણ ન ટકે સમકિત પણ ન ટકે. બંને બાજુ નુકસાન.

- ભોગરસિક સંસારીઓ ખાબોચિયા જેવા છે. કષ્ટ નહીં, તેમ ગુણોના નામે ભોપાળું હોવાથી જોખમ પણ કાંઈ નહીં, પરંતુ પ્રાપ્તિમાં શું ? માત્ર દુર્ગતિ, દુઃખો અને દોષો. પરિણામે અનંતકાળની રઝળપાટ.

- આ તમામમાંથી આપણે કયું જીવન જીવવું એ આપણે નક્કી કરવાનું છે. લક્ષ્ય અને પુરુષાર્થ આપણા હાથમાં છે. દેવ-ગુરુકૃપાનો સાથ મળી રહે એવી પૂર્ણ સંભાવના છે. પછી શું મુક્તિ હાથવેંતમાં ન આવી શકે ?

## (તપ)

- અનંત કરુણાસાગર પરમાત્મા સતત કરુણાનો ધોધ વરસાવી રહ્યા છે. મોઢામાં કાદવ નાખતા દીકરાને લાફો મારી દેવા છતાં માને જેમ એના પર પ્રેમ છે, તાવમાં આઈસક્રીમ કે ચોકલેટ માગતા દીકરાને ના પાડવા છતાં માને જેમ એના પર પ્રેમ અકબંધ છે તેમ આપણી વેદનાને તાત્કાલિક નહીં મિટાવતા પરમાત્માને આપણા પર પ્રેમ અકબંધ છે જ...

- શરીર, મન, અંતર અને આત્માને નિર્મળ કરવા અને તેની નિર્મળતા ટકાવવા તપ અને એમાં પણ આયંબિલ તપ જેવો અકસીર ઉપાય બીજો કોઈ નથી.

## (જ્ઞાન)

- સમજણના સમયમાં સમાધિપૂર્વક વેઠાતા દુઃખ કર્મનિર્જરા કરાવે, સમજણના અભાવમાં અસમાધિ અને આર્તધ્યાન અનંત કર્મબંધ કરાવે.

- મનથી સતત પરમાત્માના સાધનાકાળને નજર સામે રાખવો... તીર્થંકર પરમાત્માની પણ શરમ જો કર્મે નથી ભરી તો આપણે તો શું વિસાતમાં ? પ્રશ્ન એ છે કે સંકટકાળને સમજથી, સદ્‌બુદ્ધિથી, સમાધિથી આવકારવો છે કે અજ્ઞાન, અસદ્‌બુદ્ધિ અને અસમાધિથી ? નરક-નિગોદાદિ અનંતાભવો

આવા જ પસાર કર્યા છે, એમાં આ ભવનો ઉમેરો નથી જ કરવો, આટલું નક્કી કરી લેવું જોઈએ.

◆ વય વધતા પરિવર્તન તેનામાં જ આવે જેનો સમજણનો, સત્વનો અને શ્રદ્ધાનો પાયો કાચો હોય. શું માંસાહારીને જોતાં માંસ પણ ખાવાનો; દારૂડિયાને જોતા દારૂ પણ પીવાનો વિચાર આવશે ? નહીં તો જેમ આ બાબતમાં સમજણ અને શ્રદ્ધા પાકા છે, સંસ્કાર દૃઢ છે તો બીજા વિષયોમાં કેમ નહીં ? ઝંઝાવાત વચ્ચે પણ અડગ રહી માર્ગ બતાવે તે દીવાદાંડી, પ્રલોભનો વચ્ચે પણ અડગ રહી માર્ગ ટકાવે તે ધર્મી.

## (કટાક્ષ)

◆ દૂધ લોહી બને માટે પીએ છે, નસકોરી ફૂટે અને લોહી દૂધમાં પડે તો તે નથી પીતા કારણ કે ચીતરી ચઢે છે, જો આપણે આપણું લોહી ન પી શકીએ તો બીજાનું લોહી કેવી રીતે પી શકીએ ?

## (શ્રદ્ધા + સમર્પણ)

◆ આપણી શ્રદ્ધા આપણને સહાય કરી શકે પરંતુ તે બિનશરતી અને અત્યંત મજબૂત જોઈએ. પરંતુ લગભગ આપણી શ્રદ્ધા શરતી (હું આટલું કરું તો મારું આટલું થવું જ જોઈએ.) અને તકલાદી હોય છે. બળવાન કર્મને નબળી શ્રદ્ધા કઈ રીતે હટાવી શકે ?

◆ તાકાત દેવ-ગુરુમાં નથી, તેમના પ્રત્યેના આપણા સમર્પણભાવમાં છે, આપણી શ્રદ્ધામાં છે.

◆ એકલી સમજશક્તિ કે શ્રમશક્તિ જ પરિસ્થિતિને સુધારી શકતી નથી, સાથે-સાથે શ્રદ્ધાની શક્તિ પણ જોઈએ. શ્રદ્ધા એ એન્જિનમાં પૂરાતા ઓઈલ જેવી છે. સીધે-સીધું કામ ભલે ન આવે, પરંતુ એન્જિનની ક્ષમતાને ટકાવી રાખવા અને પોષવાના કામમાં આવે છે અને એન્જિનને ચલાવવામાં બહુ મોટો મહત્ત્વનો ભાગ ભજવે છે.

◆ કર્મ અવળા હશે તો ગમે તેટલી સાવધાની વચ્ચે પણ કાંઈ નહીં વળે અને પુણ્ય પ્રબળ હશે તો લાખ મુશ્કેલીઓ વચ્ચે પણ એની મેળે રસ્તો નીકળી

જાય, માટે મજબૂત બની દેવ-ગુરુ-ધર્મનો વિશ્વાસ કેળવી જીવનમાં આગળ વધતા રહેવું.

- જીવનમાં શ્રદ્ધા સાગર જેવી બને તો કદી ખાલી ન થાય. કેમ કે સાગરના બાષ્પીભવનથી બંધાતા વાદળ ફરી સાગરમાં વરસી જતા હોય છે, શ્રદ્ધાની કસોટીથી વિકસેલો પરિણિતભાવ આશીર્વાદ પણ અપાવે અને કસોટીમાં ટકવાનું સામર્થ્ય પણ અપાવે... શ્રદ્ધા માટે અંદરનો પ્રેમ જોઈએ. જેમ-જેમ તારક તત્વ પ્રત્યેનો પ્રેમ વધે તેમ શ્રદ્ધા વિકસે. બીજી એક વાત સાધના તૂટી શકે, સામગ્રી ખૂટી શકે પરંતુ શ્રદ્ધા ક્યારેય તૂટતી પણ નથી કે ખૂટતી પણ નથી જો એ સાચી હોય તો...

- તૂટી જવાનુ. નથી, ઝૂકી જવાનું નથી, પ્રસન્નતાપૂર્વક ઝઝુમવાનું છે, અંતે જીત શ્રદ્ધાની જ હોય છે.

- આજ ખરાબ હોવા છતાં આવતી કાલ ખરાબ જ આવે એવું જરૂરી નથી, આટઆટલી દેવ-ગુરુની કૃપા અને સાથ જીવનમાં વિશિષ્ટ શુભ પરિણામ લાવશે જ આટલી શ્રદ્ધા રાખો. એ પરિણામ વહેલું મોડું આવે એ બની શકે, પરંતુ ન જ આવે એવું ન જ બને.

- પરમાત્માએ બતાવેલો માર્ગ આત્મકલ્યાણકર જ હોય, પરમાત્માએ બતાવેલી તમામે તમામ ક્રિયા આરાધનાઓ ઉચિત અને યોગ્ય જ હોય.

- જિનશાસન માટે સિંહભાવે સમર્પણ કરનારને શાસન સિંહરૂપે સાચવી જાણે છે. આથી મનમાં શંકા, અશ્રદ્ધા, ભય જેવું રાખવું નહીં, તે તે સમયે યોગ્ય પરિણામો મળતા જ હોય છે.

- કર્મના સંયોગો કેવા લખાયા હોય તેનો શું ખ્યાલ આવે ? આપણી તીવ્રભક્તિ અને ઉત્કૃષ્ટ પ્રાર્થના ભલભલા કર્મોનો તાત્કાલિક ભુક્કો બોલાવી શકે છે. આપણી ઉત્કૃષ્ટ સંવેદના અને પ્રાર્થનાથી જલદી પરિણામ આવે છે.

- શ્રીમંતની શ્રીમંતાઈની વિરાટતાનો પરિચય ભિખારીને સમર્પિત બનાવે જ, વિદ્વાનની વિશિષ્ટ વિદ્વતાનો અનુભવ, અજ્ઞાનીને સમર્પિત બનાવે જ. તેમ પંચપરમેષ્ઠિની વિરાટતાનો વિશદ અને સ્પષ્ટ પરિચય સાથે આપણી ક્ષુદ્રતા-અધમતાનો પણ સ્વસ્થ સ્વીકાર, સમર્પિત બનાવશે જ.

વ્યવસ્થિત પરિચય નથી માટે બહુમાન નથી. અહંકારી પણ આગ લાગે ત્યારે બંબાવાળાને, સાપ પાછળ પડે ત્યારે મદારીને, રોગ આવે ત્યારે ડૉક્ટરને સમર્પિત બની જ જાય છે. આરાધ્ય તત્વની સમર્થતા અને આપણી ક્ષુદ્રતા અને અસહાયપણું આ બે ભલભલા દોષોને ઓવરટેક કરી સમર્પણના પંથે મૂકી દે છે.

◆ કૃપા મેળવવાની હોય છે, માંગવાની નથી હોતી. તમારો અંતરનો અનુરાગ જેટલો વધારે, આજ્ઞાપ્રતિબદ્ધતા જેટલી વધારે, માર્ગવફાદારી જેટલી ચોક્કસ તેટલો અનુગ્રહ-કૃપા મળ્યા કરે.

◆ મનમાં સતત એક વસ્તુની રટણા કરવા જેવી છે. હું અનંતશક્તિનો માલિક, હું અનંતચતુષ્ટયનો સ્વામી, તમામ સિદ્ધિ-લબ્ધિ, શક્તિઓનો અધિષ્ઠાતા હું. જગતની કોઈ પણ સિદ્ધિ એવી નથી કે જે હું મેળવી ન શકું. તો મારા દોષો, મારા કુસંસ્કારો પર કેમ વિજય ન મેળવી લઉં ? આપણે અનંતશક્તિના સ્વામી, આપણને મળેલા પરમાત્મા, પરમાત્માનું શાસન અને તેના અંગો પણ અનંત સિદ્ધિના ધામ, આપણને મળેલી ઈન્દ્રિયો અને શક્તિઓ પણ એટલી જ તેજસ્વી, છતાં આપણે કેમ અંદરથી નિર્બળ રહીએ છીએ ? એકદમ અદ્યતન-સોફિસ્ટિકેટેડ હૉસ્પિટલ, નં. ૧ ડૉક્ટરની ટ્રિટમેન્ટ મળતી હોય, ડૉક્ટરે ગેરંટી આપી હોય છતાં દર્દી એમ જ માન્યા કરે કે હું સાજો થવાનો જ નથી તો એમાં ડૉક્ટર, હૉસ્પિટલ અને ટ્રિટમેન્ટની ડિવેલ્યુએશન છે. તેમ પરમાત્મા ગેરંટી આપતા હોય, શાસનની હૉસ્પિટલ તમામ સાધનોથી સજ્જ હોય છતાં આપણે એમ જ માનીએ કે હું સુધરવાનો નથી તો તેમાં પરમાત્મા, શાસન તથા ગુરુની શક્તિનું ડિવેલ્યુએશન છે.

◆ ભગવાનની આજ્ઞા કચરી છે તેથી મારી સાથે નબળો વ્યવહાર થાય છે.

◆ માલિકીભાવ રહિતનો અને અપેક્ષા વગરનો સમર્પણ ભાવ લાવવાનો.

◆ ગુણો આપણામાંથી પ્રગટ કરવાના છે, તેથી સામેની વ્યક્તિ કેવી છે તે મહત્ત્વનું નથી પણ તેના પ્રત્યેની આપણી શ્રદ્ધા કેવી છે તે મહત્વનું છે.

# (ગુરુ સમર્પણ)

◆ દરિયાના પાણીમાં પડેલું લાકડું – એની નિયતિ શું ? આમથી તેમ અથડાવવું, દરિયાના ખારા પાણીથી ખવાતા જવાનું અને મોજાઓ ઉછાળતાં, જ્યાં લઈ જાય ત્યાં જવાનું. ન કોઈ દિશા નક્કી, ન કોઈ આધાર-રક્ષણ. એ જ લાકડામાંથી બનેલ નાવ-ખલાસીને સમર્પિત થઈ ગઈ તો જ્યાં જવું હોય ત્યાં સુરક્ષિત પહોંચે પણ ખરી, બીજાને પહોંચાડે પણ ખરી. આપણા જીવનની પણ આ જ કહાણી છે. કોઈ પણ જાતના નિયંત્રણ સ્વીકાર્યા વિના સંસારસાગરમાં લાકડાની જેમ અથડાયા-કૂટાયા, ડુબ્યા અને પાછા ઉપર આવ્યા. ન કોઈ લક્ષ્ય, ન કાંઈ પ્રાપ્તિ, ન જરા પણ સમાધિ... હા, ગુરુચરણે જીવન સમર્પિત કરે તે સુખી બની જાય, સંસારસાગરને પાર પણ ઉતરી જાય અને અન્યને પણ પાર કરે... જીવનમાં એક ગુરુતત્ત્વ એવું સ્વીકારવું જોઈએ જે આપણને દિશા આપી શકે અને ભયસ્થાન પણ બતાવી શકે. બાકી આપણી હાલત તો એવી છે કે હવામાન તોફાની છે, આંખ ઝાંખી છે, દરિયામાં ઠેર-ઠેર વમળ છે, અને આપણી નાવ મઝધારમાં મૂકી છે...

◆ ગુરુ-શિષ્ય વચ્ચેના સંબંધમાં પોતાના આત્મહિત માટે જરૂરી બધું જ લખાય તેના પર પગલું લેવું કે ન લેવું, કેવું લેવું વગેરે ગુરુતત્વ પર છોડી દેવાય. સંલગ્ન તત્વ વિશે પણ જણાવવું જોઈએ પણ હસ્તક્ષેપનો આગ્રહ ન રખાય, તેની પર શું પગલું લેવું તે ગુરુતત્વ પર જ છોડવું.

◆ ગુરુપૂર્ણિમા આપણા માટે વર્ષમાં એકવાર નહીં, રોજ હોય છે. જેના હૃદયમાં ગુરુનું અને ગુર્વાજ્ઞાનું સ્થાન છે એના માટે રોજ ગુરુપૂર્ણિમા હોય છે.

◆ કોઈ પણ ક્રિયાનો આશય આત્મકલ્યાણ જ હોવો જોઈએ. આત્મકલ્યાણનો મુખ્ય આધારસ્તંભ પ્રભુ આજ્ઞા અને ગુરુઆજ્ઞા છે. આથી તપ, ત્યાગ, વૈયાવચ્ચ, સ્વાધ્યાય વગેરે તમામ આરાધનાના યોગ પર બહુમાન, પ્રેમ હોવા જોઈએ જ, પણ પાયામાં ગુરુની આજ્ઞા અને આત્મકલ્યાણનું લક્ષ જોઈએ. નવકારશીમાં પ્રભુ આજ્ઞા ભળી છે આથી ૧૦૦ વર્ષની નારકી

કપાય છે. આમ, આજ્ઞા પ્રધાન ધર્મ છે માટે દેવ-ગુરુની કૃપામાં જ આત્મકલ્યાણ છે. દરેક યોગો પ્રભુએ મોક્ષમાં જવા માટે જ બતાવ્યા છે. આથી દરેક યોગો બહુમાનપૂર્વક આચરતા મોક્ષ મળે છે, પણ પાયો દેવ-ગુરુની આજ્ઞા છે. આવા દેવ-ગુરુની મારા માટે જે આજ્ઞા હોય તે યોગમાં આગળ વધીને આત્મકલ્યાણ કરવું જોઈએ. ભૂતકાળના કર્મોને અનુરૂપ જે યોગો આચરવા મળે તે યોગો પર પ્રચંડ બહુમાન જોઈએ, અને જે યોગો આચરવા ન મળે તેની પર પણ પ્રચંડ બહુમાન જોઈએ. કોઈ પણ યોગો પર માલિકીભાવ ન જ જોઈએ, ઉદા. વૈયાવચ્ચ કરતા હોઈએ અને ગુરુ આજ્ઞા કરે કે સ્વાધ્યાય કરો, વૈયાવચ્ચ બીજાને કરવા દો તો સ્વાધ્યાય કરવો જોઈએ.

- શાસ્ત્રો સાધનાની આધારશિલા વિવેકબુદ્ધિને માને છે. એકાંતે આચાર કે અનાચાર, આરાધના કે વિરાધના, ધર્મ કે પાપ કોઈને કહી ન શકાય. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈને જ કરવાનું હોય એમ એવી વિવેક-બુદ્ધિ જાગૃત ન થાય ત્યાં સુધી ગુરુને પૂછીને કરાય. હા, સ્વબુદ્ધિનો ઉપયોગ ન જ કરવો તેમ નહીં, પણ સ્વબુદ્ધિને ગુરુબુદ્ધિ મુજબ કેળવવા પ્રયત્ન કરવો તે જ સાચી સાધના છે. જે વાત સામાન્યથી પાપરૂપ મનાય, તે જ ક્યારેક ભાવરક્ષા માટે ઉપકારી પણ ગણાય.

- શાસ્ત્રમાં કહેવાયું છે કે ગુરુ વિના સંકોચે શિષ્યને કડક વચન કહી શકે, તે દિવસ તેના માટે ધન્ય દિવસ છે અને તે આત્મા પણ ધન્ય છે.

- જે ગુરુએ મને મારા આત્માની યાદ કરાવી, સ્વરૂપની જાણ કરાવી, અને રાગ-દ્વેષ, માયા-મમતા, વાસના વગેરેથી મારો બચાવ કર્યો, મારામાં વૈરાગ્યનો દીપ પ્રગટાવ્યો, તેવા ગુરુના ખાતર ૧૮ દેશ તો શું ચૌદરાજલોકનો સમસ્ત વૈભવ છોડી દેવાય. ગુરુ તત્વ એ ખૂબ વિરાટ તત્વ છે, તેમનું હૈયું ખૂબ વિશાળ છે. ખરેખર ગુરુ તત્વની પસંદગી કરવાની નથી તે સામેથી જ મળી જાય છે. પ્રભુ પ્રત્યે, શાસન પ્રત્યે વફાદારી હોય, છદ્મસ્થતાને લીધે દોષ હોય પણ હૃદયમાં પ્રભુનું સ્થાન ટોચ પર હોય છે, તો તેને ગુરુ બનાવી શકાય. જો કે ગુરુ તત્વ કરતા મહત્વનું આપણામાં રહેલું શિષ્યત્વ છે. ગુરુતત્વને હૈયામાં વસાવેલા

હોય. "Totally surrender without condition" તો ગુરુની બાહ્ય ઉપસ્થિતિ વગર પણ પરિણામ મળે છે. ઉદા. એકલવ્ય.

- ગુરુ એટલે આપણે જ્યાં છે ત્યાંથી મોક્ષમાં પહોંચાડનારું, પ્રભુ દ્વારા સર્જન પામેલું તત્વ છે. જે આપણી પાસે જુદા જુદા નામથી આવે છે અને શિષ્ય એટલે મોક્ષના લક્ષથી આવેલ, આત્મકલ્યાણ કરવાના લક્ષથી આવેલ એવો વ્યક્તિ કે જે ગુરુ તત્વના સહારે મોક્ષમાં જાય છે, મહત્વની ચીજ એ છે કે તે ગુરુ તત્વને હૃદયમાં પ્રતિષ્ઠિત કરે છે કે નહીં ?

- ગુરુ તત્વ પાસે દેખાડો કરવા, અહંકાર-ઈચ્છા-આસક્તિ પોષવા નહીં પણ દર્દી બની જવાનું છે. ડૉક્ટર પાસે આવેલો દર્દી જેમ ડૉક્ટર સાચો છે કે નહીં તે નથી જોતો, તેમ ગુરુ પાસે આવેલા શિષ્યે ગુરુ કેવળજ્ઞાની છે કે છદ્મસ્થ છે તે જોવાની જરૂર નથી. જેમ રોગી ડૉક્ટરની સલાહ માનતા, તેનામાં વિશ્વાસ મૂકી રોગનું નિદાન કરતા રોગ જાય જ છે, તેમ છદ્મસ્થ ગુરુની આજ્ઞા માનતા, સંપૂર્ણ સમર્પણ કરતા આપણી છદ્મસ્થતા (તમામ દોષો, કુસંસ્કારો) નાશ પામે છે. દર્દી માટે ડૉક્ટર કેટલો નિરોગી છે તે મહત્ત્વનું નથી પણ કેટલો નિષ્ણાત (રોગને દૂર કરવામાં) છે તે મહત્ત્વનું છે. દર્દીની નજર પોતાની જાલીમ પીડા દર્દ તરફ અને ડૉક્ટરની નિષ્ણાતતા તરફ હોય છે, તેમ શિષ્યની નજર પોતાના કુસંસ્કારો, દોષો અને ગુરુની રૂચિ તરફ હોવી જોઈએ. કદાચ તેનાથી વધુ નિષ્ણાત ડૉક્ટરો હોય છે છતાં પણ એકવાર જે ડૉક્ટર સાથે મનમેળ જામી જાય, પછી બીજા પાસે જતો નથી અને શ્રદ્ધાપૂર્વક તેની વાતને સ્વીકારે છે, તેમ અન્ય વડીલ, જ્ઞાની ગુરુભગવંતો પણ વિદ્યમાન હોવા છતાં, એક ગુરુતત્વને સમર્પણ કર્યા પછી તેમની આજ્ઞાને જ ધર્મ માનવામાં આવે છે. એટલે કે સમર્પણ કર્યા પછી ગુરુ ખોટા છે, મને અન્યાય કરે છે વગેરે વિકલ્પો ન જ જોઈએ, આવે તો સમજવું કે મોહનું સામ્રાજ્ય પ્રબળ છે. જેમ ડૉક્ટર બાકીના સમયમાં કયા દર્દીને તપાસે છે, કોન કેટલું મહત્વ આપે છે, કોની જોડે વાત કરે છે તેની સામે દર્દીને કંઈ લેવાદેવા નથી, તેને તો માત્ર પોતાના રોગ નિવારણ સાથે લેવાદેવા છે, તેમ શિષ્યનું ગુરુ પાસે જવાનું પ્રયોજન માત્રને માત્ર પોતાના સંસારનો નાશ કરવાનો છે. આથી ગુરુની

બીજી ક્રિયાઓ સાથે એની કંઈ લેવાદેવા નથી. માત્ર ગુરુની આજ્ઞા અને વૈયાવચ્ચ જ એના સંસારનો નાશ કરનારી બને છે. દર્દીનો રોગ નાશ કરવામાં ડૉક્ટર જ મુખ્ય છે, ચાહે દર્દીએ ડૉક્ટરની આજ્ઞા મુજબ લીધેલી દવા લીધી, વિશ્વાસ મૂક્યો વગેરે કારણ હોય. ગુરુની આજ્ઞા (ઈચ્છા અને પ્રેરણાનું) વગર કરેલો ધર્મ પણ સંસારમાં રખડાવે છે અને સંસારનાશનું મુખ્યકારણ ગુરુની આજ્ઞાનું પાલન છે. ગુરુની આજ્ઞા સાચી છે ખોટી તે નક્કી કરનારા આપણે કોઈ નથી અને જો તે મુલવવા ગયા તો ૧૦૦% પતન થાય છે જ. મિત્રો સાથે કૉમ્પિટિશન શક્ય છે પણ ગુરુ સાથે કે ગુરુ માટે કૉમ્પિટિશન કે કમ્પેરીઝન શક્ય નથી.

- ભુલ કરનાર તરી જાય પણ બીજાની ભૂલ જોનાર અને તેને યાદ રાખનાર હંમેશા ડુબી જાય છે. બીજાના દોષને જોવાનો કોઈ હક્ક આપણને નથી, આપણે ગુરુમાં જોઈશું તો પણ દોષ દેખાશે અને દુનિયાના તમામે તમામ જીવો (સંસારી)માં દોષો હોય જ છે.આથી આખી દુનિયામાં દોષો છે તેમ માની ગુરુને સમર્પણ ન કરીએ કે બધાની નિંદા કરીએ તે યોગ્ય નથી. અન્યમાં દોષ છે તે સાચું પણ આપણા (મારા)માં તો દરેક દોષો જબરદસ્ત કક્ષાના છે. આથી અન્યના દોષને જોવાનો મને કોઈ અધિકાર નથી. છદ્મસ્થ એવા ગૌતમસ્વામીના શિષ્ય કેવળજ્ઞાની બન્યા હતા. તાકાત દેવ-ગુરુમાં નહીં તેના પ્રત્યે રહેલા સમર્પણમાં છે.

- કેવળજ્ઞાની પોતાનો પરિવાર છદ્મસ્થમુનિ, ગણધરને જ સોંપે છે, એ જ બતાવે છે કે છદ્મસ્થ શિષ્યને તરવા માટે છદ્મસ્થ ગુરુની જ જરૂર છે. દેવ-ગુરુ કૃપાથી કંઈ પામ્યા અને પછી ગુરુનું અપમાન કરો તો તમે જ્ઞાન પામ્યા જ નથી. તમે ગમે તેટલા આગળ વધો, ગુરુ (ઉપકારીઓ)થી તમે પાછળ જ છો. રોગ ન જાય ત્યાં સુધી દવા ચાલુ રાખવાની છે અને રોગ ગયો ન ગયો તેની માહિતી પણ ડૉક્ટર જ આપે છે તેમ દોષ, તેની જાણ, તેને દૂર કરવાનો ઈલાજ અને દોષ નાશ થયો છે તે બધું ગુરુને જ ખબર પડે છે. દોષ છે તેવા આત્માના સંપર્કમાં આપણે રહેવું પડે છે કારણ ભૂતકાળમાં તે દોષ રાચીમાચીને સેવ્યા છે અને જે તે દોષી વ્યક્તિની નિંદા કરી છે.

◆ ગુરુ પર મિત્ર કે અધિકારભાવ નહીં પણ સમર્પણ ભાવ જોઈએ. વસ્તુ દુકાનમાં હોવા છતાં ન મળે તે ખામી ગ્રાહકની છે. કારણ ગ્રાહક જોડે વસ્તુ ખરીદવા રૂપિયા નથી કે વસ્તુ લઈ જવા વ્યવસ્થા નથી, તેમ દેવ-ગુરુ પાસેથી વસ્તુ (જ્ઞાન) આદિ ન મળે તો વાંક દેવ-ગુરુનો નહીં આપણી અપાત્રતાનો છે.

◆ ગુરુને જીવન સમર્પિત કર્યા પછી ઈચ્છા જ ન હોય, તેઓને શું ગમશે કે નહીં ગમે તે પ્રશ્ન જ ન આવે, કારણ કે આપણું રૂટીનનું ટાઈમ-ટેબલ જ તેઓ પાસે તૈયાર કરાવવાનું છે, આથી આમાં આપણી ઈચ્છા ક્યાંય આવે નહીં.

◆ શાસ્ત્રમાં દરેક જગ્યાએ દેવ-ગુરુને સાથે સરખાવ્યા છે. કારણ દેવ પણ ગુરુના મિડીયા જ આશીર્વાદ મોકલાવે છે. ગુરુની આજ્ઞાના પાલનમાં ગુરુનું બહુમાન આવી જ જાય છે, ગુરુને આપણે લીધે કષ્ટ ન પડે તેનું પણ ધ્યાન આપણે રાખવું જોઈએ. તેઓને કષ્ટ કે દુઃખ પડે તેવું કોઈ પણ કાર્ય આપણાથી ન થવું જોઈએ, કારણ ધર્મમાં, અધ્યાત્મમાં, સાધનામાં ટકી રહેવા દેવ-ગુરુના આશીર્વાદ, કૃપા ખૂબ જ જરૂરી છે.

◆ સર્વ પ્રથમ તો દૃઢ શ્રદ્ધા અને નિશ્ચય જોઈએ કે ગુરુ જે કરશે તે મારા કલ્યાણ માટે જ કરશે અને મારે મારું કલ્યાણ જ કરવું છે, તેથી ગુરુ કદાચ લડે, મારે, પ્રેમ કરે તે બધામાં મારું કલ્યાણ જ છે. જ્યારે એક ગુરુને જીવન સોંપાઈ જાય ત્યારે બીજા સાધુઓ પર પ્રેમ, સમર્પણ હોય પણ જીવન સુકાની તો એક જ ગુરુ હોય.

## (પાપ - કુસંસ્કાર)

◆ વિશેષાવશ્યક ભાષ્ય નામના શસ્ત્રમાં જણાવ્યું છે કે નાનકડી પણ ઈજા, થોડું પણ માથે ચડી ગયેલું દેવું, મામૂલી પણ અગ્નિનો કણિયો.. તેની જો ઉપેક્ષા કરવામાં આવે તો મહાવિનાશનું, તારાજીનું કારણ બની જાય છે તેમ નાનકડું પણ દેખાતું પાપ, નાનકડો પણ જામી ગયેલો દોષ આત્મા માટે અનંતકાળની દુર્ગતિનું કારણ બને છે.

- નાનકડા બીજમાં વિરાટ વડલો છૂપાયેલો હોય છે, નાનકડા ખોળિયામાં વિરાટ આત્મા રહેલો હોય છે, તેમ આજે નાનકડા દેખાતા દોષમાં કે પાપમાં આપણને ઇન્સાનમાંથી શેતાન કે હેવાનમાં ફેરવી નાખવાની શક્યતા રહેલી છે.

- વાઘના બચ્ચા સાથે હજી રમત કરાય, સાપોલિયા સાથે ભલે નાનું હોય તો પણ રમત ન કરાય, કેમ કે ગમે ત્યારે ડંખ મારી દે, તેમ પાપ સાપોલિયા જેવું છે, તેની સાથે કદી પણ રમત ન કરાય... માટે શક્ય તેટલા પાપ ત્યાગપૂર્વક જીવન જીવવા પ્રયત્ન કરવો. (કુસંસ્કાર) આ માટે પાપસ્થાનનો શક્ય તેટલો ત્યાગ, પાપવૃત્તિનો શક્ય તેટલો ત્યાગ, પાપવિચારોથી બચવાનો શક્ય તેટલો પ્રયત્ન, ધર્મસ્થાનમાં વધુમાં વધુ હાજરી, ધર્મપ્રવૃત્તિનું વધુમાં વધુ આચરણ અને શુભવિચારોથી મનને સતત ભાવિત કરવાનો પ્રયત્ન કરવો. આમ, કરવાથી જુના મલિન સંસ્કારો નાશ પામે છે, ભૂંસાય છે અને શુભસંસ્કારોનું બીજ પડી જાય છે.

- બીજાને સાથ આપવાની ઇચ્છાથી પણ ઝેર ન ખવાય, તેમ સાથ આપવાની ઇચ્છાથી પણ વિષયસંપર્ક કેમ કરાય ? શાસ્ત્રકારો કહે છે કે આપણા ખુદના અધ્યવસાયોનો પણ ભરોસો રાખવા જેવો નથી. ક્યારે બગડશે તે નિશ્ચિત નહીં માટે સાપની જેમ પાપનિમિત્તોથી દૂર જ રહેવું સારું.

- સજ્જનમાં પણ શેતાનના સંસ્કારો પડ્યા જ હોય છે અને નિમિત્ત મળતાં ટોળાની વચ્ચે તે જાગૃત થઈ ઊઠતા હોય છે. આમાં જાતનો ભરોસો પણ કેમ રહે ? આપણી અંદર પડેલા કુસંસ્કારો ક્યારે જાગૃત થઈ જાય અને ભયંકરમાં ભયંકર પાપકાર્યોની હારમાળા ખડી કરી દે તે કહેવાય નહીં. તેથી જ્યાં સુધી સદ્‌બુદ્ધિ છે ત્યાં સુધીમાં જ તે કુસંસ્કારોને ખતમ કરી નાખવા પ્રચંડ પુરુષાર્થ ફોરવવો અત્યંત જરૂરી છે.

- કષાય દિવાસળી જેવા છે. સામેનાને બાળે કે ન બાળે, ખુદ તો બળી જ જાય, તેમ કષાયોથી બીજા હેરાન થાય કે ન થાય, આપણો આત્મા

તો કર્મથી ભારે બને જ. સામેનાની ભૂલના કારણે પોતાનું નુકસાન કરે એવા મૂર્ખ વેપારી કોણ ?

◆ એક નિયમ સમજી રાખવો કે અંદરના કુસંસ્કારો ગમે તેટલા મજબૂત હોય, પરંતુ તેને નવું બળ ન આપીએ તો પોતાની મેળે ધીમે-ધીમે નબળા પડી જાય છે અને કમ સે કમ આટલું તો કરી જ શકીએ ને કે સંસ્કારોના નાશ ન કરી શકીએ તો પણ નવું બળ તો ન જ આપીએ.

◆ વાસનાને આગ સાથે પણ સરખાવેલી છે. આગ સ્વયંના ઈંધણને તો બાળે, આજુબાજુના પદાર્થોને ય બાળે, છેવટે કાળા તો કરે જ... તેમ વાસના ખરાબ વિચારો પેદા કરે જ, સાથે શ્રદ્ધાદિ ઉત્તમ ભાવોને કાં નષ્ટ કરે, કાં મલિન કરે.

◆ દોષ દૃષ્ટિથી જ બધી મોકાણ ઉભી થઈ છે. દોષ દૃષ્ટિથી આખી જીવનની સાધના વિખેરાઈ જાય છે.

◆ દોષો અને કુસંસ્કારોમાંથી બચવાનો એકમાત્ર રસ્તો છે, તીવ્ર દોષધિક્કાર અને ઉછળતો ગુણાભિલાષ. સંપૂર્ણ દોષ ન નીકળે ત્યાં સુધી તીવ્ર દોષધિક્કાર રહેવો જોઈએ. જ્યાં સુધી દોષ દ્વારા થતા દેખાતા લાભો ગમશે, દોષો ગમશે, માત્ર દોષની સજાનો જ ડર રહેશે ત્યાં સુધી દોષથી છૂટવું મુશ્કેલ છે. ગુણસેવનના પ્રારંભમાં (દેખાતા) નુકસાનની અરૂચિ છે, ગુણો પ્રત્યે ઉપેક્ષા છે અને ગુણના લાભોની અપેક્ષા નથી ત્યાં સુધી ગુણો આત્મસાત્ થવા મુશ્કેલ છે. એક એક દોષોએ આત્માને બેહાલ કર્યો છે તેનું ચિંતન થાય તો દોષધિક્કાર પેદા થાય અને દોષોથી છૂટકારો થાય.

## (સત્ત્વ)

◆ દુનિયાના સંઘર્ષમાં પરાજય મળી શકે, દોષ સામેના સંઘર્ષમાં પરાજય લગભગ નથી મળતો, કેમ કે સંઘર્ષ એ જ વિજયની શરૂઆત છે. એટલે થાક્યા વિના, નિરાશ થયા વિના દોષો સામે લડતા રહેવું. વિજય નિશ્ચિત છે.

## (અધ્યાત્મ)

◆ બાહ્ય આરાધનાઓ ઓછી વત્તી થાય, ત્યારે આત્મદર્શન રૂપ અભ્યંતર સાધના વધારવાનો પ્રયત્ન કરવો... બધા બાહ્ય પદાર્થો પર છે, જ્યારે અંદર કોઈ જુદો બેઠેલો છે, એ કોણ ? તેની અનુભૂતિ મેળવવાનો અંદરથી પ્રયત્ન કરવા જેવો છે, અદ્ભૂત અનુભૂતિ પ્રાપ્ત થશે.

◆ આત્મકલ્યાણને ગૌણ કરી પરકલ્યાણ કરવાનું શાસ્ત્રકારોએ ક્યારેય નથી કહ્યું. આત્મકલ્યાણ સાચવીને પરકલ્યાણ કરી શકાય. જો અહંકાર, આગ્રહ અપેક્ષા વધતા હોય, જો આપણું આદેય નામકર્મ નબળું હોય, જો અસફળતા મળતાં સમાધિ જોખમાતી હોય પરકલ્યાણની પ્રવૃત્તિ વધી જતાં સ્વકલ્યાણ ગૌણ બની જતું હોય તો એવું પરકલ્યાણ શાસનસંમત કે શાસ્ત્રસંમત નથી. આવી બધી બાબતોમાં આત્મસાક્ષીએ અને તે શક્ય ન બને તો ગુરુસાક્ષીએ નિર્ણય લેવો જોઈએ.

◆ આત્મપરિણતિના ક્ષેત્રે ભક્તિભાવ ખૂબ ન જામતો હોય પરંતુ વૈરાગ્ય, આત્મચિંતન, ભવભય જામતા હોય તો તે પણ વિકાસ છે જ, તે ક્ષેત્રે આગળ વધવાના પ્રયત્નો કરી શકાય.

◆ સાધનાના પાંચ તબક્કા હોય છે, પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ. જેમની સાધના સિદ્ધિના તબક્કાથી આગળ વધીને વિનિયોગના સ્તરે પહોંચે તેમના પુદ્ગલો બીજાને અસર કરતા હોય છે. સાધના કોઈ પણ હોય-અહિંસાની, મૈત્રીની, કરુણાની, તપની, સંયમના વિશુદ્ધ પરિણામોની... પરંતુ તે સાધના સિદ્ધિ-વિનિયોગના સ્તરે પહોંચે તો જ અપેક્ષિત પરિણામ આપી શકે. કોઈ પણ કસોટી કે વિઘ્નો જેને ડગાવી ન શકે તેવી દઢ સાધના, સતત તેના પરિણામોથી (અધ્યવસાયોથી) ભાવિત સાધના, સહુનું કલ્યાણ થાઓ, આવી ભાવનાથી ભાવિત સાધના... આવી સાધનાના ફળરૂપે વિનિયોગ આવી શકે છે.

◆ જ્યાંથી મન સાથે વાણી પણ પાછી ફરી જાય છે તેવું શુદ્ધઉપયોગમય નિર્વિકલ્પમય ધ્યાન છે.

◆ **ઉપયોગ જે રૂપે હોય તે રૂપે આત્મા પરિણમવા લાગે છે.** આ સૌથી મહત્ત્વની વાત છે.

◆ આત્મા સતત ભોગના વિચારો કરે તો ભોગીરૂપે પરિણમે. સતત યોગના વિચાર કરે તો યોગીરૂપે પરિણમે છે.

◆ જે રીતે આત્મા પરિણમે તે રૂપે તે ઓળખાય અને આગળ વધીને તે રૂપે કામ કરે. આપણો આત્મા શરીરરૂપે પરિણમતા શરીર રૂપે ઓળખાય છે અને આગળ વધીને શરીરરૂપે કામ કરે છે. આપણો ઉપયોગ શરીર, મન, ઈન્દ્રિયરૂપે કેન્દ્રિત કર્યો છે. આત્મા આત્મારૂપે કામ કરતો નથી. ધ્યાનના આલંબને આત્માના ઉપયોગને શુદ્ધ બનાવવો છે. શુદ્ધ ન બને તો શુભ બનાવવો છે. મનનું કામ સંકલ્પ - વિકલ્પ (અંતર-જલ્પ)નું છે, આત્માનું કામ અનુભવ કરવાનું છે.

◆ પ્રભુએ જે અવસ્થા પ્રગટ કરી એ અનુભવવી છે એ ભાવ લગની.

◆ ધ્યાનમાં શ્રુત સંપત્તિ, શ્રદ્ધા સંપત્તિ, ભાવના સંપત્તિ, ત્યાગ સંપત્તિ, શીલસંપત્તિ, પ્રજ્ઞાસંપત્તિ, સમાધિસંપત્તિ એમ સાત મૂડી જરૂરી છે.

◆ જ્યાં દેહલક્ષિતા જ નહીં હોય ત્યાં બાહ્ય સ્વાર્થ નહીં આવે.

◆ સતત આપણા આત્મસ્વરૂપને યાદ રાખી પદાર્થો-સંપત્તિમાં રાચવું નહીં.

◆ મારે પદાર્થોના ગુલામ (મનના) નથી જ બનવું, ઈન્દ્રિય, ઈન્દ્રિયોનો ભોગવટો, પ્રશંસા, માન-કષાય, મનના વિચારો, શરીર વગેરેના ગુલામ નથી જ બનવું, મારો આત્મા સહજાનંદી છે, મારા આત્માને માન, પ્રશંસા, ઈન્દ્રિયોના ભોગવટાથી આનંદ નથી મળવાનો. આનંદ બહારમાં નથી રહ્યો. આનંદ મારામાં (આત્મામાં જ) રહેલો છે. જગતની કોઈ તાકાત મને દુઃખી કરી શકતી નથી. જો હું મારા સ્વરૂપને અનુરૂપ આચરણ કરું તો.

◆ પરમાત્મા કહે છે કે ''હું અને તું સહજાનંદી છે, આનંદ મેળવવા, શરીરની, મન-ઈન્દ્રિયોની જરૂર પડતી નથી, તેમનો સહારો તો ગુલામી છે, દુઃખો પણ મન-શરીર આદિને જ પડે છે, પણ હું અને તું તો શુદ્ધ ચૈતન્ય આત્મા છે.

◆ સ્વાધ્યાય એ સાધનારૂપ ગુણરૂપ છે. આત્મામાં ગુણોનો વિકાસ કરાવી આપવો એ તેનું મુખ્ય પરિણામ છે. જેનાથી આત્મામાં ગુણોનો વિકાસ

થાય. આત્મભાવમાં સ્થિર થવાય તે બધો સ્વાધ્યાય જ છે. આપણે આપણા આત્મભાવમાં રમતા રહેવું.

- Self condidence વધારી પૂર્ણ શક્તિ અને વિશ્વાસ પ્રગટાવી સહેજ પણ સમય નકામો જવા દીધા વગર મને એકાગ્ર કરીને આગળ વધવું. ક્યારેય પણ કોઈના વિષે ઘસાતુ બોલવું નહી. સુદર્શન શેઠ અને અભ્યારાણીનો પ્રસંગ વિચારવો. વ્યભીચારિણી અભયા માટે પણ સુદર્શનશેઠ મૌન રહ્યા છે. તે તો શ્રાવક હતા. પણ આપણને તો પ્રભુનો વેષ મળ્યો છે અને પ્રભુનો ચારિત્રમાર્ગ મળ્યો છે. તો આપણી પાત્રતા અને જવાબદારી કેટલી વધી જાય ? માટે જીવનમાં ખૂબ જ અંતર્મુખ બની આત્મરમણમાં સ્થિર થઈ જવું.
- આપણા જીવનમાં બનતી બધી જ ઘટનાઓ આપણા સાક્ષીભાવને મજબૂત કરનારી બનવી જોઈએ. જેમ દરિયામાં ઉછળતા અને વિલીન થતા મોજાઓને જોઈએ છીએ, તેમ બનતી ઘટનાઓને અને અનુભવાતા બીજાના ગુણ-દોષને માત્ર સાક્ષીભાવથી જોતા શીખો. મનનો કોઈ જ પ્રતિભાવ સંકળાય નહીં તે સાક્ષીભાવ-ઉદાસીનભાવ-આત્મરમણતા, **ઉત્કૃષ્ટ વૈરાગ્ય અને વિશુદ્ધ પરિણતિથી આ સાક્ષીભાવ ઊભો થાય છે.**
- સ્વાધ્યાય એ સાધનારૂપ ગુણરૂપ છે. આત્મામાં ગુણોનો વિકાસ કરાવી આપવો એ તેનું મુખ્ય પરિણામ છે. જેનાથી આત્મામાં ગુણોનો વિકાસ થાય. આત્મભાવમાં સ્થિર થવાય તે બધો સ્વાધ્યાય જ છે. આપણે આપણા આત્મભાવમાં રમતા રહેવું.
- **વ્યાવહારિક વિચારધારા એ ભાવસંસાર છે.**

  **શાસ્ત્રીય વિચારધારા એ દ્રવ્યસંયમ છે.**

  **આધ્યાત્મિક વિચારધારા એ ભાવસંયમ છે.** દા.ત. 'હું કો'કની સેવા કરીશ તો કોઈ મારી જરૂરિયાતમાં સાથે રહેશે.' — આ વિચારણાથી સેવા કરવી તે **વ્યાવહારિક વિચારધારા.**

  'સમુદાયમાં ઘરમાં તો કામ કરશું તો જ કિંમત રહેશે'તે **વ્યવહારિક વિચારધારા.**

  'હૈયું બાળવું તેના કરતા હાથ બાળવા સારા તે **વ્યવહારિક વિચારધારા.**

શાસ્ત્રો કહે છે કે સેવા કરવી તે તીર્થંકર નામ કર્મની ચાવી માટે સેવા કરવી તે શાસ્ત્રીય વિચારધારા.

'ઉદારતા-સહાયકતા-પરગજુતા-પરકાર્યરસિકતા—વૈયાવચ્ચપ્રિયતા આદિ ગુણના કારણે ઉછળતા ઉલ્લાસથી એટલે કે માત્રને માત્ર આત્મ ઉલ્લાસથી માંડલીની ભક્તિ કરી લેવી તે **આધ્યાત્મિક વિચારધારા.**

આપણે વ્યવહારિક કે શાસ્ત્રીયમાંથી આધ્યાત્મિકમાં જવાનું છે. આ લક્ષ્ય સદાકાળ દૃષ્ટિ સમક્ષ રાખવું જીવનની પ્રત્યેક પ્રવૃત્તિ આવી આધ્યાત્મિકતાથી રચાય તો મોક્ષ હાથવેંતમાં આવી જાય.

## (આત્મચિંતન)

- જ્યાં નિષ્ફળતા મળે ત્યાં હંમેશાં તે-તે પરિબળોના Analysis ના આધારે આપણી ભૂલ, સામેવાળાની ઓછી પાત્રતા, પુણ્યના અભાવે સીધી વાત પણ ઊંધી પડવી, આપણા હૃદયના ખૂણામાં બેઠેલો અધિકારભાવ, સ્વાર્થભાવ વિગેરે શોધી શકાય અને સતત જાગૃતિ, સંઘર્ષ અને પરમાત્માની પાસે પ્રાર્થનાના બળે આ બધું દૂર કરી શકાય.
- ક્યારેક એક અકળામણભર્યો પ્રશ્ન સતાવી જાય છે. આપણે ક્યાં ? કઈ કક્ષાએ ? બહારથી તો સાતમા રાજલોકે - મનુષ્યપણામાં - જિનશાસનમાં પણ અંદરથી કયા ગુણસ્થાનકે ? કઈ પાત્રતામાં ? આપણી આકાંક્ષા, આક્રોશ અને આનંદ પરથી આપણી કક્ષા નક્કી થાય...

કઈ ચીજ મેળવવાની આકાંક્ષા, તલસાટ વધારે ? સંસારની કે આત્માની ? સ્વાર્થની કે સહુના અર્થની ? જરૂરિયાતની કે અહમ્ સંતોષવાની ? સારા દેખાવની કે સારા બનવાની ?

શેનો આક્રોશ-વેદના-ફરિયાદ વધારે ? અણગમતું બનવાની, અપેક્ષા તુટવાની, પ્રેમ(સહારો) ન મળવાની, કે પછી શાસન મળવા છતાં સાચું નહીં આરાધી શકવાની, પ્રભુને વફાદાર નહીં બનવાની, આત્માના સ્વરૂપના જોજનો દૂર જઈ રહ્યાની, અનંત દુર્ગતિકાળ ખડો કરે તેવા પાપો-દોષો-કુસંસ્કારો રાચી-માચીને પોષવાની ?... શેની વેદના વધારે ? આનંદમાં પણ એ જ રીતે વિચારી શકાય.

અબુધ બાળક જેવી, વિકૃત જ્ઞાનવાળા દુર્જન જેવી, છતી આંખે આંધળા જેવા મિથ્યાત્વી જેવી, જાતનો જ ઘાત કરનારા આપઘાતી જેવી કક્ષા કે સજ્જન જેવી, સમકિતી જેવી કક્ષા ?

જિંદગીની મહામૂલી ક્ષણોનો ઉપયોગ,

સમયશક્તિ - વિચારશક્તિ અને પુરુષાર્થશક્તિ જેવી શક્તિઓનો ઉપયોગ શેમાં કરીએ છીએ એ વિચારવું જોઈએ અને જીવન સુધારવું જોઈએ.

- જીવનના સંઘર્ષ સાથે મનનો-આત્માનો આવો સંઘર્ષ પણ ચાલતો રહે જેથી બંને ક્ષેત્રે જવાબદારી પૂર્ણ કરી શકાય. આવું ઘણું - ઘણું વિચારી શકાય અને સંસારની વાહિયાત વિચારણાઓ-વેદનાઓથી બચીને આત્મિક વિચારણા-વેદનામાં પ્રવેશી શકાય.
- ચિનગારી ભલે સ્વયં બળી જાય, પરંતુ તે પહેલા રૂના ઢગલાને બાળીને જ જાય છે, સાકર ભલે ઓગળી જાય પણ દૂધ-પાણીને મીઠું (ગળ્યું) બનાવીને જ જાય છે, પાણી ભલે મલિન થાય છે પરંતુ શરીરનો મેલ ઉતારીને જ જાય છે તેમ આયુષ્યના ક્ષયે જીવન ભલે ખલાસ થાય તે પહેલા કર્મોના ગંજને ખલાસ કરીને, સદ્‌ગુણોની મીઠાશ ઉમેરી અને કુસંસ્કારોના મેલને ધોઈને જાય તો જ જીવન સફળ છે બાકી તો ધર્મશાળામાં હજારો આવે ને જાય, કોઈની કશી કિંમત હોતી નથી, તેમ દુનિયામાં અબજો માણસો આવે છે ને જાય છે, તેમની કશી કિંમત હોતી નથી. જે જિંદગીમાં આત્માના બોજને હળવો કરીને જાય છે તે જ સફળ ગણાય છે.

બીજી એક મહત્વની વાત પર ધ્યાન આપવા જેવું છે : આજ સુધીમાં અનેક મોટા મોટા રાજાઓ - ચક્રવર્તીઓ - શેઠિયાઓ થયા, પરંતુ કોઈના ય મહેલની ઇંટ પણ જોવા મળતી નથી, જ્યારે તેમણે જ બંધાવેલ જિનાલયો જોવા મળે છે. સંપ્રતિ, કુમારપાળજી, વસ્તુપાળજી, તેજપાળજી આદિએ બંધાયેલ જિનાલયો મળે છે, પરંતુ તેમના જ મહેલો ક્યાંય નથી મળતા આ વાસ્તવિકતા પણ એ જ દર્શાવે છે સંસારની ઉપલબ્ધિઓ ગમે તેટલી વિરાટ હોય તોય અસ્થિર, વિનાશી અને નકામી છે, ધર્મની ઉપલબ્ધિ જ સ્થિર, અવિનાશી અને ફળદાયી છે. માટે જીવનનું લક્ષ્ય ધર્મઆરાધના અને આત્મસ્વરૂપની પ્રાપ્તિ જ છે.

◆ પરમાત્માએ પરમકૃપા કરીને એક વાત જણાવી છે કે હૃદયને નિર્મળ રાખવું હોય તો પણ પંચમ આરામાં ચારિત્ર લીધા વિના શુદ્ધ રહી શકાય તેમ જ નથી. સંસારમાં ડગલે-પગલે તમામ દોષોને જ પુષ્ટ કરનારા અસંખ્ય કુનિમિત્તો જ છે. જુગારમાં મેળવવા કરતા ગુમાવવાનું પ્રાયઃ વધારે જ હોય છે, તેમ સંસારમાં મેળવવા કરતા ગુમાવવાનું ૧૦૦% વધારે જ હોય છે. માટે અંતરમાં ચારિત્રધર્મનો પ્રચંડ પક્ષપાત તો ઊભો કરી દેવા જેવો જ છે અને તે ન મળે ત્યાં સુધી વધુમાં વધુ વિરતિનો સ્વીકાર, ત્યાગવૃત્તિ, સંસારની અસારતાનું ચિંતન, સ્વાધ્યાય, સાધુ-સાધ્વીની બહુમાનપૂર્વક ભક્તિ આદિ વધારતા રહેવાય જેથી ચારિત્રમોહનીય કર્મ તૂટે અને પરમાત્માએ આપણા જ માટે બતાવેલો સર્વવિરતિધર્મ વહેલામાં વહેલી તકે મળે.

◆ સંસારી તરીકે તમારી જો કેટલીક જવાબદારીઓ છે તો શાસનમાં જન્મ પામ્યાના કારણે કે દેવ-ગુરુની કૃપાના ભાગી બનવાના નિમિત્તે કોઈ જવાબદારી જ નહીં ? અને આવી જવાબદારીઓ તો મોત સુધી આવતી જ રહેવાની તો ખુદના આત્મા પ્રત્યેની જવાબદારી ક્યારે નિભાવવી ?

◆ બીજાની ઇચ્છા ખાતર આપણે પાપના પોટલા બાંધવાના ! જાતને દુર્ગતિના ખાડામાં નાખી દેવાની ? થોડા ઘણા ભેગા કરેલા શુભસંસ્કારોનું દેવાળું ફૂંકી મારવાનું ?

◆ વિશેષાવશ્યક ભાષ્યમાં એક સુંદર વાત આવે છે :
'यन्मोक्षहितं तन्महत्कष्टेनैव लभ्यते' ।
પહેલાં તો આપણને આ ભવ શેના માટે મળ્યો છે એ વિચારવું જોઈએ... સંસારના સુખો જે ઝાંઝવાના જળ જેવા છે તે મેળવવા માટે, તેના માટે પાપો કરીને આત્માને દુર્ગતિમાં ફેંકી દેવા માટે, માનવમાંથી ઉતરી કીડા-મંકોડા કે નરક-નિગોદના અવતાર લેવા માટે અને અનંતકાળ સંસારમાં ભમવા માટે ? એક વસ્તુનો તો અનુભવથી ખ્યાલ આવ્યો જ હશે કે સંસાર એટલે અનિચ્છાએ પણ જ્યાં સતત ચિક્કાર પાપો જ કરવા પડે અને તીવ્ર ઇચ્છા છતાં મામૂલી જ ધર્મ કરવા મળે. જવાબદારીઓ, વહેવારો અને ચિંતાઓમાંથી જીવ ઊંચો આવે તો ધર્મ કરી શકે ને ? પાપ ચિક્કાર અને ધર્મ મામૂલી હોય તો તેનું પરિણામ શું આવે ? ઉપરનું જ ને ?

જો આ ભવ મોક્ષ મેળવવા માટે, આત્મકલ્યાણ સાધવા માટે છે તો તેના માટે વિશેષાવશ્યક ભાષ્યકારે જણાવ્યું છે કે – જબરદસ્ત કષ્ટો વેઠ્યા વિના, સુખ અને ઈચ્છાની અવગણના કર્યા વિના મોક્ષ કે તે પૂર્વેનું આત્મહિત કદાપિ સાધી શકાતું નથી. સુખ મેળવવા અને ભોગવવા જે પાપો કર્યા છે તે કષ્ટો ઝીલી લઈને જ ખતમ થઈ શકે છે. તેથી આત્મહિતના ઈચ્છુકે કષ્ટો ઝીલવાની તૈયારી રાખવી જોઈએ, અને તેમ કરીને જ ભાવિ અનંતકાળના કષ્ટોમાંથી મુક્તિ મેળવી શકે. જુવાનીમાં કષ્ટથી ડરનારો ઘડપણમાં દુઃખી થાય છે તેમ વર્તમાનમાં કષ્ટથી ડરનારો અનંતકાળ દુઃખ અને દુર્ગતિમાં સબડ્યા કરે છે. ‘‘કષ્ટો, આંતરિક મુશ્કેલીઓ, અસમાધિજનક વાતાવરણ આદિની ચિંતા છોડીને ભાવિ અનંતકાળને નજરમાં રાખીએ તો અકળામણજનક લાગતું ચારિત્રજીવન સરળ બની જશે. ભવિષ્યના ઘડપણના સુખો મેળવવા જુવાનીના ગોલ્ડન પિરિયડના વર્ષોના આરામ અને સુખનું બલિદાન આપો જ છો ને ! તેમ અનંતકાળને સુધારવા એકાદ ભવ સહન ન કરી લેવાય ? ખૂબ આત્મમંથન કરવું, જાતને સમજાવવી તો સાચો માર્ગ અને સાચું જીવન પ્રભુ વીરભાષિત જ છે એ શ્રદ્ધા દઢ થશે અને મન હળવું થશે. સંસારમાં તો સહન કરવાનું જ + કર્મબંધ કરી ભવિષ્યના કષ્ટોનું રિઝર્વેશન કરાવવાનું જ્યારે સાધનામાર્ગમાં, એક ભવ સહન કરવાનું સામે અનંતકાળ કષ્ટો રહિત જીવન જીવવાની અને આત્મકલ્યાણની ભૂમિકા તૈયાર કરવાની સંભાવના... હોંશિયારી, ડહાપણ શેમાં છે તે જાતે જ નક્કી કરવું.’’

- સાચો ધર્મ અને આરાધના તો માત્ર ચારિત્રજીવનમાં જ છે. એક વાતનો ખ્યાલ છે ? એક અપેક્ષાએ ગૃહસ્થધર્મ (શ્રાવકધર્મ) એ તો અપવાદધર્મ છે. પ્રભુએ પહેલા તો ચારિત્રધર્મ જ સ્થાપ્યો, ત્યાર બાદ તેમાં જેની અશક્તિ હતી તેના માટે ગૃહસ્થધર્મ બનાવ્યો. જો શ્રાવકધર્મ પૂર્ણધર્મ હોત તો પહેલા જ શ્રાવકધર્મ ન બતાવત ? શ્રાવકધર્મ તો જેઓ ચારિત્રજીવન માટે અશક્ત છે, તેમના માટે જ છે.

- શા માટે અનંત કર્મો બંધાવે તેવી અવિરતિના પનારે પડવું ? શા માટે ચિંતાઓ અને સંક્લેશની ઘંટી વચ્ચે જાતને પીસવા દેવી ? શા માટે

અનંતસુખનું સ્વામિત્વ અપાવે એવા સંયમજીવનથી જાતને દૂર રાખવી ? શું આપણા આત્મકલ્યાણમાં સાથ આપશે એવો આપણી જાત પર આપણને ભરોસો નથી ? જનમવું તો આપણા હાથમાં નહોતું, પણ મરવું તો આપણા હાથમાં છે ત્યારે પ્રભુવીરના વેશમાં જ મરવું છે એવી ઈચ્છા નહીં ?

◆ સળગતી ભટ્ઠી પાસે ઠંડીની આશા ઠગારી નિવડે તો સંસાર પાસે સુખની આશા પણ ઠગારી જ નિવડે ને !... હિંસા, સંક્લેશ, પાપો, સ્વાર્થ, માયા-પ્રપંચના અખાડારૂપ સંસારમાં સુખની, સમાધિની કે ધર્મની આશા પણ રાખવી અશક્ય છે.

વળી જ્યાં કણ જેટલો ધર્મ અને મણ જેટલું પાપ તેવા સંસારમાં રહીને પણ ધર્મ થાય, આત્મકલ્યાણ સાધી શકાય આ વાત જ બોગસ છે. રણમાં હજી ખેતી થઈ શકે, પથ્થર પર હંજી કમળ ઉગાડી શકાય પણ સંસારમાં ધર્મ થવો મોટે ભાગે અશક્યપ્રાય: જ છે અને ધર્મ નહીં તો પુણ્ય નહીં, પુણ્ય નહીં તો સુખ કયાંથી આવે ? માટે કષ્ટ વેઠીને પણ સાધના કરવી એ જ આત્મકલ્યાણનો અને સુખી થવાનો માર્ગ છે.

◆ માલિકના આપેલા લાખ રૂપિયા લઈને નોકર ઉઘરાણી ચૂકવવા જાય અથવા કોઈને મદદ કરવા જાય તેમાં નોકરને કેટલો અહં આવે ?આપણી હાલત પણ આવી છે. દેવ-ગુરુની માલિકીનું અને દેવ-ગુરુના વતી આપણે કોઈને આપીએ, ચાહે માર્ગદર્શન, સહાય કે પ્રેરણા. એમાં આપણું ગજું કેટલું ? આપણી પાત્રતા કેટલી ? તો શેનો અહંકાર ?

◆ મૈત્રીભાવ દોષ પર નહીં, આપણી જાત પર લાવવાનો છે, દોષોથી ભરેલા મારા આત્માનું શું ? આસક્તિ, ક્રોધ, લોભ જેવા એકાદ દોષને પરલોકમાં સાથે લઈ જનારની પણ હાલત કર્મસત્તાએ બગાડી નાખી છે તો અનંતા દોષોથી ભરેલા મારું શું થશે ? નહીં, નહીં, મારે મારા આત્માને બચાવવો જ છે, એને દુ:ખી નથી થવા દેવો, આવી અનેક પ્રકારની વિચારણાએ કરી શકાય. આત્મલક્ષિતા- આત્મમૈત્રીભાવ-આત્મશુદ્ધિભાવ આ ક્રમથી આગળ વધતા આત્મશુદ્ધિની પ્રક્રિયા અંદરથી જ ચાલુ થશે.

◆ સાકર-દ્રાક્ષ-અમૃતથી પણ મીઠી પરમાત્માની વાણી કાલસૌરિક જેવાને પણ ઘડી ઠારતી તો આપણને કેમ ન સુધારે ?

◆ હું કોણ ? શરીર, મન, ઇચ્છાઓ, સંસ્કારો, અંતઃકરણ, આ બધાથી અલગ, ઉત્તમ અને સક્ષમ અત્યંત નિર્મલ એક તત્ત્વ એવું છે જે આ બધામાં ખોવાઈ ગયું છે. બાપ-દાદાના જમાનાના ખજાનાનો અણસાર પણ મળે તો માણસ બધા જ ધમપછાડા કરવા તૈયાર થઈ જાય છે તો અંદરના અનંતજ્ઞાનાદિના ખજાનાને મેળવવા માટે કાંઈ જ નહીં,એના માટેનો તરફડાટ નહીં ?

ચારે બાજુના આવરણોથી ઘેરાયેલો માણસ બધું તોડીને પોતાની સ્વતંત્રતા મેળવવા લોહીના છેલ્લા બુંદ સુધી મથે, કર્મોથી, કુસંસ્કારોથી, ઇચ્છાઓથી, રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાનથી આહાહાહા કેટકેટલા પડલો બાઝી ગયા આતમરામ પર. નહીં હવે છૂટવું જ છે, મારે મારી જાતને પ્રગટ કરવી જ છે. આ તલસાટ, તરફડાટ, વેદના, મથામણ પ્રગટ કરો. આની તાકાત અનુભવશો ત્યારે ખબર પડશે. આનાથી આત્માનું લક્ષ બંધાશે, આત્મસ્વરૂપ પ્રાપ્તિમાં સહાયક તત્ત્વો તરફ પ્રેમ-ભક્તિ જાગશે, તે તત્વની સાચી ઓળખ પ્રગટ થતાં આરાધનાનું લક્ષ્ય અને દિશા બદલાશે. લક્ષ્ય અને દિશા બદલાતા, વિચારોમાં ભળતાં ફરક પડશે.

◆ જીવનની કોઈ પણ ક્રિયા કરતી વખતે આત્માની યાદ શરીરની નહીં, આત્માના લાભ-નુકશાનની ગણતરી ચાલ્યા કરે તે આત્મલક્ષિતા, આત્માની ચિંતા કરવી તે આત્મલક્ષિતા, આત્માની યાદ આવે એટલે ઉપેક્ષા બંધ થાય અને પ્રેમ જાગૃત થાય. આત્માને સ્હેજ પણ નુકસાન ન થાય. આત્માની દુર્ગતિ ન થાય, કર્મના હાથનું રમકડું ન બન્યો રહે તેવી કાળજી તે આત્મમૈત્રી. અનાદિકાળથી દુશ્મન જેવા પુદ્ગલો અને દોષો સાથે મૈત્રી કરી છે. આત્મા સાથે મૈત્રી કરી જ નથી તે હવે થાય એટલે આત્માની ઉન્નતિનો માર્ગ ખુલ્લો થાય. આત્મમૈત્રીના કારણે રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાન દૂર થાય અને આત્માનું શુદ્ધ સ્વરૂપ ધીમે ધીમે ખુલતું આવે. દોષો તરફ લાલ આંખ કરી કે દોષો રવાના આ આત્મશુદ્ધિભાવ...

- વિશુદ્ધ પ્રેમમાં બધા જ 'હું' ને ઓગળવાની તાકાત છે. પ્રેમમાંથી ભક્તિમાં-સમર્પણમાં આવે તો તે સંપૂર્ણપણે 'હું' ઓગળી જાય. સંસાર અત્યંત ભયંકર લાગે, દોષો - કુસંસ્કારો અત્યંત ત્રાસદાયક લાગે તો પરમાત્મા કે ગુરુ પ્રત્યે સમર્પણ જાગે. એ બધું પણ ત્યારે જ સંભવે જ્યારે આત્મલક્ષિતા જાગે...

- સાધ્ય-સાધક-સાધનની ઉચિતતા અને ઉપયોગિતા જીવનમાં વ્યવસ્થિત ગોઠવાઈ છે કે નહીં, તેનું ચિંતન કરવું અને દેખાતી ખામી દૂર કરવા પ્રયત્ન કરવો.

- પુરુષનો રાજરોગ છે અહંકાર અને અનંતકાળમાં તેણે જ આપણને પરમાત્માથી દૂર રાખ્યા છે. આપણે માત્ર વર્તમાનમાં, તાત્કાલિક પરિણામમાં જ રમીએ છીએ. લાંબા ગાળે આવનારા કર્મપરિણામોનો ખ્યાલ આવે તો અહંકાર પ્રાયઃ ઘટ્યા વિના ન રહે. કર્મવિજ્ઞાનનું સતત ચિંતન અને ભાવન ખૂબ ઉપકારી બની શકે. જ્યાં સંસારી આત્મા કઠપૂતળી જ હોય. કર્મના સંચાર મુજબ જ બધું બનતું હોય, સક્સેસ કે ફેઈલર ગમે ત્યારે આવી શકતા હોય ત્યારે શેના આધાર પર અભિમાન ? અહંકાર ? (શુભ ભાવના) ગ્રંથિભેદ-સમ્યગ્દર્શન એટલે રાગ-દ્વેષાદિભાવોના કારણે આત્મામાં જામી ગયેલી કુસંસ્કારો-કુવિચારોની ગાંઠ તોડી સત્ય-તથ્યવિચાર- સંસ્કારમય બનવું. કોઈ પણ પરિસ્થિતિનું મૂલ્યાંકન વીતરાગપ્રરૂપિત સિદ્ધાંત આધારિત થાય અને તે મુજબ જ આગળની વિચારસરણી ચાલે તે સમ્યગ્દર્શન. શુભ વિચારોની શ્રેણિએ ઉપર ઉપર ચડતા જવું અને વધુને વધુ નિર્મલ પરિણતિમાં આગળ વધવું તે પણ ગ્રંથિભેદ.

- રાજહંસને જેમ ખાબોચિયા કે ગંદકીભર્યા તળાવડા પાસે જવું પડે તોય આનંદ નથી હોતો, કોયલને જેમ બાવળના ઝાડ પર બેસવાની અભિલાષા જાગતી નથી, રાજાને ઝૂંપડામાં બેસવામાં મજા નથી હોતી, તો આત્માને સાવ મલિન અને ગંદા વિચારોમાં બેસવાની મજા કેમ આવે ? વારંવાર એવા વિચારો તરફ જવા કેમ તૈયાર થાય ? શું આતમરામ ભાન ભૂલી ગયા છે ? શું એને ગંદકીમાં નંદનવન દેખાય છે ? જગતના સર્વોત્કૃષ્ટ

સૌંદર્ય કરતાં અનંતગણું સૌંદર્ય જે પોતાની અંદર લઈને બેસે તેને ગંદકી કેમ જામે ? અનંતા સુખનો સ્વામી હોય એ પોતાની દુર્ગતિની અને દુઃખોની ઘોર પોતાના જ હાથે કેમ ખોદે ? અનંત સ્વસ્થતા અને સ્વચ્છતાનો સ્વામી સતત સંક્લેશની ગંદકીમાં કેમ આળોટે ? અનંત ગુણોથી ઓપતો અને દીપતો એ અનંત દોષોના બિહામણા અને કારમા જંગલમાં કેમ ઠરીઠામ થાય ? જાગ, જાગ ઓ મારા આતમ જાગ, સૂતેલા સિંહની કેશવાળી ઉંદરડા પણ ખેંચી જાય, ગાફેલ મહાપરાક્રમીને કાયર પણ હંફાવી જાય પરંતુ જેવો તે જાગે કે સાવધ બને, તમામને ઊભી પૂંછડીએ ભાગવું પડે, તેમ આતમરામ સૂતો છે તેથી જ દોષો, મોહના સૈનિકો આદિ જીતે છે તે જાગે પછી ઇન્દ્રિયો-મન-વિષયો... કોઈની તાકાત નથી કે સામી છાતીએ ઉભા પણ રહી શકે. પોતાના આતમને આ લલકારથી કોઈ જગાડે અને અનંતકાલીન એની કુંભકર્ણ ઊંઘમાંથી એ જાગે તો, આજે પણ મહાપરાક્રમ સહજ બની જાય.

◆ આત્માની સહજ નિર્મળતા, સૌંદર્યશાલિતા, અનંતસુખસભરતા, અનંતગુણનિધાનતા આદિના આશક-પ્રેમી બની જવાય તો તમામ મલિનતાઓ પરથી મન ઊઠી જાય. આત્મલક્ષિતા પરથી આગળ વધી આત્મપ્રેમિતા-આત્મસ્મરણતા સુધી પહોંચવાનું લક્ષ્ય બનાવે, તે માટે સતત આત્મચિંતન-આત્મમનન-મંથન-નિદિધ્યાસન ચાલે, તે ઘણું ઉપકારી બને. સંસારના કાર્યો કે વિચારો કરવા પડે કે આવી જાય ત્યારે પણ અંદરથી જ અવાજ આવે તે ભઈલા ! તું આ પંથનો પ્રવાસી નથી. ક્યાં ભૂલો પડ્યો ! પાછો ફર નહીંતર ખોવાઈ જઈશ.

◆ 'હું કોણ'ની સાથે 'હું કોનો ?' ની વિચારણા ચાલુ કરીશું તો પણ એક ભડભડતી ખુમારીની જ્વાળા પેદા થશે. અબજોપતિને કોઈ મજૂરીનું કામ સોંપે અને એની આંખ ફરી જાય તેમ આત્માની પાસે દુષ્કૃતની લાલચ આવે અને આત્માની આંખ ફરી જાય, કોની સામે વાત કરે છે ? પરમનિર્મળતાનો સ્વામી હું, અને આવી ગંદકીમાં આળોટું ? છટ્. કદાપિ નહીં બને, શિવરમણીમાં રમનારો જગતની તુચ્છ-ક્ષુદ્ર-ગંદી રમણીમાં રમું ? અનંતસુખનો સ્વામી ૨-૪ સુખના ટુકડા માટે દર-બદર ભીખ

માંગું ?... ઘણું - ઘણું વિચારી શકાય. 'હું કોનો ?' આ પ્રશ્ન પણ સતત અંતરમાં ઘુમરાતો રહેવો જોઈએ. પરમાત્માનો, ગુરુદેવનો, શાસનનો, સિદ્ધશિલાનો, આત્માનો... કે પછી ?...

◆ ઈર્ષ્યા, કૉમ્પિટિશન, ઈગો બધું ત્યાં સુધી જ છે કે જ્યાં સુધી તમારે જે-તે વસ્તુ બહારથી અન્ય પાસેથી મેળવવાની છે પણ મોક્ષ, ચારિત્ર, ઉપશમભાવ, નિર્વિકારીતા વગેરે સ્વભાવ દશા તો અંદર જ આત્મામાં જ છે. સાધના દ્વારા તે પ્રાપ્ત કરવાનું છે. કોઈ પ્રથમ તપ કરે તો આપણા આત્માનું સુખ ચાલ્યું નથી જતું કે આપણે પહેલા તપ કરીએ તો આપણને સુખ મળતું નથી. સુખ (આત્મસ્વરૂપ દશાની પ્રાપ્તિ) આત્મામાં પડ્યું છે. આથી તપ આદિ ક્રિયા તે સુખને મેળવવાના શાશ્વત આશયથી થાય તો જ સુખ મળે છે, આથી બહારના પદાર્થોની ઉપસ્થિતિ, નિર્માણ કે ગેરહાજરીથી સ્વરૂપદશાને કંઈ જ ફરક પડતો નથી, પણ સ્વરૂપને છોડી વિભાવોને પકડવામાં, પકડી ખુશ કે દુઃખી થવામાં જ આપણને સાચું સુખ નથી મળતું. શાશ્વત સુખને મેળવવા તે સ્વરૂપ દશા પ્રત્યે બહુમાન ભાવ હોવો જરૂરી છે, અને તેથી જ તે સુખ પ્રાપ્ત થાય છે, પરમાત્મા, ગુરુ, શાસન પણ સ્વભાવદશા એક સ્વરૂપ કે ત્યાં સુધી પહોંચાડનારું તત્વ છે આથી તેની ભક્તિ, સેવા, તેના ખાતર જાન આપવાની તૈયારી હોવી જોઈએ પણ લક્ષ આત્મસ્વરૂપની પ્રાપ્તિનો હોવો જોઈએ. કોઈનાથી કોઈની સાધના નિષ્ફળ ન જાય.

◆ તપની સાથે અભ્યાસ અને ભક્તિમાં પણ પૂર્ણ સ્ફૂર્તિ-શક્તિ રહે, તે તપ ગુણકારી બને, બાકી લાંઘણ જેવું થાય. માટે શક્તિ પહોંચે તે રીતે તપમાં આગળ વધવું. અભ્યાસમાં વિશેષ ધ્યાન આપવું. આત્મપરિણતિ, વૈરાગ્ય, સમતા, સહનશીલતા, સહાયકતા, સહિષ્ણુતા વગેરે ગુણોને અભ્યાસમાં ધ્યેયરૂપે રાખી વિશેષ પ્રયત્ન કરવો. તપથી આત્મપરિણતિનું કાર્ય કરવાનું છે. તે તપની સાથે આ ગુણો કેળવવાથી થશે. તેથી તેનો પ્રયત્ન ગૌણ ન બને તે ધ્યાનમાં રાખવું.

◆ સાધનાના ક્ષેત્રે મૂળને પકડો, તપ-ત્યાગ આદિ ડાળી-ડાંખળા છે, **વૈરાગ્ય એ મૂળ છે.** ગુરુની ભક્તિ - સેવા ડાળી ડાંખળા છે **જ્યારે ગુરુ પ્રત્યેનો**

**અહોભાવ એ મૂળ છે.** યાદશક્તિ દ્વારા વધુ જલદી અને વધુ સંખ્યામાં ગોખી લેવું એ પરિણામ છે, જ્યારે મનની પ્રસન્નતા અને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપક્ષમ તથા જ્ઞાનનો પુરુષાર્થ એ મૂળ છે. આવું દરેક સાધના માટે વિચારી શકાય. સાધના ભૌતિક સ્તરે ચાલતી રહે ત્યારે પરિણતિ અને સંસ્કરણ અભ્યંતર સ્તરે ચાલતુ રહેવું જોઈએ. મૂળ સૂકાય અને ડાળી ડાંખળા લીલાછમ રહે અને તેવું બને તો ડાળી ડાંખળા ય કેટલા ટકે ? માટે વૈરાગ્ય, અહોભાવ, સમર્પણ, શ્રદ્ધા, પુરુષાર્થ આદિ ભાવોને વિકસાવવા પ્રયત્ન કરવો.

◆ **બુદ્ધિની પ્રકૃતિ :** શંકા કરવાની

**બુદ્ધિની પ્રવૃત્તિ :** ભેદ કરવાની

**બુદ્ધિનો પ્રભાવ :** અહંકારની વૃદ્ધિ

**શ્રદ્ધાની (હૃદય) પ્રકૃતિ :** વિશ્વાસ કરાવવાની

**શ્રદ્ધાની પ્રવૃત્તિ :** પ્રેમ કરાવવાની

**શ્રદ્ધાનો પ્રભાવ :** સમર્પણની વૃદ્ધિ.

ડ્રાઈવરની સીટ પર બેસાડવાના હૃદયને back seat પર બેસાડીએ છીએ અને back seat પર બેસાડવાની બુદ્ધિને ડ્રાઈવરની સીટ પર બેસાડીએ છીએ.

◆ તપશ્ચર્યાના ૨ ભેદ છે. (૧) દીર્ઘ તપશ્ચર્યા - વર્ષીતપાદિ સાધના, (૨) ઉગ્ર તપશ્ચર્યા - માસક્ષમણ, સિદ્ધિ તપાદિ.

તેવી રીતે સહનશીલતા અને સમર્પણની પરિણતીના પણ ૨ ભેદ પડે. (૧) દીર્ઘ સહનશીલતા, દીર્ઘ સમર્પિતતા (૨) ઉગ્ર સહનશીલતા, ઉગ્ર સમર્પિતતા.

આપણા જીવનમાં દીર્ઘ + ઉગ્ર ઊભય સમર્પણ, સહનશીલતાદિ ગુણ જોઈએ. આના માટે સ્વાધ્યાય, ચિંતન વગેરે પણ દીર્ઘ + ઉગ્ર જોઈએ. સારા વાતાવરણનો સંપર્ક પણ દીર્ઘ + ઉગ્ર જોઈએ. આ ગુણો જ સંસારનો નાશ કરી શકે છે.

◆ સંસારનું એક સત્ય છે કે પાણીના માર્ગમાં આવતું પણ તેની સામે ઝૂકવા તૈયાર ન થતું વૃક્ષ ઊખડી જાય છે, જ્યારે સદા માટે ઝૂકવા તૈયાર નેતરની

સોટી તીવ્રતમ વેગવાન પ્રવાહ સામે પણ બચી જાય છે. પોતાના જીવનમાં કોઈ પણ બાબત માટે આગ્રહી વ્યક્તિ ક્યારેય સુખના પ્રદેશમાં ટકી શકતો નથી. અમુક જ પ્રકારના સમય, સંયોગો અને સામગ્રીઓ વચ્ચે જ ફાવે, અમુક પ્રકારના વાતાવરણમાં જ ફાવે, અમુક પ્રકારનો વ્યવહાર હોય તો જ જામે. આવા આગ્રહો સેવનાર વ્યક્તિ સુખની અનુભૂતિ કરી શકતો નથી. દરેક વ્યક્તિએ પોતાની જાતને પોતાના પુણ્ય સાથે Adjust કરવી જ પડશે. વાતાવરણ, પરિસ્થિતિ, સંયોગ અને સહયોગ બધું જ ઇચ્છા પ્રમાણે નહીં પણ પુણ્ય પ્રમાણે મળે છે.

- સમજુ આત્મા આવા સંયોગમાં પુણ્ય વધારવાનો, વધેલું પુણ્ય ઉદયમાં ન આવે ત્યાં સુધી સહન કરવાનો પુરુષાર્થ કરે. માટે 'બંધ સમય ચિત્ત ચેતીએ રે, ઉદય શો સંતાપ.' આ અફર પરમાત્મવચનને નજરમાં રાખી જીવન પ્રણાલી અને વિચારપ્રણાલી સેટ કરવા પ્રયત્ન કરવો. સામગ્રીના ક્ષેત્રે મનગમતું ન મળે અને મળે તે પુણ્ય-પાપને આધીન છે, પરંતુ વિચારના ક્ષેત્રે તો આપણો સ્વતંત્ર અધિકાર ઊભો કરી જ શકીએ છીએ. જો ગમે તેવા સંયોગોમાં પણ આપણે સમાધિસ્થ અને પ્રસન્ન રહી શકીએ તેવી ભૂમિકા તૈયાર ન કરી શકીએ તો તેમાં દોષ આપણો જ છે, આપણી જ નબળાઈ છે. એમાં ય જિનશાસનને તો મનને સ્વસ્થ રાખવા એટલું મસ્ત તત્ત્વવિજ્ઞાન અને કર્મવિજ્ઞાન આપ્યું છે કે દુનિયાની તમામ આપત્તિઓ એક સાથે તૂટી પડે તો ય ખંધક-ગજસુકુમાલ-અર્ણીકાપુત્ર આચાર્ય આદિની જેમ કે શ્રેણિકની જેમ ખુમારીથી હસતા હસતા જીવી શકીએ.

- જિનશાસન જેને મળ્યું હોય અને પચ્યું હોય, તેને જીવતાં ય આવડે અને મરતા ય આવડે. **જીવે તો** કેટલાયને સહાય કરીને સુવાસ ફેલાવીને, સત્વ કેળવીને, સાધનામાં વિકાસ કરીને અને સિદ્ધિ પ્રાપ્ત કરીને જીવે. **મરે તો** કર્મ-સત્તાને મારીને મરે. ભૂતકાળના રજપૂતોની શૌર્યકથા સાંભળી હશે. માથુ ઊતરી ગયું હોય તો ય ધડ પણ ૨-૪ને મારીને પછી જ પડે તેમ, કર્મસત્તાએ આપત્તિઓથી ખોખલો કરી નાંખ્યો હોય તો ય મર્દાનગીપૂર્વક, ખુમારીપૂર્વક કર્મને પડકારીને જ જીવે તો જ શ્રાવિકા માતાનાં અને દેવ-ગુરુના ધાવણ સફળ ગણાય, સાર્થક કર્યા કહેવાય. શત્રુઓની વાત

સાંભળીને માની રજા લેવા આવ્યો તો ય મા એ ખખડાવી નાંખ્યો કે મારું ધાવણ પીધું હતું કે બીજાનું. તેમ નાની નાની મુશ્કેલીઓમાં અકળાઈ જઈએ તો ભગવાન પણ જવાબ માંગે ને કે મારા શાસનનું ધાવણ પીધું છે કે બીજાનું ?

◆ યાદ રાખજો કે મેળવવા જેવો માર્ગ તો ચારિત્ર જ છે. જ્યાં એક-એક ક્રિયા પાછળ અનેક જીવોને અભયદાન આપવામાં આવે છે. તો તે જ ક્રિયાના માધ્યમથી આત્મિક પરિણતી સુધારવામાં આવે છે, અને તે જ ક્રિયાથી ભવિષ્યમાં સર્વ જીવોને અભયદાન આપવામાં આવે છે. **સાધુજીવન એટલે પરમાત્માની આજ્ઞા મુજબનું જીવન, અનેક જીવોના રક્ષણનું જીવન, સ્વનું (આત્મા) સ્વ તરીકે બનવાનું જીવન.** પરમાત્માની આજ્ઞા એટલે 'ગુરુની ઈચ્છા મુજબ ચાલવું તે.' આપણો મોક્ષ નથી થયો કારણ આપણો અહંકાર છે. તપ-ત્યાગ-સ્વાધ્યાય આદિ તો અનેક ભવમાં કરેલ છે પણ આજ્ઞાપાલન (સમર્પણ) કદાચ ક્યારેય નથી કર્યું. આ આપણા સૌની કમનસીબી છે. પરમાત્માંની અનેકવિધ આજ્ઞામાંથી આપણને અનુકૂળ કે ગમતી આરાધના આપણે ઘણીવાર કરી છે પણ સમર્પણ નહીં. સમર્પણ એટલે પરમાત્માની ચેતનાનો આપણી અશુદ્ધ ચેતનમાં પ્રવેશ કરાવવો. સમર્પણ એટલે આપણા આત્માને પરમાત્મા સ્વરૂપે પરિણમાવવો, સમર્પણ એટલે બાહ્ય સંસારમાં રહેવા છતાં પણ અભ્યંતર રીતે પરમાત્મા સ્વરૂપે આપણો આત્મા પરિણમેલો હોવો. **સમર્પણ એટલે હર પળે પળે પરમાત્માની અનુભૂતિ, સ્પર્શના. પરમાત્મા સાથેને અતૂટ સંબંધ આ છે સમર્પણ. આજ મોક્ષની સીડી છે, અને આ જ મોક્ષનો પાયો છે**, આ જ ચારિત્રની ફળશ્રુતિ છે. જીવનનનું આ જ એક માત્ર કાર્ય છે. સમર્પણ વગર બધું નકામું છે, સમર્પણ એટલે બધું જ પરમાત્માને અર્પણ. અને પરમાત્માએ તેમના પ્રતિનિધિ સ્વપરૂપ મોકલેલા ગુરુભગવંતોનો અર્પણ. તેમની વાત સાચી-ખોટી મુલવવા કરતા પાળી લેવી, માની લેવી. એ જ આપણા અહંકારને તોડે છે. જ્યાં જેટલા અંશે અહંકાર તૂટે છે ત્યાં તેટલા અંશે પરમાત્માની પ્રાપ્તિ થાય છે જ. અને એ પ્રાપ્તિ માટે તો આપણી મહેનત છે. પ્રભુ તપથી કે ત્યાગથી નથી મળતા, સ્વાધ્યાયથી નથી

મળતા, મળે છે માત્ર આજ્ઞા (ગુરુની) માનવાથી. પરમાત્માએ બતાવેલ તમામ ક્રિયા ફળદાયી બને છે કારણ તે પરમાત્માની આજ્ઞા સાથે જોડાયેલી છે. પણ આપણા અહંકારને ઈચ્છાને ગુરુની આજ્ઞા તોડે છે અને પરમાત્માની આજ્ઞા અને બીજી ગુરુની આજ્ઞા સાથે જોડાયેલી છે. માટે પરમાત્માની, ગુરુની આજ્ઞાને શ્રદ્ધાપૂર્વક માનનારો પણ તરે છે જ. બાકી સાધુજીવનની ક્રિયા હોય કે સંસારમાં રહીને થતી ધર્મક્રિયા હોય, મૂળ આશય જીવદયાનો છે, જીવરક્ષાનો છે. સંસારનું સ્વરૂપ બહુ ખરાબ, વિકરાળ, બિહામણું છે. ગમે તેટલા વર્ષો પછી પણ જીવ અતૃપ્ત જ હોય છે. હાથમાં કંઈ ન આવે, પરિવાર કે પૈસો સાથે હોય તોય મોતને, રોગને, વૃદ્ધાવસ્થાને કોઈ ટાળી ન શકે. આત્મા અનંતની વાટે ક્યારેય ઊપડી જાય પણ તેને ક્યાંય તૃપ્તિ નહીં, સંરક્ષણ નહીં, વિસામો નહીં, શાંતિ નહીં, સમાધિ નહીં, અનાદિકાળથી આજ આપણે કરીએ છીએ. દુઃખી પાસે સુખની આશા, અતૃપ્ત પાસે તૃપ્તિની આશા, અશરણ પાસે શરણાગતિની આશા. આ ભવ હજી હાથમાં છે. હવે તો અનંતની દોટમાં આ અતૃપ્તિની ખાણમાં, વિયોગના દુઃખોમાં, અસમાધિમાં નથી તણાવું. પુરુષાર્થ કરી આત્માને સંરક્ષિત કરવો છે. સમાધિ આપવી છે, તૃપ્તિ આપવી છે. ખૂબ મનોમંથન કરીને ભૂતકાળને વિચારવો અતૃપ્તિ સિવાય કંઈ નથી મળ્યું. ભૂતકાળની પીડાને ભવિષ્યમાં ઊભી ન કરવી, વર્તમાન હાથમાં છે. સહી શકાય તેવું છે પણ ભવિષ્ય કેવું થશે તેની ખબર નથી માટે હૃદયપૂર્વક સુધારવાનો દોષો પ્રયત્ન કરવો.

◆ આપણા જીવનની ગાડી પ્રભુજી જ ચલાવે છે તેવો ભાવ મનમાં દઢ કરવો, તેનાથી ઘણા કાયદા થશે. અહંકાર અને અપેક્ષા મનમાં જાગશે નહીં, મનમાં વૃત્તિઓ નિર્બળ રહેશે, દેવ-ગુરુ કૃપાથી સહજ રીતે સફળતા મળતી રહે.

◆ તમારા મનમાં જ તમારો તબીબ અને દુશ્મન બેઠેલો છે. તમે ધારો તો મનને આદેશ આપી શરીર અને મનના રોગો દૂર કરી સ્વાસ્થ્ય મેળવી શકો છો. ચિત્તની પ્રસન્નતા મેળવી શકો છો. જો મન નિરાશાવાદી કે દોષથી સભર હશે તો નવા રોગો-બેચેની, આળસ, નિરાશા, હતાશા, ડિપ્રેશન આદિનો ભોગ બની જવાશે.

- સ્વાધ્યાય, પ્રભુભક્તિ, જાપ, સામાયિક, દેવ-ગુરુ સાધર્મિક સેવા-આ બધા દ્વારા નિર્મળ સ્વભાવમાં અને વિચારમાં રમતા રહેવું. અરિહંત પદ, સીમંધર ભગવાન, ચારિત્ર પદ, મોક્ષ-કોઈનું પણ સતત રટણ કર્યા કરવાથી આત્મા ભાવિત બનશે. સતત પ્રભુ ભક્તિમય બનવાથી તે જ તારશે. જીવનમાંથી અપેક્ષા કાઢી નાંખવાથી સમાધિ અકબંધ બની જશે. જેના પગ ન ચાલે તેને લાકડીનો ટેકો જોઈએ. તેમ જેની પાસે અંદરનો આનંદ નથી, આરાધના કરવાની શક્તિ અને આવડત નથી, જે ભયગ્રસ્ત છે અને નિરાશાવાદી છે તેને જ બીજાનો આધાર જોઈએ. લાકડી પગની નિર્બળતાનું સૂચક છે તેમ અન્યની અપેક્ષા એ મન અને આત્માની નિર્બળતાનું સૂચક છે.
- એક વાતનો સ્પષ્ટ ખ્યાલ રાખવો જરૂરી છે કે શું મેળવવું એ આપણા હાથની વાત નથી. કર્મસત્તા જ્યારે favour કરે, પુણ્યની balance સારા એવા પ્રમાણમાં આપણા હાથમાં હોય, પૂર્વ-ભવમાં દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઉછળતો સદ્ભાવ રાખ્યો હોય તો જ આ ભવમાં મનગમતું મળી શકે છે.
- પરંતુ લાખ નિરાશામાં ય એક અમર આશા છૂપાયેલી હોય છે. બાકી તો જગતના અનંતાનંત જીવોના ભાગે આંધળું બહેરું કૂટાવવાનું જ ભાગ્યમાં લખાયું હોય છે. મનગમતું ભલે ના મળે, જો મળેલાને મનગમતું બનાવી દઈએ તો ય એ એટલું જ ફળ આપી શકે છે. દરેકને ગૌતમસ્વામી ગુરુ તરીકે નથી મળી શકતા, પરંતુ મળેલા ગુરુને ગૌતમ સ્વામી જેવા માને તો પણ લખલૂંટ કર્મનિર્જરા કરી શકે છે, ચોથા આરા જેવું ચારિત્ર ભલે આજે ન મળે, પરંતુ વર્તમાનના ચારિત્રને ચોથા આરા જેવા ઉત્કટભાવથી પાળીએ તો આજે પણ એ ચારિત્ર સિદ્ધિગતિના દરવાજા સુધી પહોંચાડી શકે છે. એક વાત તો નિશ્ચિત છે કે દ્રવ્ય ગમે તેટલું નબળું હોય, જો ભાવ ઊંચા છે તો પરિણામ ઊંચું જ મળે છે. પરંતુ મન એવું એવળચંડું છે કે 'દ્રવ્ય નબળા' છે ના રોદણા રડાવી અંદરના ભાવ ઉછાળવાની શક્તિને પણ પ્રગટ થવા નથી દેતું. માષતુષ, કુરગડુ, પૃથ્વીચંદ્ર - ગુણસાગર આદિ તમામ પાસે દ્રવ્ય ક્યાં ઊંચું હતું ? ન એક છ અક્ષરીય વાક્ય ગોખવાની શક્તિ, ન સંવત્સરીએ તપ કરી શકવાની

તાકાત, અરે ચંડરુદ્રાચાર્યના શિષ્ય પાસે તો (આપણી દૃષ્ટિએ) ઊંચું નહીં, પણ ગુરુ તરીકે નબળામાં નબળું દ્રવ્ય પણ પોતાના ભાવ એટલા ઊંચા ઉછાળ્યા તે તાત્કાલિક કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું.

◆ આ માટે વહેલામાં વહેલી તકે નજરને અને અંતઃકરણની વિચારધારાને ફેરવી દઈ **મારે શું જોઈએ છે તે નહીં, મને જે મળ્યું છે તેને ઊંચામાં ઊંચું માની મારા ભાવ કેમ વધુમાં વધુ ઉછળે તે જ સાધના કરવાની છે.** આ ભૂમિકા આવશે તો ચારિત્ર મોહનીય જલ્દીમાં જલ્દી તૂટીજશે અને આત્મકલ્યાણ સહજતાથી સાધી શકાશે.

## (પુણ્ય)

◆ આગ સામે તેણે જ લડવા જવાય, જેની પાસે fireproof coat હોય, ગુંડા સામે લડવા તેણે જ જવાય, જેનું શરીર બળવાન હોય, તેમ અન્યાય સામે તે જ અવાજ પોકારી શકે જેનું પુણ્ય પ્રબળ હોય.

◆ પુણ્યની વિચિત્રતા એવી છે કે અમુક ક્ષેત્રમાં મંદ વ્યક્તિ બીજા ક્ષેત્રમાં તેજસ્વી હોઈ શકે.

## (શુભ ભાવના)

◆ સામાન્ય મૈત્રીની વિચારણા પરિણામ કદાચ ન આપે કારણ કે એ શબ્દોથી મૈત્રીની વિચારણા છે. ભાવથી નહીં – મૈત્રીનો અર્થ છે, અન્યનો વિકાસ અને પ્રગતિમાં સહાયક બનવું અને તે જોઈને રાજી થવું - એટલે ઈર્ષ્યા છે ત્યાં સુધી મૈત્રી છે જ નહીં.

◆ દોષ પણ સીડી બની શકે છે. પાત્રતા હોય તો... આપણા અહં સાથે મૈત્રીને ભેળવીએ, જિનશાસનના સેવકપણાને, વફાદારીપણાને અને કર્મના સંઘર્ષને ભેળવીએ તો એ અહં પણ તારક બની શકે. શક્ય હોય તો અહંને ફેરવવાનો પ્રયત્ન કરવો, તોડવા કરતાં ફેરવવો ક્યારેક સહેલો પડે છે.

- કોઈ પણ વસ્તુની તીવ્ર ઈચ્છા એ અપાત્રતા બને છે. મોક્ષની તીવ્ર ઈચ્છા આગળ જરૂર વધારે. પરંતુ છેલ્લે એ પણ છોડવાથી જ વીતરાગ બનાય એમ શાસ્ત્રકારો કહે છે, માટે નિઃસ્પૃહ રીતે, નિરાશંસભાવે, મૈત્રીભાવ-પ્રેમભાવ કેળવવાનો પ્રયત્ન કરવો.

- સરોવરમાં પડતી પ્રત્યેક કાંકરી સરોવરને ડહોળી નાંખે છે, તેમ કોઈના પણ જીવનમાં કરાતો હસ્તક્ષેપ ખળભળાટ મચાવી શકે છે. સામી વ્યક્તિની માંગણી વગર હસ્તક્ષેપ કરવો એક રીતે અદત્તાદાન છે, આક્રમણ છે. નિઃસ્પૃહતાથી તાકાત આવે છે. વૈરાગ્યથી અને આત્મ-રમણતાથી આત્મા અને આત્માના ઉપકારી તત્વ સિવાયના તમામ પદાર્થોથી મારે કાંઈ લેવાદેવા નથી આ ભાવ તે વૈરાગ્ય, મારા ઘરમાં જ મારે રમવું છે બહાર જવું નથી તે છે આત્મ-સ્મરણતા, અપેક્ષાએ જોવા જાવ તો તાત્વિક મૈત્રીભાવ એ વૈરાગ્ય + વિશુદ્ધ પ્રેમનું મિશ્રણ છે. સહુ જીવો મારા છે - આ છે પ્રેમભાવ, સહુ જીવો સ્વતંત્ર છે, બિનજરૂરી હસ્તક્ષેપ શું કામ કરવો ? આ છે વૈરાગ્ય

- સદ્‌નિમિત્તોના અભાવમાં મન રખડ્યા કરે, દુર્ભાવો પેદા કર્યા કરે તે બને, પરંતુ સ્વાધ્યાય, સાત્વિકતા અને સંતકૃપા તમામ દોષો અને દુર્ભાવોને મટાવી દેવા સમર્થ છે.

- પૂ. અમાનદેવસૂરીશ્વરજી મ.સા. આચાર્યપદ લેતા આજીવન વિગઈત્યાગ અને ભક્તોના ઘરની ગોચરીના ત્યાગની પ્રતિજ્ઞા લીધી.

## (સંબંધ)

- વેલને ચડવા વાડ જોઈએ, વાડ ન મળે તો કાંઈ નહીં, પરંતુ વાડ કાપી ન નખાય. તેમ ભવિષ્યમાં ક્યારેય પણ કોઈની પણ જરૂર પડે. સંબંધ ક્યારેય ન બગાડાય.

- **સંબંધ ત્રણ પ્રકારના છે : (૧) વાસનાકેન્દ્રિત સંબંધ :**

જેની સાથેના સંબંધમાં વાસના એટલે કે કામવૃત્તિ અથવા સ્વાર્થવૃત્તિ કેન્દ્રમાં હોય તે. સ્ત્રીને જીવન જીવવા સતત આધારની જરૂર પડતી હોય

છે. તેથી પોતાની સલામતી, સગવડ, શોખ અને શારીરિક જરૂરિયાતોને પૂર્ણ કરવા જે સંબંધ બંધાય તે વાસના કેન્દ્રિત. માત્ર સ્વાર્થ પ્રધાન આ સંબંધ હોવાથી તેમાં સંઘર્ષો અને સંકલેશોના જન્મની સંભાવના છે.

(૨) **વ્યવહાર કેન્દ્રિત સંબંધ :** સંસારના વ્યવહારોને કેન્દ્રમાં રાખીને નિભાવાતો સંબંધ. વાસનાની મુખ્યતા ન હોય પરંતુ સતત મન વ્યવહારોને મુખ્યતા આપી વિચારતું હોય, સતત અન્ય સાથેના સંબંધો સાચવવાની ચિંતા હોય અને તેમાં ખામી આવે એટલે કષાયો ઉત્તેજિત થાય. આમ સંસારનું જપોષણ થયા કરે. પરસ્પરના વ્યવહારમાં અપેક્ષાનું ગણિત આમાં ચાલતું હોય છે. પોતાના નબળા પુણ્યના કારણે અપેક્ષિત પ્રતિભાવ ન મળે ત્યારે મન દુઃખી દુઃખી થઈ જાય.

(૩) **વિકાસકેન્દ્રિત સંબંધ :** સંબંધના કેન્દ્રમાં જાતનું ઉત્થાન કેન્દ્રમાં હોય. વિકાસ અનેક સ્તરે હોય છે. ભૌતિક, બૌદ્ધિક, શારિરીક. પરંતુ એક વિચાર એ આવે કે વિકાસ કહેવો કોને ? વિકાસની વ્યાખ્યા શું ? **જેનાથી સુખની પ્રાપ્તિ થાય, શાંતિ સુદઢ થાય અને સદ્‌ગુણોની વૃદ્ધિ થાય તે વિકાસ.** સુખની પ્રાપ્તિ કહી છે, સામગ્રીની નહીં, શાંતિને સુદઢ કરવાનું કહ્યું છે.—મનોરંજનને નહીં. સદ્‌ગુણોમાં તો ગેરસમજણ થવાની સંભાવના ઓછી છે. છતાં આત્મકલ્યાણમાં સહાયક બને તેવા સદ્‌ગુણોની વૃદ્ધિ કહી છે અન્ય નહીં, ઘરાક સાથે રખાતી ક્ષમા, બળવાન પાસે રખાતી નમ્રતા, આઈ.ટી. ઑફિસર પાસે રખાતી ઉદારતા એ ગુણ સ્વરૂપ નથી, દોષ સ્વરૂપ છે તે પણ સાવધાનીપૂર્વક ઓળખી લેવું. સુખ શાંતિ-સદ્‌ગુણ કોની સાથેના સંબંધથી મળે ? **પુણ્યની વૃદ્ધિથી શાતાનું સુખ, સત્વની વૃદ્ધિથી સમાધિનું સુખ મળે. કષાયના હ્રાસ અને વિષયાભિલાષની નિવૃત્તિથી શાંતિ મળે, મોહનીયકર્મના ક્ષયોપક્ષમ અને દેવ-ગુરુ કૃપાથી સદ્‌ગુણ મળે.** તો આ બધું કોની સાથેના સંબંધથી મળે ? તે વિચારવું અને તે સંબંધોને મુખ્યતા આપી જીવન ઘડતર કરવું. જીવન અણમોલ રતન જેવું મળ્યું છે, ત્યારે સંસારના ઉકરડામાં રગદોળાઈ ન જવાય અને હારી ન જવાય તેનું ખાસ ધ્યાન રાખવું.

## (કૃતજ્ઞતા)

- અજ્ઞાનનો નાશ કરે, સાચો માર્ગ બતાવે તે ગુરુ. પરમાત્મા પરમગુરુ છે, સાધુ-સાધ્વી એ સદ્ગુરુ છે. કોઈ પણ ઉપકારીને હેરાન કરવાનો વિચાર પણ ન કરાય. તેમની વર્તણૂંક તરફ નહીં, ઉપકાર તરફ નજર રાખવાની છે.

## (અહંકાર)

- બીજાની ઉપેક્ષા-તિરસ્કાર કરાવે, ખુદની ભૂલને દબાવી ધર્મને જ દેખાડે અને ઉપકારીઓની અવગણના કરાવે તે અહંકાર છે. સારું મળ્યું છે તે વિચારણા અનુમોદનારૂપે હોય તો ખુમારી કહેવાય, જાતની વડાઈ અને અન્યની હલકાઈરૂપે હોય તો અભિમાન કહેવાય.

## (સંકલ્પ – મૈત્રીભાવ)

- કોઈપણ સાધનામાં સંકલ્પ નીચે મુજબ કરી શકાય.

મારા દ્વારા થયેલ... ના પ્રભાવે મારા આત્માની સર્વ પ્રકારે ઉન્નતિ થાઓ. દેવ-ગુરુની નીકટતા તેમજ કૃપા પ્રાપ્ત થાઓ. સર્વ દોષો નાશ પામો, તેમજ સર્વ ગુણો પ્રગટ થાઓ. નિર્મળ સમ્યગ્દર્શન, વિવેકયુક્ત જ્ઞાન અને જિનાજ્ઞાપૂર્વકનું ચારિત્ર સંપ્રાપ્ત થાઓ. સહુ સુખી થાઓ, સહુ ધર્મી બનો, સહુ મોક્ષે જાઓ.

## (સંવેદના)

- હે ત્રિભુવન શિરતાજ, તરણતારણ જહાજ, કરૂણાસાગર, દીનબંધુ દેવાધિદેવ !!
- આપના ચરણોમાં મારી અનંતાનંત વંદના, ચાહે રણ હો યા સમુદ્ર, બાળક 'મા'ના ભરોસે નિશ્ચિંત અને નિર્ભય બની મુસાફરી કરી શકે છે. તેમ તમારા સહારે મેં પણ મારા જીવનની નાવને સંસાર સાગરમાંથી પાર કરાવવા કમર કસી છે. મારે તરવું છે, ઉપર ઉઠવું છે, મુક્ત, બુદ્ધ અને સિદ્ધ બનવું છે. પરંતુ 'કર્મો' કરેલા મુજને નડે છે.' નથી કાયાની

અનુકૂળતા, નથી મનની સ્વાધીનતા.. કાયાને ક્યારેક રોગ નડે છે, ક્યારેક ઉપદ્રવ... ક્યારેક થાક તો ક્યારેક અશક્તિ... મારી કાયાને સાધક કાયા બનાવી દો પ્રભુ ! થાક્યા વિના કલાકો સુધી સ્વાધ્યાય, વૈયાવચ્ચ, ભક્તિ, જાપ, ધ્યાન, કાયોત્સર્ગ કરી શકું અને લખલૂટ કર્મનિર્જરા કરી શકું એવી શક્તિનું વરદાન મને આપો.

- મારા મનને કહ્યાગરો સેવક બનાવી દો. ક્યારેક ભય, ક્યારેક ચિંતા, ક્યારેક કષાય તો ક્યારેક વાસના, ક્યારેક રાજીપો તો ક્યારેક નારાજગી... હિંચકાના હોલાની જેમ અહીંથી તહીં ફેંકાતા મનને સ્થિર કરી આપો અને આત્મકલ્યાણને અનુરૂપ ઉત્તમ અધ્યવસાયોમાં જ રમતું રહે એવું કહ્યાગરું બનાવી આપો...

- ધનવંતરી વૈદ્ય સમા પ્રભુ ! મારા તમામ ભાવરોગોની દવા તમારા હાથમાં છે અને તે તમારે કરવી જ પડશે.... કારણ કે 'અબ સોંપ દિયા ઈસ જીવન કો, ભગવાન તુમ્હારે ચરણોમેં...'

- મારું જીવન, મારું હૃદય, મારો શ્વાસ અને મારા પ્રાણ તમે જ છો. બાપે જેટલું સહન કર્યું, તેટલું સંતાનને સહન કરવું પડે તો બાપનું વાત્સલ્ય ક્યાં રહ્યું ? તમે સાધના માટે અનંત કષ્ટ વેઠ્યા, તે મારે પણ વેઠવા પડે તો તમારી કરુણાની તાકાત શું ? મને જલ્દીમાં જલ્દી નિરોગી, નિર્મલ અને નિર્ભય બનાવી દો તો જ તમારી સાચી પ્રભુતા. પ્રભુ ! આટલું કરશો ને...

- 'આજ મારા પ્રભુજી સામું જુઓને, રૂઠડાં બાલ મનાવો મારા સાંઈ રે.'

  હે અનંતાનંત તીર્થંકર ભગવંતો !!

- મારા પર અનંત કરુણા વરસાવો અને મારામાં પુન્ય, પ્રજ્ઞા, પાત્રતા, પરિણતિ અને પ્રભુભક્તિનો વૈભવ પ્રગટાવો.

- હે પંચ પરમેષ્ઠિઓ !! આપના માર્ગ પર ચાલવાની મને શક્તિ આપો. હે ચોવીસ પરમાત્માના અધિષ્ઠાયક યક્ષ-યક્ષિણીઓ !! મારી રક્ષા કરો.

- હે ! તપાગચ્છના અધિષ્ઠાયક સંરક્ષક માણિભદ્ર યક્ષરાજ !!

◆ મને ધર્મજીવન સફળ રીતે જીવવામાં સહાય કરો. હે માતા પદ્માવતી દેવી !! આપની છત્રછાયા સદા મારે માથે રહો. હે માતા સરસ્વતી દેવી !! ઉત્કૃષ્ટ વિદ્યાશક્તિનું વરદાન મને મળો. આ વિશ્વની તમામ શુભ શક્તિઓ મને સહાય કરો.

## (સમાધિ)

◆ દરેકની દૃષ્ટિ જુદી હોય છે. તમે તમારી દૃષ્ટિએ સાચા હોવ એમ સામેની વ્યક્તિ પણ એની દૃષ્ટિએ સાચી હોઈ શકે. પણ એક સત્ય ધ્યાનમાં રાખવું કે, 'પુણ્યનો ઉદય થાય નહીં ત્યાં સુધી કોઈને સુખી કરી શકાતા નથી.' પાપકર્મનો ઉદય જીવ પાસે એવા અવળા પગલાં જ ભરાવે કે જેથી દુ:ખની માત્રા વધતી જાય. તે વખતે સાચી વાતનો - સાચા રસ્તાનો આગ્રહ પણ જીવને દુ:ખી કરાવે, સંકલેશ કરાવે. કારણ કે પાપકર્મનો ઉદય જીવને સાચો રસ્તો ગમવા દેતો જ નથી. તેથી અતિ મોટા નુકશાનના વિષય સિવાય મૌન ધારણ કરવું, આપણે આપણા તરફથી પ્રેમનું દાન કરતા રહેવું, આપણી પાસે દિલ ખાલી કરવાની કે સલાહ લેવાની બારી ખુલ્લી રહે તેવું કરવું.

◆ દરેક જીવની સમજણ જુદી જુદી હોય છે. અવસ્થાભેદે સમજણભેદ રહે. તેને આપણે સ્વીકારીને ચાલવું જોઈએ. આપણા વિચારો કરતા જુદા વિચારોને સ્વીકારવા તે મોટી સહિષ્ણુતા અને ક્ષમા છે. તમારું Thinking સાચુ ભલે હોય પણ એ વ્યવહારુતાના ઘરનું છે. માટે એક પરમસત્ય ધ્યાનમાં રાખવું કે દરેક કાળ-ક્ષેત્ર-સમાજ-વ્યવસ્થા (wise) પ્રમાણે વ્યવહાર બદલાય છે. તેથી વ્યવહારુ સત્ય બદલાયા કરે છે પણ વાસ્તવીક સત્ય એક જ હોય છે. જ્યાં સુધી વાસ્તવિક સત્યને પકડી ન શકો ત્યાં સુધી સંક્લેશ અને સંઘર્ષ રહેવાના જ. સામી વ્યક્તિના મતે તેમનો વ્યવહાર સાચો છે. કારણકે તેમની પાસે પણ વ્યવહાર સત્ય છે. અને કાળના ભેદે વ્યવહારુ સત્ય બદલાવાનું. વ્યવહારુ સત્ય મન પર આધારિત હોય છે અને મન પરિવર્તનશીલ, કર્મપરાધીન છે તેથી સત્યમાં પણ પરિવર્તન અથવા તો સારા-નરસાપણું આવવાનું. માટે વિચાર સત્ય કે વ્યવહાર સત્યને વજૂદ ન આપવું. વાસ્તવિક સત્ય એ જ છે કે 'સવ્વે

જીવા કમ્મવસ' – બધા જ જીવો કર્માધીન છે. ગુણ-દોષ, સ્વભાવ-વિભાવની ભૂમિકા દરેકમાં રહેવાની. આપણે પ્રયત્નના અધિકારી છીએ. પરિણામ તો જે હોય તેને સમતાભાવે સ્વીકારી લેવાનું.

## (આસક્તિ)

◆ સંસારમાં જીવવું અને સંસારના બનીને જીવવું બે વચ્ચે આસમાન જમીનનું અંતર છે. કાદવમાં કમળ પણ ઉગે છે અને કીડો પણ જન્મે છે. પરંતુ કમળ કાદવમાં ઉગીને તેના પરથી ઉપર ઊઠે છે અને તેથી જ વિશ્વમાન્ય બને છે.

◆ **કમળ - સંસારમાં જીવવું, કીડો - સંસારના બનીને જીવવું.** જ્યારે કીડો કાદવમાં જન્મી, રમી છેવટે કાદવમાં જ મરે છે. સંપત્તિ દ્વારા જીવન એક જુદી વાત છે. સંપત્તિ માટે જીવન એ જુદી ઘટના છે. આ લાલબત્તી ધરવાનું મન એટલા માટે થયું છે કે સંપત્તિ અને સંસાર પાછળની દોડ લગભગ આત્માને ભૂલાવી દે છે અને એકવાર આત્મા ભૂલાઈ જાય પછી અનંતકાળ દુર્ગતિ સિવાય બીજું કશું હાથમાં આવતું નથી.

◆ જીવનની (સંસારની પણ) તમામ પ્રવૃત્તિઓમાં જો આત્મા, મોત અને પરલોક યાદ રહે તો પાપભય, સાવધાની અને જાગૃતિ ઊભા રહે અને સાધકના પ્રારંભિક આ જ ગુણો છે. સાંસારિક જીવન ભલે પાપથી ખરડાયેલું હોય છતાં પાપભય તો જોઈએ જ. મદારી સાપને રમાડીને જીવન જીવે. છતાં સાવધાની રાખે જ, રિંગમાસ્ટર વાઘને રમાડીને જીવન જીવે છતાં સાવધાની રાખે જ, લોખંડની ભટ્ઠીવાળો આગ સાથે જીવન જીવે છતાં પણ સાવધાની રાખે જ. ક્ષણની પણ ગફલત અને જીવતરથી હાથ ધોઈ નાંખવા પડે છે તેમ પાપવૃત્તિઓથી જ સાંસારિક જીવન ચાલવાનું છે તે વાત સાચી છે, પરંતુ પાપ કરવામાં એટલા તો ખૂંપી ન જવાય કે જેથી સદ્ગતિથી, આત્મકલ્યાણથી, દેવ-ગુરુ-ધર્મથી હાથ ધોઈ નાખવા પડે. આ સાવધાની એટલા માટે બતાવી છે કે સંપત્તિનો ચસકો ચડતા હજારો યુવાનોને આરાધના છોડી દેતા, સત્વહીન બની જતા અને અધર્માધર્મ માર્ગો લેવા જતા બેહાલ થઈ જાત નજરોનજર જોયા છે. આ

રસ બહુ જ ખતરનાક છે. ક્રોધી ચંડકોશિયો તરે, અહંકારી ઈન્દ્રભૂતિ ગૌતમ તરે, કામી કુમારનંદી કરે, મિથ્યાત્વી હરિભદ્ર-શયભવ આદિ બ્રાહ્મણો તરે પણ લોભી મમ્મણને ભગવાન પણ ન તારી શક્યા. આ જ બતાવે છે કે લોભ (સંપત્તિ કમાવવાની તીવ્ર ઈચ્છા) અતિખતરનાક છે.

- દશવૈકાલિક સૂત્રમાં લોભને સર્વગુણનો વિનાશક કહ્યો છે. સંપત્તિ કમાવવામાં કોઈ સ્વાર્થ કે લોભ ન હોય પણ હકીકત એ છે કે કોઈ પણ બારી-બારણા દ્વારા ઘૂસતી પૈસા કમાવવાની ઈચ્છા અન્ય તમામ ઈચ્છાઓના રસને ઢાંકી દે છે. દશવૈકાલિકની પંક્તિનો એક અર્થ એવો પણ લઈ શકાય કે લોભ સર્વ શુભભાવોનો નાશક છે. સર્વ શુભ ઈચ્છાઓનો પણ નાશક છે. ભવિષ્યમાં આરાધનાની તમામ પ્રવૃત્તિઓ અને ઈચ્છાઓ સંપત્તિ કમાવાની ઈચ્છા સામે જોખમમાં આવી જતી હોય છે.
- કોઈ નીચે હોય અને નીચે રહી જાય, ઉપર ચડવાનું સામર્થ્ય હોય અને થોડું ઉપર ચડી અટકી જાય એ ય સમજ્યા, પરંતુ ટોચ પર પહોંચવાનું સામર્થ્ય હોય અને પછી અટકી જાય કે નીચે ઊતરી જવાય એ તો કેમ ચાલે ? આવું ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું. આ એકમાત્ર તક એવી છે કે જીવનને ઊજાળી પણ શકે છે અને ઉજાડી પણ શકે છે. બધું જ પોતાના હાથમાં છે. દરેક વ્યક્તિ પોતાના જીવનની સમ્રાટ-સત્તાધારી હોય છે. બનાવવું કે બગાડવું એ પોતાના હાથમાં છે. માટે સંસારની જવાબદારીઓ નિભાવવા જતા સંસાર લાંબો વધી ન જાય. ઘોર દુર્ગતિઓના કર્મબંધ ન થઈ જાય. અનંતા આત્માઓને વૈરી ન બનાવી દેવાય અને અંદરની જાગૃતિ અને સાવધાની ખોવાઈ ન જાય એટલી કાળજી રાખવી.

## (જનરલ)

- કોઈ પણ પ્રસંગના સામાન્ય અને વિશેષ એમ બે ભેદ પાડવા જોઈએ. સામાન્ય કારણે હાથ લાંબો ન કરવો. પણ સેંકડો જીવોના અસ્તિત્વનો, સમાધિનો પ્રશ્ન હોય તો પ્રેરણા કરીને લોકોનો કરુણાભાવ જાગૃત કરવામાં કોઈ વાંધો ન હોવો જોઈએ.
- આપણું પુણ્ય નબળું હોય, સામી વ્યક્તિના હૃદયમાં આપણું ઊંચું સ્થાન

ન હોય, સામી વ્યક્તિની પાત્રતા એટલી ઊંચી ન હોય તો આપણી વાત ન સ્વીકારાય... એટલે તેવા સમયે મનમાં ઊંચી ભાવનાઓ હોવા છતાં અન્યને પ્રતિબોધ કરવાની વાત ગૌણ કરી દેવી જોઈએ. પરકલ્યાણ પુણ્ય હોય તો જ કરવાનું. **નહીં તો** સ્વકલ્યાણ સાધી લેવાનું.

- પરસ્પર સરળ-નિખાલસ હૃદય, વિશ્વાસ, થોડું ઘણું જતું કરવાની વૃત્તિ ફોગટ પાપોમાંથી બચવાની સાવધાની અને ચિત્તપ્રસન્નતા કેળવતા રહેશો તો જીવન જીવવા જેવું લાગશે અને નવી શક્તિ સ્ફૂર્તિ આવશે. અંતરમાંથી જ સાચું માર્ગદર્શન મળશે. બીજા પર નિર્ભર રહેવાને બદલે અંતર પર ભરોસો રાખતા શીખવું. તેમાંથી ઘણા-ઘણા પ્રશ્નોના જવાબ મળે છે અને મન હળવું બને છે.
- સ્ત્રી પતિ સારો હોય તો પિત્તળ સ્વભાવના સાસુ-સસરા આદિને સહન કરી જ લે છે, તેમ ગુરુ સાથે ફાવતું હોય તો બાકીનાને સહન કરવાની તૈયારી રાખવી જ પડે.

# ગુરૂવંદના



પ.પૂ.સિદ્ધાંતમહોદધિ
આચાર્યદેવ શ્રીમદ્
વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા.



પ.પૂ.સકલસંઘહિતચિંતક
આચાર્યદેવ શ્રીમદ્
વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.



પ.પૂ.સિદ્ધાંતદિવાકર
આચાર્યદેવ શ્રીમદ્
વિજયજયઘોષસૂરીશ્વરજી મ.સા.

પડવાથી બચાવે તેનું નામ પત્ર...
સમજણથી, સમાધિથી કે સદ્‌ગુણથી
પડતા અટકાવવા પ્રેમ, પ્રેરણા અને
પ્રજ્ઞાની વર્ષા વરસાવે છે પત્ર...
સાધનામાર્ગનું, દુ:ખના દિવસોનું,
જીવતરના લાંબા પટનું ભાથુ
બને છે પત્ર...
કોઇ આપણને ચાહે છે,
રક્ષે છે અને વિકસાવે છે
તેનો દસ્તાવેજ બને છે પત્ર...
ભાષા અને ભાવનાના
માધ્યમથી ભગવાનની
કરૂણાનો પ્રતિનિધિ
બને છે પત્ર...
દેવ-ગુરૂ અને ધર્મની
વાસ્તવિક શક્તિનો
અનુભવ કરાવે છે પત્ર...
આવો, આવા પત્રોના વૈભવથી,
પ્રેમ અને પ્રેરણાના વૈભવથી
આપણી જાતને
સમૃદ્ધ બનાવીએ...